તે પાછો કયારે આવે છે? When does he come back. (ઉવ્હેન ડઝ હી કમ બૅક)

મારે તેને મળવું છે I wish to see him. (આઇ ઉવીશ ટુ સી હીમ)

તે હમણાજ બાહેર ગયો છે He has gone out just now. (હી હૅઝ ગૉન આઉટ જસ્ટ નાઉ)

તમે કયાંથી આવ્યા છો? Where have you come from? (ઉવ્હેર હૅવ યુ કમ ફ્રોમ?)

કલેકટરની ઓફીસમાંથી From the Collector's office. (ફ્રોમ ધી કલેકટર્સ ઑફીસ)

હવે મને તમારૂં નામ આપો Now give me your name. (નાઉ ગીવ મી યૉર નેઇમ)

આ કાર્ડ તેને આપજો Give this card to him. (ગીવ ધીસ કાર્ડ ટુ હીમ)

તમે ત્યાં ગયા હતા કે? Did you go there? (ડીડ યુ ગો ધેર?)

તમે ત્યાં જશો કે? Will you go there? (ઉવીલ યુ ગો ધેર?)
હું કાલે જઇશ I will go to-morrow. (આઇ ઉવીલ ગો ટુમૉરો)
સહવારે વહેલા આવજો Come early in the morning. (કમ અર્લી ઇન ધી મૉર્નીંગ)
ત્યાં નક્કી ફરીથી આવજો Come there again positively. (કમ ધેર અગેઇન પૉઝિટીવલી)
ત્યાં જવાને ચુકતા નહિ Do not fail to go there. (ડુ નોટ ફેઇલ ટુ ગો ધેર)
હું ખચીત આવીશ I will come positively. (આઇ ઉવીલ કમ પૉઝિટીવલી)
હું જઇશ નહિ I shall not go. (આઇ શૅલ નૉટ ગો)
તમે કેમ જતા નથી? Why don't you go? (વાઇ ડોન્ટ યુ ગો?)
તમારી મરજી હોય તો તમે જાઓ You may go if you like. (યુ મે ગો ઇફ યુ લાઇક)
મારો આજે જવાનો વિચાર નથી I do not intend to go to-day. (આઈ ડુ નોટ ઇનટૅન્ડ ટુ ગો ટુડે)
મને એક ગાડી જોઇએ છે I want one carriage. (આઇ ઉવૉન્ટ વન કૅરેજ)
તે હું તમારે સારૂ લઇ આવું? May I get it for you? (મે આઇ ગૅટ ઇટ ફૉર યુ?)
આજે તેને મારે ઘેર મોકલજો Send him to my house to-day. (સૅન્ડ હીમ ટુ માય હાઉસ ટુડે)

તેને કહેજો કે મારે તમને મળવું છે Tell him that I wish to see you. (ટેલ હીમ ધૅટ આઇ ઉવીસ ટુ સી યુ)

હું જરૂર તેને કહીશ I will speak to him positively. (આઇ ઉવીલ સ્પીક ટુ હીમ પૉઝીટીવલી)

તમારૂં ઘર સ્વચ્છ રાખો Keep your house clean. (કીપ યૉર હાઉસ ક્લીન)

વાંચન પાઠ ૨૮ મો.

છાપરૂ Roof (રૂફ)

લાવવું Bring (બ્રિંગ)

બાંધવું [ઘર] Build (બિલ્ડ)

બળવું Burn (બર્ન)

કામમાં Busy (બીઝી)

માખણ Butter (બટર)

ખરીદવું Buy (બાય)

છોકરૂં Child (ચાઇલ્ડ)

જાગ્યો Awoke (અવૉક)

દૂર Away (અવે)

ઘંટ Bell (બેલ)

સાફ-ચોખ્ખું Clear (ક્લીયર)

હુંશીઆર Clever (ક્લેવર)

ઉપર ચઢવું Climb (ક્લાઇમ્બ)

બંધ કરવું Shut (શટ)

મોટું Big (બીગ)

પગાર Salary (સૅલેરી)

તપખીરીઓ Brown (બ્રાઉન)

આસપાસ Around (એરાઉન્ડ)

હથિયાર Arms (આર્મ્સ)

ઉંગતો Asleep (એસ્લીપ)

ખાધું Ate (એટ)

કાકી,મામી,માશી Aunt (આન્ટ)

પસંદ કરવું Choose (ચૂઝ)

પંજો Claw, paw (ક્લૉ, પૉ)

ચોખ્ખું, સ્વચ્છ Clean (ક્લીન)

તાબે હોવું Belong (બિલૉંગ)

નીચે Below બિલો)

પાસે Beside (બીસાઇડ)

સૌથી સારૂં Best (બેસ્ટ)

વધારે સારૂં Better (બેટર)

વાદળું Cloud (ક્લાઉડ)

ચાંચ Bill (બિલ)	પેટે ચાલી આવેલું Crept (ક્રેપ્ટ)
કરડવું Bite (બાઈટ)	ઘાતકી Cruel (ક્રુઅલ)
કાળું Black (બ્લેક)	રોવું Cry (ક્રાય)
ચળકતું Bright (બ્રાઇટ)	પડદો Curtain (કર્ટન)
પહેરવેશ Dress (ડ્રેસ)	નીચે Down (ડાઉન)
સુકાયેલું Dried (ડ્રાઇડ)	ખેંચવું–તાણવું Drag (ડ્રેગ)
પીવું Drink (ડ્રીન્ક)	ખેંચવું Draw (ડ્રૉ)
હાંકવું Drive (ડ્રાઇવ).	ભયંકર Terrible (ટેરીબલ)
સ્વપ્નુ આવવું Dream (ડ્રીમ)	ઉંડું Deep (ડીપ)
ઉંદર Rat (રૅટ)	મીલ્કત Property (પ્રૉપર્ટી)
અક્ષર Hand-writing (હૅન્ડ રાઇટીંગ)	પાછી મળી Recovered (રીકવર્ડ)
ખિલાડીનું બચ્ચું Kit (કિટ)	લખાણ Writing (રાઇટીંગ)

મારી પાસે છે I have. (આઇ હેવ) તેઓની પાસે છે They have. (ધે હેવ)
તેની પાસે છે He has. (હી હૅઝ)
અમારી પાસે છે We have (વી હેવ) તમારી પાસે છે You have (યુ હેવ)

તમે શું પગાર લાવો છો What salary do you draw. (વ્હોટ સેલેરી ડુ યુ ડ્રૉ)
તે ચળકતા પક્ષીને છોકરા પાસે લાવો Bring the bright brid before the child. (બ્રીંગ ધ બ્રાઇટ બર્ડ બીફોર ધી ચાઇલ્ડ)
આ ભૂરૂં પક્ષી મારે તાબે છે This brown bird belongs 'to me. (ધીસ બ્રાઉન બર્ડ બિલૉન્ગ્સ ટુ મી)

તમારે તમારૂં ઘર સ્વચ્છ રાખવું You must keep your house clean. (યુ મસ્ટ કીપ યૉર હાઉસ ક્લીન.)

આ પાણી ચોખ્ખું છે This water is clear. (ધીસ વૉટર ઇઝ ક્લીયર)

તે હુંશીયાર માણસ છાપરાપર ચઢી શકે છે. That clever man can climb the roof. (ધેટ ક્લેવર મેન કૅન ક્લાઇમ્બ ધી રૂફ)

પડદો જલદી ઉઘાડો Draw the curtain soon. (ડ્રો ધી કર્ટન સુન)

મને ભયંકર સ્વપ્નું આવ્યું I had a terrible dream. (આઇ હૅડ એ ટેરીબલ ડ્રીમ)

છોકરાઓ હવે તમે ઘેર જાઓ Boys, you may go home now. (બૉયઝ, યુ મે ગો હોમ નાઉ)

તે છોકરા પાસે એક કોથળી છે That boy has one bag. (ધેટ બૉય હૅઝ વન બૅગ)

અને તે કોથળીમાં ચાર રૂપીઆ છે And in that bag has four rupees. (ઍન્ડ ઇન્ ધૅટ બૅગ હૅઝ ફોર રૂપીઝ)

શું તે બીલાડી નથી ? ના. Is it not a cat ? no. (ઇઝ ઇટ નૉટ આ કૅટ ? નો)

શું તે ઉંદર છે ? હા. Is it a rat ? yes. (ઇઝ ઇટ આ રૅટ ? યસ)

શું તે બિલાડીનું બચ્ચું છે ? Is it a kit ? (ઇઝ ઇટ આ કિટ ?)

હા, તે મારૂં બિલાડીનું બચ્ચું છે Yes, it is my kit. (યસ, ઇટ ઇઝ માય કિટ)

મીલ્કત પાછી મળી ? Is the property recovered ? (ઇઝ ધ પ્રૉપર્ટી રીકવર્ડ)

આ ચીઠ્ઠી લાવનાર સાથે કીંમત મોકલી આપજો Send the price by the bearer of this note. (સેન્ડ ધ પ્રાઇસ બાય ધી બેરર ઑફ ધીસ નોટ)

ચાલો મોડું થયું છે Go on, it is late. (ગો ઑન, ઇટ ઇઝ લેઇટ)

તમે જવાના છો? Do you want to go? (ડુ યુ વૉન્ટ ટુ ગો?)

મારા વહાલા ભાઈ, તું બીછાનામાં જજે My dear brother, you can go in the bed. (માય ડીયર બ્રધર, યુ કેન્ ગો ઇન્ ધી બેડ)

ભાઇ, દિલગીર થા નહિ Do not be sad, brother. (ડુ નૉટ બી સૅડ, બ્રધર)

તમારૂં લખાણ ઘણું સારૂં છે Your writing is very good. (યૉર રાઇટીંગ ઇઝ વેરી ગુડ)

તમારા અક્ષર ઘણા સારા નથી Your hand-writing is not very good. (યોર હેન્ડ રાઇટીંગ ઇઝ નોટ વેરી ગુડ)

વાંચન પાઠ ૨૯ મો.

મરી ગયો Died (ડાઇડ)

પાસે છે Has (હૅઝ)

તમને કેમ છે? How do you do (હાઉ ડુ યુ ડુ)

ગમ્મત Fun (ફન્)

માથું Head (હેડ)

લાકડી Stick (સ્ટીક).

અરે હાય ! Alas (અલાસ)

પેહેરી છે Has put on (હૅઝપુટઑન)

સંતાઈ ગયું Hid (હિડ)

નળી Pipe (પાઇપ)

નામ છે Lalee (લાલી)

ગાડીવાન Driver (ડ્રાઇવર)

પાસે છે have (હૅવ)

આસુડ Whip (વ્હીપ)
રીંછ Bear (બૅર)
ટેકરી Hill (હિલ)
મરજી, ભવિષ્યકાળની નિશાની Will (ઉવીલ)
ઘાંચી Miller (મીલર)
ઉતાવળો Fast (ફાસ્ટ)
બહુ સારૂં Well (ઉવેલ)

સાથે With (ઉવીથ)
અણિ Tip (ટીપ)
નાનો ઝરો Rill (રિલ)
ઘાણી, ઘંટી, મિલ Mill (મિલ)
પહેરી Put on (પુટ ઑન)
પાસે થઈને Past (પાસ્ટ)
પહોંચવું Get, Reach (ગેટ, રીચ)

અરે હાય ! મારો કુતરો મરી ગયો Alas! my dog died. ઍલાસ ! માય ડૅાગ ડાઇડ)

તેણે ટોપી પેહેરી છે, અને તેની પાસે ભૂંગળી પણ છે He has put on a cap, and he has a pipe too. (હી હૅઝ પુટ ઑાન આ કૅપ ઍન્ડ હી હૅઝ આ પાઇપ ટુ)

શું તેને આ ગમ્મત ભરેલું જોવાનું નથી? Is this not a fun for him to see? (ઇઝ ધીસ નૉટ એ ફન ફોર હીમ ટુ સી?)

તે લાલી છે, તમે તેને નથી ઓળખતા? She is Lalee, do you not know her? (શી ઇઝ લાલી, ડુ યુ નૅાટ નો હર?)

બિલાડીનાં બચ્ચાંના માથા ઉપર લાકડી મુકો Put a stick on the kit's head. (પુટ આ સ્ટીક ઑન ધી કિટ્સ હેડ)

મારાથી મુકી શકાશે નહિ, તે સંતાઇ ગઈ છે I can not put it, she is hidden. (આઇ કૅન નૅાટ પુટ ઇટ, શી ઇઝ હિડન)

આ લાકડી તેને મારશો નહિ Don't beat him with this stick. (ડોન્ટ બીટ હીમ વીથ ધીસ સ્ટીક)

તે મારૂં વહાલું બિલાડીનું બચ્ચું છે It is my pet kit. (ઇટ ઇઝ માય પેટ કિટ)

હું બેશી શકીશ અને તેની સાથે વાત કરી શકીશ I can sit and talk with her. (આઇ કેન સિટ ઍન્ડ ટૉક વીથ હર)

મારા ગાડીવાન સારૂ એક ચાબક લાવો Get a whip for my driver. (ગેટ આ વ્હીપ ફૉર માય ડ્રાઇવર)

જુઓ, તેણે તે પકડ્યો છે See, she has caught it. (સી, શી હૅઝ કૉટ ઇટ)

તમારી પાસે કેટલા રૂપીયા છે ? How many Rupees have you ? (હાઉ મૅનિ રૂપીઝ હેવ યુ ?)

તે ટેકરી ઉપર ચડો Go up the hill. (ગો અપ ધી હીલ)

તેણે મારી ટોપી પહેરી છે He has put on my hat. (હી હેઝ પુટ ઓન માય હેટ)

મેં ગમ્મત ખાતર તે પહેરી I put it on for fun. (આઈ પુટ ઇટ ઓન ફોર ફન)

હું તેની ટોપી મેળવીશ I shall get his cap. (આઇ શૅલ ગૅટ હીઝ કેપ)

ઘાણી પાસેથી, ટેકરી ઉપર ચડજો By the mill climb up the hill. (બાય ધી મીલ, કલાઇમ્બ અપ ધી હિલ)

હું એવો ઉતાવળો દોડ્યો છું કે તે મને પહોંચી શક્યો નહિ I ran so fast that he could not reach me. (આઇ રેન સો ફ્રાસ્ટ ધેટ હી કુડ નોટ રીચ મી)

હું તેને બ્હાર કાઢીશ I shall get her out. (આઈ શૅલ ગૅટ હર આઉટ)

તે અંદર પડી અને મરી ગઇ She fell in and died. (શી ફેલ ઇન એન્ડ ડાઇડ)

Gender (જેન્ડર) જાતિ વિષે.

ગુજરાતીમાં જેમ નર, નારી, તથા નાન્યતર મુખ્ય ત્રણ જાતિ છે તેમ ઈંગ્રેજીમાં પણ ત્રણ જાતિ છે. Masculine (મેસ્ક્યુલાઇન) નરજાતિ Feminine (ફેમીનાઇન) નારીજાતિ તથા Neuter નાન્યતરજાતિ.

નિયમ—અંગ્રેજીમાં જાતિ ફક્ત પ્રાણીને જ લાગે છે એટલે પ્રાણીમાં જે નર હોય તેની નરજાતિ અને જે નારી હોય તેની નારીજાતિ બાકી નીરજીવ પદાર્થ સઘળાંની નાન્યતર જાતિ ગણાય છે. જેમકે:—

નરજાતિ Masculine gender (મેસ્કયુલાઇન જેન્ડર) ના દાખલા Man (મેન) માણસ, King (કીંગ) રાજા, Horse (હોર્સ) ઘોડો વીગેરે.

નારીજાતિ Feminine gender (ફેમીનાઇન જેન્ડર) ના દાખલા જેમકે, Woman (વુમન) બાયડી, Queen (ક્વીન) રાણી, Mare (મેર) ઘોડી વીગેરે.

નાન્યતરજાતિ Neuter gender (ન્યુટર જેન્ડર) ના દાખલા જેમકે, Bunglow (બંગલો) બંગલો, Mansion (મેન્સન) હવેલી, House (હાઉસ) ઘર વીગેરે.

ઉપર જે નાન્યતર જાતિના દાખલા આપ્યા તેની ગુજરાતી ભાષા તરિકે જાતિ જોતાં 'બંગલો' નરજાતિ છે, 'હવેલી' નારીજાતિ

છે અને 'ઘર' નાન્યતર જાતિ છે, પણ અંગ્રેજીમાં એ ત્રણેને નિર્જીવ (જીવ વગરના) ગણવામાં આવ્યા છે. તેથી એ ત્રણેની જાતિ અંગ્રેજીમાં નાન્યતર છે.

ગુજરાતીમાં નરજાતિના નામને 'ઇ' લગાડવાથી નારીજાતિનાં નામ ઘણું કરીને થાય છે પણ અંગ્રેજીમાં જે નામ નરજાતિમાં હોય અને તેની નારીજાતિ કરવી હોય તો ત્રણ રીતે થાય છે.

એક તો તદ્દન શબ્દ બદલી નાંખવાથી જેમકઃ—

નરજાતિ.	નારીજાતિ.
કાકો Uncle (અન્કલ)	કાકી Aunt (આન્ટ)
ભત્રીજો Nephew (નેવ્યુ)	ભત્રીજી Niece (નીસ)
રાજા King (કીંગ)	રાણી Queen (ક્વીન)
ઘોડો Horse (હોર્સ)	ઘોડી Mare (મેર)
પીતા Father (ફાધર)	માતા Mother (મધર)
કુતરો Dog (ડૉગ)	કુતરી Bitch (બીચ)
ભાઇ Brother (બ્રધર)	બેન Sister (સીસ્ટર)
કુકડો Cock [કૉક]	મુરઘી hen (હેન)
ઉમરાવ Lord (લૉર્ડ)	શેઠાણી Lady (લેડી)
ડુક્કર Bear (બેર)	ડુક્કરી Sow (સો)
ધણી Husband (હસબન્ડ)	ધણીયાણી Wife (વાઇફ)
કુંવારો Bachelor (બેચેલર)	કુંવારિકા Maiden (મેઇડન)
હંસ Gander (ગેન્ડર)	હંસણી Goose (ગુઝ)
છોકરો [પોતાનો] Son (સન)	છોડી (પોતાની) Daughter (ડૉટર)

બીજું નરજાતિના નામને " ess " લગાડવાથી

નરજાતિ.	નારીજાતિ.
ગ્રંથકર્તા Author (ઓથર)	ગ્રંથકારિણી Authoress (ઓથરેસ)
શહેનશાહ Emperor (એમ્પરર)	શહેનશાહબાનું Empress (એમ્પ્રેસ)
વારસ Heir (એર)	વારસ (સ્ત્રી) Heiress (એરેસ)
શિકારી Hunter (હન્ટર)	શિકારી (સ્ત્રી) Huntress (હન્ટ્રેસ)
છોકરો Lad (લેડ)	છોકરી Lass (લેસ)
કવિ Poet (પોએટ)	કવિ [સ્ત્રી] Poetess (પોએટેસ)
નટ Actor (એક્ટર)	નટી Actress (એક્ટ્રેસ)
વાઘ Tiger (ટાઇગર)	વાઘણ Tigress (ટાઇગ્રેસ)
શિક્ષક Tutor (ટ્યુટર)	શિક્ષીકા [સ્ત્રી] Tutoress (ટ્યુટરેસ)
રાક્ષસ Giant (જાયન્ટ)	રાક્ષસણી Giantess (જાયન્ટેસ)
સિંહ Lion (લાયન)	સિંહણ Lioness (લાયનેસ)
સીદી Negro (નિગ્રો)	સીદણ Negress (નિગ્રેસ)

ત્રીજું નરજાતિના નામને સ્ત્રીના શબ્દ લગાડવાથી

નરજાતિ.	નારીજાતિ.
બકરો He-goat (હી ગોટ)	બકરી She-goat (શીગોટ)
ચકલો Cock-sparrow (કોક સ્પેરો)	ચકલી Hen-sparrow (હેન સ્પેરો)
મોર Pea-cock (પી-કોક)	ઢેલ Pea-hen (પી-હેન)
ચાકર Manservant (મેન સર્વન્ટ)	ચાકરડી Maid-servant (મેઇડ-સર્વન્ટ)

અંગ્રેજીમાં નર, નારી અને નાન્યતર ઉપરાંત સામાન્ય જાતિ Common gender (કોમન જેન્ડર) છે. તે ઓળખવાની રીત એવી છે કે, જે નામ નર તથા નારીજાતિ બંનેને લાગુ પડે તે સામાન્ય જાતિમાં ગણાય છે.

માતા પીતા Parent (પેરન્ટ)
સગુ (સ્ત્રી અથવા પુરૂષ) Relation (રીલેશન)
મિત્ર ,, ,, Friend (ફ્રેન્ડ)
દુશ્મન ,, ,, Enemy (એનીમી)
બાળક (નાની છોડી અથવા છોકરૂં) Child (ચાઇલ્ડ)
ચાકર (સ્ત્રી અથવા પુરૂષ) Servant (સર્વન્ટ)
શિષ્ય (છોકરો અથવા છોડી) Pupil (પ્યુપીલ)
ઉપરનાં સઘળાં નામ સામાન્ય જાતિમાં ગણાય છે.

વાંચન પાઠ ૩૦ મો.

મેરી Mary (રાણીનું નામ છે.)
ચાલ Conduct (કોન્ડક્ટ)
પરણવાને To marry (ટુ મેરિ)
કજીઓ કરવો Quarrel (ક્વોરલ)
જોઇએ Should (શુડ)
દરરોજ Every-day (એવરી-ડે)
દયાળુ Kind (કાઇન્ડ)
મરી ગએલો Dead (ડેડ)
ગાડી Carriage (કેરેજ)
રચી છે Has composed (હેઝ કમ્પોઝડ)
ખાઇને Eating (ઇટીંગ)
કહેવાય છે.Is called (ઇઝ કોલ્ડ)
સુખેથી Happily (હેપીલી)
માટે Therefore (ધેરફોર)
ગુજરાન ચલાવે છે Maintain (મેનટેઇન)
જ્યોર્જ George જ્યોર્જ હિંદુસ્તાનના શહેનશાહનું નામ છે.

જેનો Whose (હુઝ) હિંદુસ્તાન India (ઈંડીયા)
પીવું Drink (ડ્રીંક)

તે કુંવારો પુરૂષ પરણવાને ઇચ્છે છે That bachelor wishes to marry (ધેટ બેચેલર વીશીશ ટુ મેરિ)

ભાઇઓએ પોતાની બેનો ઉપર દયાળુ થવું જોઇએ Brothers should be kind to their sisters. (બ્રધર્સ શુડ બી કાઇન્ડ ટુ ધેર સીસ્ટર્સ)

તે મુરઘો તથા મુરઘી તમે જોયા? Did you see the cock and the hen ? (ડીડ યુ સી ધી કૉક ઍન્ડ ધી હૅન ?)

તે ગૃહસ્થ માણસ તથા તેની સ્ત્રી સુરત ગયાં That gentleman and his lady went ot Surat. (ધેટ જૅન્ટલ મેન ઍન્ડ હીઝ લેડી વૅન્ટ ટુ સુરત)

તે ઘોડો તથા ઘોડી ઘાસ ખાઇને પાણી પીએ છે That horse and that mare drink water, afcer eating grass. (ધેટ હૉર્સ એન્ડ ધેટ મૅર ડ્રીંક વૉટર આફ્ટર ઇટીંગ ગ્રાસ)

તે રાજા તથા રાણી બેઉ ગાડીમાં બેઠા છે That King and that Queen both has sat in the carriage. (ધેટ કીંગ એન્ડ ધેટ ક્વીન બોથ હેઝ સૅટ ઇન ધી કેરેજ)

તે ધણી ધણીઆણી સુખેથી પોતાનું ગુજરાન ચલાવે છે. That husband and wife maintain themselves happily. (ધેટ હસબન્ડ એન્ડ વાઇફ મેનટેઇન ધેમ-સેલ્વઝ હેપીલી)

મારો કાકો તથા કાકી રોજ કજીઆ કરે છે My uncle and my

aunt quarrel every-day. (માય અન્કલ એન્ડ માય આન્ટ કવોરલ એવરી ડે)

રાંડેલો પુરૂષ કુંવારો કહેવાય નહિ A widower can not be called a bachelor. (એ વીડોઅર કેન નોટ બી કોલ્ડ આ બેચલર)

જે સ્રીનો ધણી મરી ગયો તે રાંડેલી કહેવાય છે The woman whose husband is dead, is called a widow. (ધી વુમન હુઝ હસબન્ડ ઈઝ ડેડ, ઇઝ કોલ્ડ આ વીડો)

મારા પીતાએ એક ચોપડી રચી છે માટે તે ગ્રંથકર્ત્તા કહેવાય છે My father has composed a book, therefore he is called an author. (માય ફાધર હેઝ કમ્પોઝડ આ બુક, ધેરફોર હી ઇઝ કોલ્ડ એન ઓથર)

જ્યોર્જ હિંદુસ્તાનના શહેનશાહ છે George is the Emperor of India. (જ્યોર્જ ઇઝ ધી એમ્પરર ઓફ ઇન્ડીઆ)

અને હિંદુસ્તાનના શહેનશાહબાનુનું નામ મેરી છે. And the name of the Empress of India is Mary. (એન્ડ ધી નેઇમ ઓફ ધી એમ્પ્રેસ ઓફ ઇન્ડીઆ ઇઝ મેરી.

તેણે પોતાની છોડીને શીખવવાને સ્રી શિક્ષક રાખી છે He has kept a tutoress to teach his daughter. (હી હેઝ કેપ્ટ આ ટયુટરેસ ટુ ટીચ હીઝ ડૅાટર)

આ બકરો છે કે બકરી ? Is this a he-goat or a she-goat ? (ઇઝ ધીસ આ હી ગોટ ઓર આ શી ગોટ)

મારા ઘરમાં બે ચાકર અને એક ચાકરડી છે There are two

men servants and one maid servant in my house. (ધેર આર ટુ મેન સર્વન્ટસ એન્ડ વન મેઈડ સર્વન્ટ ઇન માય હાઉસ)

મારો ભત્રીજો તથા ભત્રીજી બેઉ ખરાબ ચાલનાં છે Both my nephew and niece are of bad Conduct. (બોથ માય નેવ્યુ એન્ડ નીસ આર ઓફ બૅડ કૉન્ડકટ)

Adjectives (એડજેકટીવ્ઝ) વિશેષણ વિષે.

નામનો ગુણ બતાવવાને વાસ્તે જે શબ્દ વપરાય છે તેને વિશેષણ કહે છે. જેમકે રાતો ઘોડો Red horse. (રેડ હોર્સ) આમાં 'ઘોડા'નો ગુણ બતાવનાર શબ્દ 'રાતો' છે માટે 'રાતો' વિશેષણ કહેવાય.

વિશેષણ ચાર જાતનાં છે. (૧) ગુણવાચક વિશેષણ Adjective of quality (એડજેકટીવ ઓફ કવોલીટી) જેમકે, કાળી છત્રી Black umbrella (બ્લેક અમ્બ્રેલા) આમાં 'કાળી' શબ્દ છત્રીનો ગુણ બતાવે છે માટે તે ગુણવાચક વિશેષણ કહેવાય છે.

(૨) સંખ્યાવાચક વિશેષણ Numeral Adjective (ન્યુમરલ એડજેકટીવ) જેમકે, એક માણસ One man. (વન મેન), બે ચોપડીઓ Two books. (ટુ બુકસ) આમાં 'એક' અને 'બે' એ શબ્દ સંખ્યા બતાવે છે માટે તે સંખ્યાવાચક વિશેષણ કહેવાય છે.

(૩) જથાવાચક વિશેષણ. Adjective of quantity (એડજેકટીવ ઓફ કવૉન્ટીટી) જેમકે, ઘણું પાણી Much water. (મચ વૉટર), થોડું દુધ Little milk. (લીટલ મીલ્ક) આમાં

'ઘણું' તથા 'થોડું' શબ્દ જથો બતાવે છે માટે તે જથાવાચક વિશેષણ કહેવાય છે.

(૪) દર્શક વિશેષણ Demonstrative Adjective (ડીમોન્સ્ટ્રેટીવ એડજેક્ટીવ) જેમકે આ ગાય This cow. (ધીસ કાઉ) પેલો બળદ That ox. (ધેટ ઑક્સ) આમાં 'આ' અને 'તે' જે ગાય તથા બળદ વિષે વાત થઈ હોય તે બતાવી આપે છે માટે તે દર્શક શિષણ કહેવાય છે.

વાંચન પાઠ ૩૧ મો.

ચાકર Servant (સર્વન્ટ)
કેરીઓ Mangoes (મૅન્ગોઝ)
મહીનો Month (મન્થ)
ગયે વરસે Last year (લાસ્ટ ઈયર)
ઉચો Tall (ટૉલ)
ગાડી Carriage (કૅરેજ)
એકદમ At once (એટ વન્સ)
ઉદાસ Sad (સૅડ)
ગૃહસ્થ Gentleman (જેન્ટલમેન)
પ્રમાણિક Just, honest (જસ્ટ ઑનેસ્ટ)
ભરુસો રાખવો Trust (ટ્રસ્ટ)
આદમી Fellow (ફેલો)
કોણ, જે Who (હુ)
પાક Crop (ક્રોપ)
તાર Telegram (ટેલીગ્રામ)
માગવું જોઇએ Want (વૉન્ટ)
એટલામાં In the meantime (ઈન ધ મીનટાઇમ)
ત્રણ Three (થ્રી)
વધારે દુર Farther (ફારધર)
કયો What (વ્હૉટ)
કામ કરવું, કામ Work (વર્ક)
આવૃત્તિ Edition (એડીશન)
ચોખ્ખું, સાદુ Plain (પ્લેઇન)
ધીમે ધીમે By and by (બાય એન્ડ બાય)
નીચ Mean (મિન)

તમે તે ચાકરનો વિશ્વાસ કરો છો? Do you trust that servant? (ડુ યુ ટ્રસ્ટ ધૅટ સર્વન્ટ)

કેરી ગયે વર્ષે ઘણી પાકી હતી Last year there was a good crop of mangoes. (લાસ્ટ ઇઅર ધૅર વૉઝ એ ગુડ ક્રૉપ ઑફ મૅંગોઝ)

તમે મને તાર કરશો ? Will you send me a telegram? (વીલ યુ સૅન્ડ મી એ ટેલીગ્રામ)

હવે તમે ક્યારે જવા માગો છો ? When do you want to go now? (વ્હૅન ડુ યુ વૉન્ટ ટુ ગો નાઉ ?)

તે માણસ ત્રણ માણસ જેટલો ઉચો હતો That man was as tall as three men. (ધૅટ મેન વૉઝ એઝ ટૉલ ઍઝ થ્રી મેન)

એટલામાં ગાડી વધારે દૂર દેખાઇ In the meantime the carriage appeared a little farther. (ઇન ધ મીનટાઇમ ધ કૅરેજ ઍપીયર્ડ એ લીટલ ફારધર)

તે તમને એકદમ મારી નાંખશે He will kill you at once. (હી વીલ કીલ યુ એટ વન્સ)

આ કયો મહીનો છે ? What month is this? (વૉટ મન્થ ઇઝ ધીસ ?)

તેનું ઇંગ્રેજી સાદુ છે His English is plain. (હીઝ ઈંગ્લીશ ઇઝ પ્લેઇન)

બધા સાથે પ્રમાણિક થજો, પણ ભરૂસો રાખતા નહિ Be just to all, but do not trust all. (બી જસ્ટ ટુ ઑલ, બટ ડુ નૉટ ટ્રસ્ટ ઑલ)

તમે કોણ છો ? Who are you ? (હુ આર યુ ?)

તે એક નીચ માણસ છે He is a mean fellow. (હી ઇઝ એ મીન ફૅલો)
તમે અહીંયાં શા વાસ્તે આવ્યા છો? Why have you come here? (વ્હાય હેવ યુ કમ હિઅર?)
તે ગૃહસ્થ તમને બોલાવે છે That Gentleman calls you. (ધેટ જેન્ટલમેન કોલ્સ યુ)

વાંચન પાઠ ૩૨ મો.

ભેંસો Buffaloes (બફેલોઝ)
સંખ્યા Number (નંબર)
ડોળ કરવો Pretend (પ્રીટેન્ડ)
ગણવું Regard (રિગાર્ડ)
પેસવું Enter (એન્ટર)
રાત Night (નાઇટ)
ચોકઠું Set (સેટ)
દુકાનદાર Shop keeper (શૉપ-કીપર)
રોટલો Loaf (લોફ)
ઉંદરો Mice (માઇસ)
ત્રાજવાં Scales (સ્કેલ્સ)
ન્યુસપેપર, ચોપાનીઉ News-paper (ન્યુસપેપર)
ઇટાલી નામનો દેશ Italy (ઇટલી)
મરણ Death (ડેથ)
વાછરડું Calf (કાફ)
કેટલીક Some, several (સમ, સેવરલ)
મુકયો Put (પુટ)
ઘર House (હાઉસ)
પ્રયત્ન કરવો Try (ટ્રાય)
ઇચ્છવું Wish (ઉવીશ)
રમવું Play (પ્લે)
ચોર Thief (થીફ)
જ્વાળામુખી પહાડો Volcanoe (વોલ્કેનોઝ)
માસિક Magazine (મૅગૅઝીન
કિંમત બેસવી Cost (કૉસ્ટ)
માઠા Sad (સૅડ)
પાંદડાં Leaves (લીવ્ઝ)
મોટી Large (લાર્જ)

મજુર Labourer (લેબરર)
ખુન કરનાર Murderer (મર્ડરર)
વજન કરવું Weigh (વે)
સીધી Negroe (નીગ્રો)
સુંદર Fair (ફૅર)
કુટુંબ Family (ફેમિલિ)
ખેડુત Farmer (ફાર્મર)
બનાવેલું Formed (ફૉર્મ્ડ)
માલુમ પડયું Found (ફાઉન્ડ)
તાજું Fresh (ફ્રેશ)
ઉતાવળ Haste (હેસ્ટ)
ભુખ્યો Hungry (હંગ્રી)
ઇજા કરી Hurt (હર્ટ)
આળસુપણે Idly (આઇડલી)
ખરેખર Indeed (ઇનડીડ)
ઉડયું Flew (ફ્લ્યુ)
ખુશી Glad (ગ્લેડ)
શુક્રવાર Friday (ફ્રાયડે)
માંથી, પાસેથી From (ફ્રોમ)
ઓરડો Hall (હૉલ)
કઠણ Hard (હાર્ડ)
સોનાનું,સોનેરી Golden (ગોલ્ડન)
ગંભીર, કબર Grave (ગ્રેવ)
વ્હાણનું સુકાન Helm (હેલ્મ)

ફરિયાદ કરવી Complain (કમ્પ્લેઇન)
ઉચું High (હાઇ)
ચહેરો Face (ફેઇસ)
નિમકહલાલ Faithful (ફેઇથફુલ
ખેતર Farm (ફાર્મ)
ફારમ Form (ફોર્મ)
આગળ. Forward (ફૉર્વર્ડ)
છુટું, સ્વતંત્ર Free (ફ્રી)
આફ્રિકા Africa (આફ્રીકા)
ઉતાવળો Hasty (હેસ્ટી)
શિકાર કરવો Hunt (હન્ટ)
બરફ Ice (આઇસ)
માંદું Ill (ઇલ)
અંદરની બાજુ Inside (ઇનસાઇડ)
ફુલ Flower (ફ્લાઉવર)
કાચ Glass (ગ્લાસ)
મિત્ર Friend (ફ્રેન્ડ)
ભરેલું Full (ફુલ)
હાથ Hand (હેન્ડ)
ભાગ્યે Hardly (હાર્ડલી)
ઘાસ Grass (ગ્રાસ).
મદદ કરી Helped (હેલ્પ્ડ)
અહિંયાં Here (હીયર)

તેણીની મેળે Herself (હરસેલ્ફ) છુપાવવું Hide (હાઇડ)

તેણે કેટલીક ગાયો તથા ભેંસો જોઇ He saw some cows and buffaloes. (હી સૉ સમ કાઉઝ એન્ડ બફેલોઝ)

તેઓ આપણને મ્લેચ્છ તરીકે ગણવાનો ડોળ ઘાલે છે They pretend to regard us as heathens. (ધે પ્રિટેન્ડ ટુ રિગાર્ડ અસ ઍસ હીધન્સ)

તમને બટાટા પસંદ છે કે ? Do you like potatoes ? (ડુ યુ લાઇક પૅટેટોઝ ?)

તે ગાયને બે વાછરડાં છે That cow has two calves. (ધેટ કાઉ હૅઝ ટુ કાવ્ઝ)

મેં પાંદડાં ઉપર રોટલો મૂક્યો I put the loaf on the leaves. (આઇ પુટ ધી લોફ ઑન ધી લીવ્ઝ)

તેના ઘરમાં રાત્રે બે ચોર પેઠા Two thieves entered his house at night, (ટુ થીવ્ઝ એન્ટર્ડ હિઝ હાઉસ એટ નાઇટ)

અમારા ઘરમાં બહુ ઉંદર છે There are many mice in our house. (ધેર આર મેની માઇસ ઇન અવર હાઉસ)

હું ફ્રેમનું નવું ચોકઠું લેવા ઇચ્છુ છું I wish to have a new set of frame. (આઇ વીશ ટુ હેવ એ ન્યુ સેટ ઓફ ફ્રેઇમ)

દુકાનદારને ચાર લુગડાં લાવવાનું કહેજો Tell the shop-keeper to bring four, clothes. (ટેલ ધી શૉપ-કીપર ટુ બ્રીંગ ફોર કલૉથ્સ)

મારાં કપડાં લાવો, મારે બહાર જવું છે Bring my clothes,

I wish to go out. (પ્લીઝ માય ક્લોથ્સ, આઇ વીશ ટુ ગો આઉટ)

તે મારો મામો છે He is my uncle. (હી ઇઝ માય અન્કલ)

તે છાપું ૨ આને મળી શકે છે પણ તે માસિકના ૬ આના બેસે છે That newspaper can be had for two annas but that magazine costs six annas. (ધેટ ન્યુસપેપર કૅન બી હેડ ફોર ટુ આનાસ બટ ધેટ મૅગેઝીન કૉટસ સિક્સ આનાસ)

હિન્દુસ્તાનમાં ઘણા જ્વાળામુખી પ્હાડો છે There are many volcanoes in India. (ધેર આર મૅની વૉલ્કેનોઝ ઇન ઇન્ડીઆ)

કેશવલાલ એના મરણના માઠા સમાચાર લાવ્યો છે Keshavlal has brought the sed tidings of his death. (કેશવલાલ હૅઝ બ્રૉટ ધી સૅડ ટાઇડીંગ્સ ઓફ હીઝ ડેથ)

હિન્દુસ્તાનમાં મજુરોનો પગાર વધારે નથી The wages of labourers in india are not large. (ધી વેજીસ ઓફ લેબરર્સ ઇન ઇન્ડીઆ આર નૉટ લાર્જ)

ખુન કરનારાઓને આંદામાન જવું પડે છે. Murderers are send to Andaman. (મરડરર્સ આર સેન્ટ ટુ આંદામાન)

મેં તે ચીજોને તાજવામાં મુકીને તોળી I weighed the things after putting them into the scales. (આઇ વેઇડ ધી થીંગ્સ આફ્ટર પુટીંગ ધેમ ઇન્ટુ ધી સ્કેઇલ્સ)

તે એક ભયંકર દેખાવ હતો It was a terrible spectacle. (ઇટ વૉઝ આ ટેરીબલ સ્પેક્ટેકલ)

આફ્રીકામાં સીંધીઓની એક મોટી સંખ્યા છે There is a great number of Negroes in Africa. (ધેર ઇઝ એ ગ્રેટ નંબર ઓફ નિગ્રોઝ ઇન આફ્રીકા)

વાંચન પાઠ ૩૩ મો.

ગરજ સારવી Serve for (સર્વ ફોર)
મોઢું ચઢાવે છે, Makes a long face (મેઇક્સ આ લૉંગ ફેઇસ)
જાણી જોઇને Purposely (પરપઝલી)
સ્વભાવ, મિજાજ Temper (ટેમ્પર)
કાળજી Care (કેર)
તરફ Part (પાર્ટ)
પુરૂ પાડવું Supply (સપ્લાય)
ની જરૂર છે Wants (વૉન્ટસ)
યાદ આપી Put in mind (પુટ ઇન માઇન્ડ)
ઓછી Weak (ઉવીક)
જડવું Find, see (ફાઇન્ડ સી)
આખો દહાડો The whole day (ધી હોલ ડે)
ઠીક Suit (સ્યુટ)
સાંજ Evening (ઇવનીંગ)
દિલગીર Sorry (સૉરી)
હાજરી Attendance (એટેનડન્સ)
વિના Without (ઉવિધાઉટ)
શક્યું Could (કુડ)
જુસ્સો Spirits (સ્પીરીટસ)
નરમ પડી જાય છે Sinks (સીંક્સ)
ધીરજ Patience (પેશન્સ)
મોટો Great (ગ્રેટ)
બક્ષીસ Gift (ગીફ્ટ)
એકમત One mind, unanimous (વન માઇન્ડ, યુનાનીમસ)
ખરા મનથી With all heart (ઉવીથ ઓલ હાર્ટ)
યાદદાસ્ત Memory (મેમરી)
મરજી પ્રમાણે Pleasure (પ્લેઝર)
વહેલા Early (અર્લી

સહુથી સારૂં Best (બેસ્ટ) ફુરસદ Leisure (લીઝર)
કામ નથી Disengaged (ડીસએનગેજડ) ગેરહાજરી Absence (એબ્સન્સ) જોઇએ Required (રીક્વાયર્ડ)
આ મને બક્ષીસ તરિકે આપો Give me this as a gift. (ગીવ મી ધીસ ઍઝ આ ગીફ્ટ)
તે કેમ બનીજ શકે ? How could it be ? (હાઉ કુડ ઇટ બી ?)
તે મોઢું ચઢાવે છે He makes a long face. (હી મેઇક્સ આ લૉંગ ફેઇસ)
મારી હીંમત નરમ પડી જાય છે My spirits sink. (માય સ્પીરિટસ સીંક)
તે જાણી જોઇને આ કરે છે He does this purposely. (હી ડઝ ધીસ પરપઝલી)
તે તદ્દન અધીરો થઇ ગયો છે He has lost all patience. (હી હૅઝ લૉસ્ટ ઓલ પેશન્સ)
તેણું મીજાજ ખોયો He lost his temper. (હી લૉસ્ટ હીઝ ટેમ્પર)
તે મોટો મુરખ હતો He was a great fool. (હી વૉઝ આ ગ્રેટ ફુલ)
તે મારી દરકાર કરતો નથી, કંઇ ફિકર નહિ He does not care for me, never mind. (હી ડઝ નૉટ કૅર ફૉર મી, નેવર માઇન્ડ)
તમે મારી તરફ થશો ? Will you take my part ? (ઉીલ યુ ટેઇક માય પાર્ટ ?)
હું તમારી તરફથી બોલ્યો I took your part. (આઇ ટુક યૉર પાર્ટ)

તેઓ બધા એક મત હતા They were all unanimous. (ધે વૅર ઓલ યુનાનીમસ)

તે તમે કેવી રીતે જાણ્યું? How did you come to know it? (હાઉ ડીડ યુ કમ ટુ નો ઇટ?)

હું તમારી ખોટ પુરી પાડીશ I will supply your wants. (આઈ ઉવીલ સપ્લાય યૉર વૉન્ટસ)

તે હું મારાં ખરા અંતઃકરણથી કરીશ I will do it with all my heart. (આઈ ઉવીલ ડુ ઈટ ઉવીથ ઓલ માય હાર્ટ)

તમારી યાદદાસ્ત જરા ઓછી છે Your memory is rather weak. (યૉર મૅમરી ઇઝ રાધર ઉવીક)

તમારી મરજી પ્રમાણે કરજો Do as you like. (ડુ એઝ યુ લાઇક)

તે મને ઘેર મળશે? Shall I see him at home? (શૅલ આઇ સી હીમ એટ હોમ?)

તે ઘેર છે કે? Is he at home? (ઇઝ હી એટ હોમ?)

તે ઘેર નથી He is not at home. (હી ઈઝ નૉટ એટ હોમ)

તમારા પીતા કયારે બહાર જાય છે? When does your father go out? (વ્હેન ડઝ યૉર ફાધર ગો આઉટ?)

તે સવારે વહેલા બહાર જાય છે He goes out early in the morning. (હી ગોઝ આઉટ અર્લી ઈન ધી મૉર્નીંગ)

આખો દહાડો હું બહાર હતો I was out all day long. (આઇ ઉવૉઝ આઉટ ઓલ ડે લોંગ)

હું વહેલો ઘેર આવીશ I will come home early, (આઇ ઉવીલ કમ હોમ અર્લી)

તમને કયો વખત ઠીક પડશે ? Which time will suit you best. (ઉવીચ ટાઇમ ઉવીલ સુટ યુ બેસ્ટ ?)

સાંજે મારે કામ નથી I am free in the evening. (આઇ એમ ફ્રી ઇન ધી ઇવિનીંગ)

આજે મને ફુરસદ મલશે I shall be at leisure to-day. (આઇ શૅલ બી એટ લીઝર ટુ ડે)

હું તમારી ગેરહાજરીથી ઉદાસ છું I am sorry for your absence. (આઇ એમ સૅારી ફ઼ૅાર યૅાર એબસન્સ)

તમારી હાજરીની જરૂર છે Your attendance is required. (યૅાર ઍટૅનડન્સ ઇઝ રીકવાયર્ડ)

તેઓને તેના વગર ચાલતું નથી They could not do without him. (ધે કુડ નૅાટ ડુ ઉવીધાઉટ હીમ)

જો મને વખત મળશે તો હું ત્યાં જઇશ I will go there if I get time. (આઇ ઉવીલ ગો ધેર ઇફ આઇ ગેટ ટાઇમ)

વાંચન પાઠ ૩૪ મો.

રેહવું Remain (રીમેઇન)	ઉપડવું Start (સ્ટાર્ટ)
કલાક Hour (અવર	કરેલું Done (ડન)
અજમાયેશ કરી Tried (ટ્રાઇડ)	ફતેહ પામ્યો Succeeded (સકસીડેડ)
ભુલી ગયો Forgot (ફરગૅાટ)	
ભુલ કરેલી Mistaken (મીસ્ટેકન)	કામ Work (ઉવર્ક)
કોઇ Any one (એની વન)	શુક્રવાર Friday (ફ્રાઇડે)
તૈયાર Ready (રેડી)	નીકળવું Set out (સૅટ આઉટ)

સમજવું Understand (અનડર સ્ટેન્ડ)	તમારી ઉપર Upon you (અપોન યુ)
સારી પેઠે Well (ઉવેલ)	મના કરવું Forbid (ફરબીડ)
ભરૂસો રાખવો Rely, trust (રીલાય,ટ્રસ્ટ)	શક, વહેમ Doubt (ડાઉટ)
	આધાર રાખવો Depend (ડીપેન્ડ)

મારી ત્યાં રહેવાની મરજી છે I wish to remain there. (આઈ ઉવીશ ટુ રીમેઈન ધેર)

નહિ, તમે જરૂર એકદમ ઉપડી જજો No. you must start at once. (નો, યુ મસ્ટ સ્ટાર્ટ ઍટ વન્સ)

તમે એકદમ ઉપડી જવા માગો છો? Do you want to start at once? (ડુ યુ ઉવૅાન્ટ ટુ સ્ટાર્ટ ઍટ વન્સ)

હું એકદમ જવા માગું છું I wish to go at once. (આઇ ઉવીશ ટુ ગો ઍટ વન્સ)

હું ત્રણ કલાકમાં પાછો આવીશ I shall return in three hours. (આઇ શૅલ રીટર્ન ઇન થ્રી અવર્સ)

તમે મને બોલાવા મોકલ્યો છે? Have you sent for me? (હૅવ યુ સૅન્ટ ફૉર મી?)

તે તમે પોતે કરો Do it yourself. (ડુ ઇટ યૉરસૅલ્ફ)

તમે શું કીધું છે? What have you done? (ઉવૅાટ હૅવ યુ ડન?)

મેં કાંઇ કીધું નથી I have done nothing. (આઇ હૅવ ડન નથીંગ)

હવે મારે શું કરવું? What am I to do now? (ઉવોટ એમ આઇ ટુ ડુ નાઉ?)

તમારે કામ કરવું જોઇએ You must work. (યુ મસ્ટ વર્ક)

તમે ત્યાં જવાને યત્ન કરશો ? Will you try to go there ? (ઉવીલ યુ ટ્રાય ટુ ગો ધેર ?)

હું તેમાં ફતેહ પામ્યો I succeeded in it. (આઇ સકસીડેડ ઇન ઇટ)

તમે તે કરવાનું ભુલી ગયા You forgot to do it. (યુ ફરગૉટ ટુ ડુ ઇટ)

તેઓ મારા વિષે બોલે છે They speak of me. (ધે સ્પીક ઓફ મી)

તમારી ભુલ થઇ છે You are mistaken (યુ આર મીસ્ટેકન)

હું કામ ઉપર જાઉં છું I go on work. (આઇ ગો ઑન ઉવર્ક)

અહીંયાં કોઇ છે કે ? Is there any one here ? (ઇઝ ધેર એની વન હીઅર ?)

કોઈ નથી There is no one. (ધેર ઇઝ નો વન)

તે આવતા શુક્રવારે જશે He will go next Friday. (હી ઉવીલ ગો નેક્સ્ટ ફ્રાઇડે)

તમે બાહેર કયારે જશો? When will you go out? (ઉવ્હેન ઉવીલ યુ ગો આઉટ ?)

હું થોડીવારમાં જઇશ I will go soon. (આઇ ઉવીલ ગો સુન)

મારો ત્યાં જવાનો ઇરાદો છે. I intend to go there. (આઇ ઇનટેન્ડ ટુ ગો ધેર)

હું બહાર નીકળવાને તૈયાર છું, તમારે કેમ છે ? I am ready to set out, what about you ? (આઇ એમ રેડી ટુ સૅટ આઉટ, ઉવૉટ એબાઉટ યુ ?)

તેણી તેને જોવા ગઈ She went to see him. (શી ઉવેન્ટ ટુ સી હીમ)

તે હું સારી પેઠે સમજું છું I understand it well. (આઇ અન્ડરસ્ટેન્ડ ઇટ ઉવેલ)

તે તેની ઉપર આધાર રાખે છે He depends upon him. (હી ડીપેન્ડસ અપૉન હીમ)

હું તેના ઉપર ભરૂસો રાખું છું I rely upon him. (આઈ રીલાય અપૉન હીમ)

તમે તેની ઉપર ભરૂસો રાખો You may rely upon him. (યુ મે રીલાય અપૉન હીમ)

હું તમને તે કામ કરવાની મના કરૂં છું I forbid you to do that work. (આઇ ફરબીડ યુ ટુ ડુ ધેટ વર્ક)

તે માણસ ગયો કે? Has that man gone? (હૅઝ ધેટ મૅન ગૉન?)

તે જતો રહ્યો છે He has gone away. (હી હૅઝ ગૉન આવે)

ત્યારે હું તેની પાછળ જઇશ Then I will follow him. (ધેન આઇ ઉવીલ ફૉલો હીમ)

તમને તેમાં વહેમ છે? Do you doubt that? (ડુ યુ ડાઉટ ધેટ?)

મને તેમા શક છે I doubt it. (આઇ ડાઉટ ઇટ)

તમને શાનો વહેમ છે What do you doubt? (ઉવોટ ડુ યુ ડાઉટ?)

તેમાં કાંઈ શક નહિ There is no doubt about it. (ધેર ઇઝ નો ડાઉટ એબાઉટ ઇટ)

તમારૂં બદન ક્યાં છે? Where is your jacket? (વ્હેર ઇઝ યૉર જાકેટ?)

વાંચન પાઠ ૩૫ મો.

જે What (ઉવોટ)	દેખાડવું Show (શો)
ચ્હાવું Love (લવ)	ઉપયોગનું Of use (ઓફ્ યુસ)
ઘોડો Horse (હોર્સ)	લાવ્યા છો Have brought (હેવ બ્રોટ)
પૈસા આપ્યા Paid (પેડ)	એકસો One hundred (વન હન્ડ્રેડ)
ફાયદો થયો Benefited (બેનીફીટેડ)	તપાસે છે Watches (ઉવોચીઝ)
ખરૂં True (ટ્રુ)	કલાકે કલાકે Every hour (એવરી અવર)
નક્કી Sure (શ્યુઅર)	કામ કરે છે Is working (ઇઝ વર્કીંગ)
અંગ્રેજી English (ઇંગ્લિશ)	
વાંધો લેવો Object (ઓબજેક્ટ)	

તમને શું જોઇએ છે ? What do you want ? (વ્હોટ ડુ યુ ઉવોન્ટ ?)

મને તે જોઇએ છે I want it. (આઇ ઉવોન્ટ ઇટ)

મારે તેની જરૂર છે I am in want of it. (આઇ એમ ઇન ઉવોન્ટ ઓફ્ ઇટ)

મને જે જોઇએ છે તે મારી પાસે છે I have what I require. (આઇ હેવ ઉવોટ આઇ રીક્વાયર)

તે તમને કામનું નથી It is of no use to you. (ઇટ ઇઝ ઓફ્ નો યુસ ટુ યુ)

તે તમને શું કામનું છે ? Of what use is that to you ? (ઓફ્ ઉવોટ યુસ ઇઝ ધેટ ટુ યુ ?)

તે મને કામનું નથી It is of no use to me. (ઇટ ઇઝ ઑફ નો યુસ ટુ મી)

તે હું તમને કાલે મોકલીશ I will send it to you to-morrow. (આઇ ઉવીલ સેન્ડ ઇટ ટુ યુ ટુ-મૉરો)

તે હું તમને આજે દેખાડીશ I will show it to you to-day. (આઇ ઉવીલ શો ઇટ ટુ યુ ટુ-ડે)

તેને માટે હું તમારો ઉપકાર માનું છે I thank you for it. (આઇ થૅન્ક યુ ફોર ઇટ)

તમે કોને ચહાવો છો? Whom do you love? (હુમ ડુ યુ લવ?)

હું મારા બાપને ચહાતું છું I like my father. (આઇ લાઇક માય ફાધર)

મારો બાપ તે જાણે છે My father knows that. (માય ફાધર નોઝ-ધેટ)

તમે મારો ઘોડો વાપરો છો કે? Do you use my horse? (ડુ યુ યુઝ માય હોર્સ?)

મારા ઘોડાની સંભાળ લેજો Take care of my horse. (ટેઇક કેર ઓફ માય હોર્સ)

મેં તેને એક સો રૂપીઆ આપ્યા I paid him one hundred rupees. (આઇ પેઇડ હીમ વન હન્ડ્રેડ રૂપિઝ)

તેણે મને કહ્યું તે ખરૂં છે What he told me is true. (ઉવાટ હી ટોલ્ડ મી ઇઝ ટ્રુ)

શું કરવું તે હું જાણુતો નથી I do not know what to do. (આઈ ડુ નોટ નો ઉવોટ ટુ ડુ)

તે વિષે મારી ખાત્રી છે I am sure of it. (આઇ એમ સ્યુઅર ઑફ ઇટ)

મારે તે સારૂ ક્યાં જવું જોઇએ ? Where should I go for it. (ઉવ્હેર શુડ આઇ ગો ફોર ઇટ)

તે શું કામ આવ્યો છે ? Why has he come ? (વ્હાય હેઝ હી કમ ?)

તે તેને મળવા આવ્યો છે He has come to see him. (હી હેઝ કમ ટુ સી હીમ)

તે કામ કરે છે He is working. (હી ઇઝ વર્કીંગ)

મને ફાયદો થાય છે I am benefited. (આઇ એમ બેનીફીટેડ)

તે કલાકે કલાકે તપાસે છે He watches every hour. (હી ઉવાચીઝ એવરિ અવર)

તમે શુ લાવ્યા છો ? What have you brought ? (ઉવાટ હેવ યુ બ્રોટ ?)

હું કંઇ લાવ્યો નથી I have brought nothing. (આઇ હેવ બ્રોટ નથીંગ)

તમે તે સમજ્યા કે ? Did you understand it ? (ડીડ યુ અનડરસ્ટેન્ડ ઇટ ?)

હું તે સમજતો નથી I do not understand it. (આઇ ડુ નોટ અનડરસ્ટેન્ડ ઇટ)

મને સાંભળો Listen to me. (લીસન ટુ મી)

તે અંગ્રેજી સારૂં બોલે છે કે ? Does he speak English well ? (ડઝ હી સ્પીક ઈંગ્લીશ વેલ ?)

તેણે બારણું ઉઘાડું મુક્યું He left the door open. (હી લેફ્ટ ધી ડોર ઓપન)

વાંચન પાઠ ૩૬ મો.

છેતર્યો Cheated (ચીટેડ)
માનવું Believe (બીલીવ)
સાચું Truth (ટ્રુથ)
હસવું Laugh (લાફ) (કાફ્ડ)
સંતોષ થયો Satisfied (સેટીસ-
મશ્કરી કરે છે Is joking. (ઇઝ જોકીંગ)
ખરેખરૂં Earnest (અર્નેસ્ટ)
કરતાં Making (મેકીંગ)
મશ્કરી Fun (ફન)
જાણવું, ઓળખવું Know (નો)
સારી પેઠે Very well (વેરી વેલ)
ગૃહસ્થ Gentleman (જેન્ટલમેન)
વરસો Years (યીઅર્સ)
પૈસાદાર Rich (રીચ)
જાડો Fat (ફેટ)

ઠઠ્ઠો કરે છે Is mocking. (ઇઝ મોકીંગ)
ખાતરી Sure (શ્યોર)
હસ્યા Laughed (લાફ્ડ)
મોંઢાપર In face (ઇન ફેઇસ)
હસે છે Laughs (લાફ્સ)
દરેક Every body (એવરી બોડી)
મશ્કરી Trifle (ટ્રાઇફલ)
મશ્કરી કરે છે Is trifling (ઇઝ ટ્રાઇફ્લીંગ)
નજરથી By sight (બાઇ સાઇટ)
રાજા King (કીંગ)
સુખી happy (હેપી)
ઓળખાણ Acquaintance (એક્વેન્ટન્સ)

કોઇએ તેમને છેતર્યા છે Some one has cheated you. (સમ વન હેઝ ચીટેડ યુ)

તમે તે માનો છો ? Do you believe it ? (ડુ યુ બીલીવ ઇટ ?)

તે માનતા ના Don't believe it. (ડોન્ટ બીલીવ ઇટ)

તેણે જે કહ્યું તે માનતા ના Do not believe what he said. (ડુ નોટ બીલીવ વ્હાટ હી સેઇડ)

હું તે નથી માનતો I do not believe it. (આઇ ડુ નોટ બીલીવ ઇટ)
મેં તે માન્યું નહિ I did not believe it. (આઇ ડીડ નોટ બીલીવ ઇટ)
હું તમારૂં માનું છું I believe you. (આઇ બીલીવ યુ)
તે સાચું છે It is the truth. (ઇટ ઇઝ ધી ટ્રુથ)
મને તેની ખાતરી છે I am sure of it. (આઇ એમ શ્યુઅર ઑફ ઇટ)
તમને તે વિષે ખાતરી છે? Are you sure of it? (આર યુ શ્યુઅર ઑફ ઇટ?)
તમને સંતોષ છે કે નહિ? Are you satisfied or not? (આર યુ સૅટીસફાઇડ ઓર નૉટ?)
તે મશ્કરી કરે છે He is joking. (હી ઇઝ જોકીંગ)
તમે મશ્કરી કરો છો You are joking (યુ આર જોકીંગ)
પરમેશ્વરની ખાતર For God's sake. (ફૉર ગૉડઝ સેક)
મારી મશ્કરી ના કરો Don't trifle with me. (ડોન્ટ ટ્રાઇફલ વીથ મી)
હું તેની સાથે મશ્કરી નથી કરતો I am not trifling with him. (આઇ એમ નૉટ ટ્રાઇફ્લીંગ વીથ હીમ)
હું તેના તરફ હસું છું I laugh at it. (આઇ લાફ ઍટ ઇટ)
તમે તેપર હસો છો? Do you laugh at it? (ડુ યુ લાફ ઍટ ઇટ?)
તેઓ શા પર હસે છે? What do they laugh at? (વૉટ ડુ ધે લાફ ઍટ?)

અમે તેના ગામું હસ્યા We laughed in his face (ઉવી લાફ્ડ ઇન હીઝ ફેઇસ)

તમે અમને હસ્યા કે ? Did you laugh at us? (ડીડ યુ લાફ્ ઍટ અસ?)

અમે તમને નથી હસ્યા We have not laughed at you. (ઉવી હૅવ નૉટ લાફ્ડ ઍટ યુ)

અમે કદી તમને હસતા નથી We never laugh at you. (ઉવી નૅવર લાફ ઍટ યુ)

તે દરેક જણ તરફ હસે છે He laughs at every-body. (ઠી લાફ્સ ઍટ એવરી બૉડી)

હું તમારી મશ્કરી કરતો હતો I was making a fun of you. (આઇ ઉઁાઝ મેકીંગ આ ફન ઑફ યુ)

તમે તે માણસને ઓળખો છો કે? Do you know that man? (ડુ યુ નો ધેટ મૅન?)

હા, હું એને ઓળખું છું Yes I know him. (યસ, આઇ નો હીમ)

તમે તે બાયડીને ઓળખો છો? Do you know that woman? (ડુ યુ નો ધેટ વુમન?)

હું તેને નજરથી ઓળખું છું I know her by sight. (આઇ નો હર બાય સાઇટ)

હું તેને સારી રીતે ઓળખું છું I know him very well. (આઇ નો હીમ વૅરી ઉવૅલ)

તમને તેની સાથે ઓળખાણ છે? Are you acquainted with him? (આર યુ એક્વેનટેડ ઉવીથ હીમ?)

મને તેની સાથે ઓળખાણુ નથી I am not acquainted with him. (આઇ એમ નોટ ઍકવેનટેડ ઉવીથ હીમ)

આ ગૃહસ્થ કોણ છે ? Who is this gentleman ? (હુ ઇઝ ધીસ જેન્ટલમૅન ?)

અમે તમને ઓળખતા નથી We do not know you. (ઉવી ડુ નૉટ નો યુ)

તમે અહિંયાં કોને ઓળખો છો ? Whom do you know here ? (હુમ ડુ યુ નો હીઅર ?)

તમે મીસ્તર એલ. ને ઓળખો છો ? Do you know Mr. L ? (ડુ યુ નો મીસ્ટર એલ ?

હા સાહેબ, હુ તેને ઓળખું છું Yes sir I know him. (યસ સર, આઇ નો હીમ)

ઘણાં વરસ થયાં હુ તેને ઓળખું છું I know him for many years. (આઇ નો હીમ ફોર મેની યીયર્સ)

તે માણસ કેવો પૈસાદાર છે ? How rich is that man ? (હાઉ રીચ ઇઝ ધેટ મેન ?)

તેઓ કેટલા બધા સુખી છે ? How happy they are ? (હાઉ હૅપી ધે આર ?)

તમે એક રાજાની માફક રહો છો You live like a king. (યુ લીવ લાઇક આ કીંગ)

આ બાયડી બહુજ જાડી છે This woman is very fat. (ધીસ વુમન ઇઝ વૅરી ફૅટ)

તે છોડી ડાહી છે That girl is wise. (ધેટ ગર્લ ઇઝ ઉવાઇઝ)

વાંચન પાઠ ૩૭ મો.

નક્કી Positively (પોઝીટીવલી)	રજા આપવી Permit (પરમીટ)
ઉતાવળ Haste (હેસ્ટ)	અઠવાડીઉં Week (ઉવીક)
ત્યાં Thither (ધીધર)	આવી પહોંચવું Arrive (અરાઇવ)
અગત્ય, જરૂર Need (નીડ)	કારણ કે Because (બીકોઝ)
મદદ Help (હેલ્પ)	મારૂં Mine (માઇન)
મીત્ર Friend (ફ્રેન્ડ)	બીજુ Else (એલ્સ)
મુકવું Put (પુટ)	હંમેશાં Always (આલઉવેઝ)
ના પાડવું Refuse (રીફ્યુઝ)	વધારે સારૂં Better (બેટર)
ખુશીથી Willingly (વીલીંગલી)	ગરીબ Poor (પુઅર)
વકીલ Solicitor (સોલીસીટર)	કુળ, વકીલનું ઘરાક Client (ક્લાયન્ટ)
હાજર Present (પ્રેઝન્ટ)	
દંડ થવો To be fined (ટુ બી ફાઇન્ડ)	થવું Become (બીકમ)

જો તમે કહો તો હું જાઉં If you tell me I will go. (ઇફ યુ ટેલ મી આઇ ઉવીલ ગો)

હું જલદી પાછો આવીશ I will return soon. (આઇ વીલ રીટર્ન સુન)

તમે ક્યાં જવા માગો છો? Where do you wish to go? (વ્હેર ડુ યુ ઉવીશ ટુ ગો?)

મારે કંઇ જવું છે I wish to go somewhere. (આઇ ઉવીશ ટુ ગો સમ ઉવ્હેર)

હું કંઇ જવા માંગતો નથી I do not wish to go anywhere. (આઇ ડુ નોટ ઉવીશ ટુ ગો એનીઉવ્હેર)

અમે કાલે જઇશું We will go to-morrow. (ઉવી ઉવીલ ગો ટુ-મૉરો)

હું નહિ આવું I will not come. (આઇ ઉવીલ નૉટ કમ)

તમે ત્યાં ક્યારે જાઓ છો? When do you go there? (ઉન્હેન ડુ યુ ગો ધેર?)

હું ત્યાં રોજ સવારમાં જાઉં છું I go there every morning. (આઇ ગો ધેર એવરી મૉર્નીંગ)

તે રોજ સવારે આવે છે He comes every morning. (હી કમ્સ એવરી મૉર્નીંગ)

ત્યાં હું પોતે ખચિત જઇશ I myself will positively go there. (આઇ માયસેલ્ફ ઉવીલ પૉઝીટીવલી ગો ધેર)

હું તમને જવાની રજા આપુ છું I permit you to go. (આઇ પરમીટ યુ ટુ ગો)

ઉતાવળ કરો અને જલદી પાછા આવો Make haste and come back soon. (મેઇક હેસ્ટ એન્ડ કમ બેક સુન)

હું ત્યાં જઇ શકતો નથી I can not go thither. (આઇ કેન નોટ ગો ધાધર)

હું બે અઠવાડિયામાં આવીશ I will come in tow weeks. (આઇ ઉવીલ કમ ટ્વન ટુ ઉવીક્સ)

હું એક અઠવાડિયામાં આવી પહોંચીશ I will arrive in a week. (આઇ ઉવીલ એરાઇવ ઇન આ ઉવીક)

મારે જવાની અગત્ય નથી There is no need of my going. (ધેઅ ઇઝ નો નીડ ઓફ માય ગોઇંગ)

તે માણુસ શા માટે નાશી ગયો ? Why did that man run away ? (વ્હાય ડીડ ધેટ મેન રનેં અવે ?)

તે નાશી ગયો કારણ કે તે બીધો He ran away because he was afraid. (હી રેન અવે બીકૉઝ હી ઉઑઝ આફ્રેડ)

જ્યારે તે ત્યાં હતો ત્યારે હું ત્યાં નહોતો I was not there when he was there. (આઇ ઉઑઝ નોટ ધેર ઉવ્હેન હી ઉઑઝ ધેર)

તમે તેને મદદ કરશો ? Will you help him ? (ઉવીલ યુ હેલ્પ હીમ ?)

હું તમને મદદ કરીશ I will help you. (આઇ ઉવીલ હેલ્પ યુ)

આ મને આપો Give this to me. (ગીવ ધીસ ટુ મી)

આ મારૂં નથી This is not mine. (ધીસ ઇઝ નોટ માઇન)

મારા મીત્રનું છે It is My friend's. (ઇટ ઇઝ માય ફ્રેન્ડઝ)

મારી પાસે બીજું નથી I have nothing else. (આઇ હેવ નથીંગ એલ્સ)

તે લઇ જાઓ Take it away. (ટેઇક ઇટ અવે)

તે હું કયાં મુકું ? Where shall I put it ? (ઉવ્હેર શૅલ આઇ પુટ ઇટ ?)

તે તેને આપો Give it to him. (ગીવ ઇટ ટુ હીમ)

આ ચોપડી તેણીને આપો Give her this book. (ગીવ હર ધીસ બુક)

તમે હમેશાં એમ કહો છો You always say so. (યુ ઑલવેઝ સે સો)

મેં કદી ના નથી પાડી I have never refused. (આઇ હેવ નેવર રીફ્યુઝડ)

તમે એને પુછી જુઓ તો ઠીક You had better ask him. (યુ હેડ બૅટર આસ્ક હીમ)

તમે ત્યાં આવશો કે ? Will you come there ? (ઉવીલ યુ કમ ધેર ?)

ઘણી ખુશીથી પણ ક્યારે ? Very willingly, but when ? (વેરી વીલીંગલી, બટ ઉવ્હેન ?)

આ માણસ ગરીબ છે ? Is this man poor ? (ઇઝ ધીસ મૅન પૂઅર ?)

હું ઘણો દિલગીર છું I am very sorry. (આઇ એમ વેરી સૉરી)

દિલગીર થતા નહિ Don't be sorry. (ડોન્ટ બી સૉરી)

તમારો વકીલ કોણ છે ? Who is your solicitor ? (હુ ઇઝ યોર સોલીસીટર ?)

તમારો ઘરાક હાજર છે ? Is your client present ? (ઇઝ યોર ક્લાયન્ટ પ્રેઝન્ટ ?)

તેનું શું થયું ? What became of him ? (ઉવૉટ બીકેઇમ ઓફ હીમ ?)

તેનો દસ રૂપીઆ દંડ થયો He was fined ten rupees. (હી ઉવૉઝ ફાઇન્ડ ટેન રૂપિઝ)

તેને જામીન ઉપર છોડવામાં આવ્યો He was bailed. (હી ઉવૉઝ બેલ્ડ)

વાંચન પાઠ ૩૮ મો.

જોયું, જોયેલું Seen (સીન)
સુચના, ચેતવણી Hint (હીન્ટ)
વિષે About (એબાઉટ)
ખોટી થયો Waited (ઉવેટેડ)
બજાર Market (મારકેટ)
ગુસ્સે Angry (ઍનગ્રી)
કામ Task (ટાસ્ક)
એવો, એવી, એવું Such (સચ)
પુરૂ કરવું Finish (ફીનીશ)
ઠપકો આપવો Blame (બ્લેમ)
લખું છું Am writing (એમ રાઈટીંગ)
ભાઇ Brother (બ્રધર)
દરેક જણ Every body (ઍવરી બૉડી)
પૈસા Money (મની)
લીધા છે Taken (ટેકન)
રડે છે Crying (ક્રાઈંગ)
કાંઇ Something (સમથીંગ)
ખાવાને To eat (ટુ ઇટ)
દેવું Owe (ઓ)
બોલ Word (ઉવર્ડ)
નસીબવાન Fortunate (ફારચ્યુનેટ)
તપાસ કરવી Inquire (ઇનક્વાયર)
તે વિષે About it (એબાઉટ ઇટ)
ફરીથી Again (અગેઇન)
સિવાય,વિના Without (ઉવીધાઉટ)

તેને ઘણું કામ કરવાનું હતું He had much work to do. (હી હૅડ મચ ઉવર્ક ટુ ડુ)

તે હું કેમ જાણું ? How can I know it ? (હાઉ કૅન આઈ નો ઇટ ?)

તમે તેનું ઘર જોયું છે ? Have you seen his house ? (હૅવ યુ સીન હીઝ હાઉસ ?)

એ વિષે તેને સુચના આપજો Give him a hint about it. (ગીવ હીમ આ હીન્ટ એબાઉટ ઇટ)

ઘરમાં કોઇ હતું નહિ There was none in the house. (ધૅર ઉવૅાઝ નન ઇન ધી હાઉસ)

હું તમારે સારૂ એક કલાક ખોટી થયો I waited for you an hour. (આઈ ઉવૅટેડ ફૉર યુ ઍન અવર)

તે બજારમા ગયો હતો He had gone to the market. (હી હૅડ ગાન ટુ ધી મારકેટ)

તમે ત્યા કેટલે વાગતે આવ્યા હતા ? At what time did you come there ? (ઍટ ઉવૅાટ ટાઇમ ડીડ યુ કમ ધેર ?)

આજ સવારે સાત વાગતે To day at 7 A. M. (ટુ ડે ઍટ સેવન એ. એમ.)

તે ઘણો ગુસ્સે થયો He became very angry. (હી બીકેઇમ વેરી ઍનગ્રી)

તે તમારી સાથે ગુસ્સે છે He is angry with you. (હી ઇઝ ઍનગ્રી ઉવીથ યુ)

દરેક જણ તે જાણે છે Everybody knows that. (એવરી બૉડી નોઝ ધૅટ)

મારા પૈસા ક્યાં છે ? Where is my money ? (ઉવ્હેર ઇઝ માય મની ?)

તમે તમારા પૈસા લીધા છે ? Have you taken your money ? (હેવ યુ ટેકન યૅાર મની ?)

તેણી શા સારૂ રડે છે ? What is she crying for ? (ઉવૅાટ ઇઝ શી ક્રાઈંગ ફૉર ?)

તે માણુસ ભુખ્યો છે ? Is the man hungry? (ઇઝ ધી મેન હંગ્રી ?)

તેને થોડું ખાવાનું આપો Give him something to eat. (ગીવ હીમ સમથીંગ ટુ ઇટ)

તે થોડા પૈસા માગે છે He asks for some money. (હી આસ્કસ ફોર સમ મની)

મારે તેનું શું દેવું છે ? What do I owe him ? (ઉવૅાટ ડુ આઇ ઓ હીમ ?

સોમવાર સુધી થોભો Wait till Monday. (ઉવેઇટ ટીલ મનડે)

તે પોતાના બોલનો માણુસ છે He is a man of his word. (હી ઇઝ આ મૅન ઓફ હીઝ ઉવર્ડ)

તમે નસિબવાન છો You are fortunate. (યુ આર ફોરચ્યુનેટ)

હું મારા ભાઇને કાગળ લખું છું I am writing a letter to my brother. (આઇ એમ રાઇટીંગ આ લેટર ટુ માય બ્રધર)

તે એક નીમકહલાલ માણુસ છે He is a faithful man. (હી ઇઝ આ ફેથફુલ મૅન)

મેં એવો માણુસ કદી જોયો નથી I never saw such a man before. (આઇ નેવર સૅા સચ આ મેન બીફોર)

તમને કંઇ કામ કરવાનું નથી ? Have you nothing to do ? (હેવ યુ નથીંગ ટુ ડુ ?)

તમે તમારૂં કામ કીધું કે ? Have you done your task ? (હેવ યુ ડન યોર ટાસ્ક)

તમે તે ક્યારે પુરૂં કરશો ? When will you finish it ? (ઉવ્હેન ઉવીલ યુ ફીનીશ ઇટ ?)

તમે તેને શું કામ ઠપકો આપો છો ? Why do you blame him ? (વ્હાય ડુ યુ બ્લેમ હીમ ?)

હું તમારી ઉપર ભરૂસો રાખું છું I rely upon you. (આઇ રીલાય અપોન યુ)

તે હું ઘણી ખુશીથી કરીશ I shall do it very willingly. (આઇ શેલ ડુ ઇટ વેરી વીલીંગલી)

જઇને તેની તપાસ કરો Go and inquire about it. (ગો એન્ડ ઇનક્વાયર એબાઉટ ઇટ)

તમે તે વિષે તપાસ કરશો ? Will you inquire about it ? (ઉવીલ યુ ઇનક્વાયર એબાઉટ ઇટ ?)

હા, તે વિષે હું તપાસ કરીશ Yes, I will inquire about it. (યસ, આઇ ઉવીલ ઇનક્વાયર એબાઉટ ઇટ)

હું તમારા વગર ત્યાં જઇશ નહિ I will not go there without you. (આઇ ઉવીલ નૉટ ગો ધેર ઉવીધાઉટ યુ)

વાંચન પાઠ ૩૯ મો.

અર્થ વગરની nonsense (નૉનસૅન્સ)	એકમત થવું Agree (અગ્રી)
કામ Business (બીઝનેસ)	યાદ રાખવું Remember (રીમેમ્બર)
ઉધુંચતું સમજવું Humbug(હમ્બગ)	
પુરતું Enough (ઇનફ)	ખરીદવું Buy (બાય)
દરેકને Every one (એવરી વન)	લાકડી Stick (સ્ટીક)
માનવું Believe (બીલીવ)	દહાડા Days (ડેઝ)

ઉંધું વાળવું Upset (અપસૅટ)	પછવાડે આવતાં Following (ફૉલોઇંગ)
કામ Affairs (અફેર્સ)	જણાવવું Inform (ઇનફૉર્મ)
પગે On foot (ઑન ફુટ)	સંદેશો Message (મેસેજ)
ગાડી Carriage (કૅરેજ)	મેહેનત Trouble (ટ્રબલ)
ઘોડાવાળો Coachman (કોચમેન)	મોટું Great (ગ્રેટ)
આવી પહોંચવું Arrive (એરાઇવ)	દયા Kindness (કાઇન્ડનેસ)
મેહેરબાની Favour (ફેવર)	ગેરહાજર Absent (ઍબ્સન્ટ)
બાબત Matter (મેટર)	

તમે વેહેલા આવો છો કે નહિ ? Are you coming early or not ? (આર યુ કમીંગ અર્લી ઑર નૉટ ?)

તે કામપર આવ્યો છે He has come on business. (હી હૅઝ કમ ઑન બીઝનેસ)

તમે કેવી અર્થ વગરની વાત કરો છો ? What nonsense you talk ? (ઉૅૉટ નૉનસન્સ યુ ટોક ?)

તમે મને ઉઘુચતું સમજાવો છો You humbug me. (યુ હમ્બગ મી)

તે જે કહે છે તે હું માનતો નથી I don't believe in what he says. (આઇ ડોન્ટ બીલીવ ઇન ઉૅૉટ હી સેઝ)

તમે તેનું બધું ઉંધું વાળ્યું છે You have upset all his affairs. (યુ હૅવ અપસૅટ ઑલ હીઝ અફેર્સ)

તેઓએ શું કહ્યું ? What did they say ? (ઉૅૉટ ડીડ ધે સે ?)

તેઓએ કાંઇ કહ્યું નહિ They said nothing. (ધે સેઇડ નથીંગ)

હું તેને આ મોકલીશ I will send this to him. (આઇ ઉવીલ સેન્ડ ધીસ ટુ હીમ)

તમે તેને તે ક્યારે મોકલશો? When will you send it to him?
(ઉવ્હેન ઉવીલ યુ સેન્ડ ઇટ ટુ હીમ ?)

હું તેને તે કાલે મોકલીશ I will send it to him to-morrow.
(આઇ ઉવીલ સેન્ડ ઇટ ટુ હીમ ટુમૉરો)

હું બજારમાં જાઉં છું I am going to the market. (આઇ એમ ગોઈંગ ટુ ધી માર્કેટ)

તેને સારૂ એક લાકડી લાવજો Buy a stick for him. (બાય આ સ્ટીક ફોર હીમ)

તેની પાસે પુરતા પૈસા નથી He has not enough money.
(હી હૅઝ નૉટ ઇનફ મની)

મેં તેને થોડા દહાડા ઉપર જોયા હતો I saw him somedays ago. (આઇ સૉ હીમ સમ ડેઝ ઍગો)

કાલે તમે ત્યાં જશો કે ? Will you go there to morrow ?
(ઉવીલ યુ ગો ધૅર ટુમૉરો ?)

તેઓ ક્યાં છે ? Where are they ? (ઉવ્હેર આર ધે ?)

તેઓ આપણી પછવાડે ચાલતા હતા They were following us. (ધે ઉવૅર ફૉલોઇંગ અસ)

હું તેની સાથે આવ્યો છું I have come with him. (આઇ હૅવ કમ ઉવીથ હીમ)

તમે ગાડીમાં આવ્યા કે ? Did you come in the carriage?
(ડીડ યુ કમ ઇન ધી કૅરેજ)

નહિ. હું ચાલતો આવ્યો No, I came on foot. (નો, આઇ કેઇમ ઓન ફુટ)

તમારો ઘોડાવાળો ક્યાં છે ? Where is your coachman ? (ઉન્હેર ઇઝ યૉર કૉચમૅન ?)

ગાડી આવી છે કે ? Has the carriage arrived ? (હૅઝ ધી કૅરેજ એરાઇવ્ડ ?)

ગાડી હજુ આવી નથી, સાહેબ. The carriage has not yet arrived, sir. (ધી કૅરેજ હૅઝ નૉટ યટ અરાઇવ્ડ, સર)

મારા ઉપર એટલી મેહેરબાની કરો Do me this favour. (ડુ મી ધીસ ફેવર)

મારી તે કરવાની મરજી નથી I do not wish to do it. (આઇ ડુ નૉટ ઉવીશ ટુ ડુ ઇટ)

તમારી મરજી માફક કરો Do as you like. (ડુ અઝ યુ લાઇક)

હું તેની સાથે એકમત થતો નથી I do not agree with him. (આઇ ડુ નૉટ ઍગ્રી ઉવીથ હીમ)

હું તમારી સાથે એકમત થાઉ છું I agree with you. (આઇ ઍગ્રી ઉવીથ યુ)

તે વિષે મને જણાવજે Inform me of it. (ઇનફોર્મ મી ઑફ ઇટ)

હું તેમને જણાવીશ I will let them know. (આઇ વીલ લૅટ ધૅમ નો)

હું તમને સંદેશો મોકલીશ I will send you a message. (આઇ ઉવીલ સૅન્ડ યુ આ મૅસેજ)

તેણે મને ઘણી હેરાનગતિ આપી He gave me much trouble. (હી ગેઇવ મી મચ ટ્રબલ)

તમે મારા ઉપર મોટી દયા કરી You did me a great kindness. (યુ ડીડ મી આ ગ્રેટ કાઇન્ડનેસ)

હું દસ દીવસ ઉપર ગેરહાજર હતો I was absent ten days ago. (આઇ ઉવૉઝ એબ્સન્ટ ટેન ડેઝ અગો)

એમ કહેવું તે અર્થ વગરનું છે It is nonsense to say so. (ઇટ ઇઝ નૉનસેન્સ ટુ સે સો)

વાંચન પાઠ ૪૦ મો.

ભાડે કરવી Hire (હાયર

સલાહ Advice (ઍડવાઇસ)

ખાનગી Private (પ્રાઇવેટ)

ચંદ્ર Moon (મુન)

ઉઘાડવું Open (ઓપન)

બારી Window (ઉવીન્ડો)

પવનવાળું Windy (ઉવીન્ડી)

લાગવું Feel (ફીલ)

તોફાન Storm (સ્ટોર્મ)

વરસાદ વરસે છે Rains (રેઇન્સ)

વરસાદ પડે છે Is raining (ઇઝ રેઇનીંગ)

છત્રી Umbrella (અમબ્રેલા)

વિચાર કરવો Think over (થીન્ક ઓવર)

કાંઇ Something (સમથીંગ)

જબરો Heavily (હેવીલી)

ટાઢ Cold (કોલ્ડ)

ગઇ કાલે Yesterday (યસ્ટરડે)

બંધ કરવું Shut (શટ)

તાળું દેવું Lock (લૉક)

દરવાજો, બારણું Door (ડૉર)

વધારે લાંબું Longer (લૉન્ગર)

હવા, ઋતુ Weather (વેધર)

સારી Fine (ફાઇન)

ગરમી Warm (ઉવૅાર્મ)

આલો આપણે ગાડીમાં જઇએ Let us go in a carriage. (લૅટ અસ ગો ઇન આ કૅરેજ)

એક ગાડી જલ્દી મંગાવો Send for a carriage soon. (સેન્ડ ફોર આ કૅરેજ સુન)

હું એક ગાડી ભાડે કરવા માગું છુ I wish to hire one carriage. (આઇ ઉવીશ ટુ હાયર વન કૅરેજ)

તમે અહીંઆં શુ કામ આવ્યા છો? Why have you come here? (વ્હાય હૅવ યુ કમ હીઅર)

તમારે મને કાંઈ કહેવુ છે? Have you anything to tell me? (હૅવ [illegible] એનીથીંગ ટુ ટૅલ મી?)

તમે મારી સાથે વાત કરવા માગો છો? Do you wish to talk with me? ([illegible] ટુ ટૉક [illegible] મી)

હા હું તમને [illegible] કહેવા માગુ છું Yes I wish to tell you something ([illegible] સમથીંગ)

તે ખાનગી છે It is private ([illegible] પ્રાઇવેટ)

તમારી સલાહ શી છે? What is your advice? ([illegible])

તમે તે વિષે શુ ધારો છો What do you think about it? (વ્હાટ [illegible] યુ થીંક એબાઉટ ઇટ)

તમારે શું કરવું છે What have you to do? (વ્હૉટ હૅવ યુ ટુ ડુ)

હું કાંઈ કરી શકતો નથી I can do nothing (આઇ કૅન ડુ નથીંગ)

શું કરવુ તે હું જાણતો નથી I do not know what to do. (આઇ ડુ નૉટ નો ઉવૅાટ ટુ ડુ)

તમે તે વિષે વિચાર કરજો You think over it. (યુ થીંક ઓવર ઇટ)

હું ધારૂં છું કે એમ કરવું ઠીક પડશે I think it best to do. (આઇ થીંક ઇટ બૅસ્ટ ટુ ડુ)

બારી ઉઘાડો Open the window. (ઓપન ધી વીન્ડો)

હમેશાં ઉઘાડી રાખો Keep it always open. (કીપ ઈટ ઓલવેઝ ઓપન)

બારણું એકદમ બંધ કરો ! Shut the door at once ! (શટ ધી ડૉર એટ વન્સ !)

તમે બારણું બંધ કીધું ? Did you shut the door ? (ડીડ યુ શટ ધી ડૉર ?)

બારણાને તાળું દો Lock the door. (લૉક ધી ડૉર)

દહાડા લાંબા થતા જાય છે The days are becoming longer. (ધી ડેઝ આર બીકમીંગ લૉંગર)

આજે ઋતુ કેવી છે ? How is the weather to day ? (હાઉ ઇઝ ધી વેધર ટુ ડે ?)

સારી નથી It is not fine. (ઇટ ઇઝ નૉટ ફાઇન)

આજે બહુ ગરમી છે It is very warm to day. (ઇટ ઇઝ વેરી વૉર્મ ટુ ડે)

કાલે ઘણી ટાઢ હતી It was very cold yesterday. (ઇટ વૉઝ વેરી કોલ્ડ યસ્ટરડે)

આજે ઘણો પવન છે It is windy to-day. (ઇટ ઇઝ વીન્ડી ટુ-ડે)

આજે ઘણી ઠંડી છે It is very cold to day. (ઇટ ઇઝ વરી કોલ્ડ ટુ ડે)

તમને ઠંડી લાગે છે? Do you feel cold? (ડુ યુ ફીલ કોલ્ડ)

તે કેવું મોટું તોફાન છે! What a great storm it is! (ઉવાટ આ ગ્રેટ સ્ટૉર્મ ઇટ ઇઝ!)

વરસાદ આવે છે It rains. (ઇટ રેઇન્સ)

શું વરસાદ આવે છે Is it raining? (ઇઝ ઇટ રેઇનીંગ?)

છત્રી ઉઘાડો Open the umbrella. (ઓપન ધી અમબ્રેલા)

હું ત્યાં નહિ આવું I shall not come there. (આઇ શેલ નૉટ કમ ધેર)

તમે કહ્યું તે મેં સાંભળ્યું છે I have heard what you said. (આઈ હૅવ હર્ડ વૅાટ યુ સેઇડ)

આ ટેકરી ઉંચી છે This hill is high. (ધીસ હીલ ઇઝ હાઇ)

હું ત્યાં જઇશ I will go there. (આઇ વીલ ગો ધેર)

મારી આંખ લાલ છે My eye is red. (માય આઇ ઇઝ રેડ)

ઘરમાં આવો Come in the house. (કમ ઇન ધી હાઉસ)

તેઓ ધર્મશાળામાં જમે છે They dine in an inn. (ધે ડાઇન ઇન એન ઇન)

રોમ શહેર છે Rome is a town. (રોમ ઇઝ એ ટાઉન)

અમારા શિક્ષક જ્યુરીમાં જાય છે Our teacher attends Jury. (અવર ટીચર એટેન્ડસ જ્યુરી)

સાચું હોય તે બોલો Speak what is true. (સ્પીક વ્હૉટ ઇઝ ટ્રુ

એક અઠવાડીયું ટુર્નામેન્ટ વગર ગયું નથી Not a week has passed without tournement. (નૉટ એ વીક હેઝ પાસ્ટ વીધાઉટ ટુર્નામેન્ટ)

મારી પાસે કુંચીનું ઝુમખુ છે I have a bunch of keys. (આઇ હૅવ એ બંચ ઓફ કીઝ)

વહાણ બંદરમાં ઉભું રહે છે The ship is anchored is the quay. (ધ શીપ ઇઝ એનકર્ડ ઇન ધ કે)

તેઓ તમને મારી નાંખશે They will kill you. (ધે ઉવીલ કીલ યુ)

ચુનો ભઠ્ઠીમાં બળે છે Lime is burnt in a kiln. (લાઇમ ઇઝ બર્ન્ટ ઇન આ કીલ)

મારી પાસે લાખ્ખો રૂપીઆ છે I have thousands of rupees. (આઇ હેવ થાઉઝન્ડસ ઓફ રૂપીસ)

તમારી વર્તણુક સારી નથી You lack in your conduct. (યુ લૅક ઇન યૉર કૉન્ડક્ટ)

હું મારા તંતુ નરમ કરૂં છું I soften my nerves. (આઇ સોફ્ન માય નર્વસ)

તેઓએ ગધેડા ઉપર બોજો ભર્યો They loaded an ass with burden. (ધે લોડેડ એન એસ વીથ બર્ડન)

મેં મેજપર કલમ મુકી I laid the pen on the table. (આઇ લેઇડ ધ પેન ઓન ધ ટેબલ)

તેને મેજપર મુકવામાં આવ્યું હતું It was laid on the table. (ઇટ વાઝ લેઇડ ઓન ધ ટેબલ)

તે પાણીમાં લપસી પડ્યો He sliped in water. (હી સ્લીપડ ઇન વોટર)

આ ગલી સાંકડી છે This lane is narrow. (ધીસ લેઇન ઇઝ નૅરો)

આ પાંદડું અણીવાળું છે This leaf is forky. (ધીસ લીફ ઇઝ ફૉર્કી)

તેઓ આંધળાને દોરી ગયા They led a blind man. (ધે લેડ એ બ્લાઇન્ડ મૅન)

સીસું કાળાશપર હોય છે Lead is rather dark. (લેડ ઇઝ રાધર ડાર્ક)

આ પીપ કાણું છે This tub leaks. (ધીસ ટબ લીક્સ)

તેઓ કર મુકે છે They impose taxes. (ધે ઇમ્પોઝ ટેક્સીઝ)

તે શરીરે ખોડવાળો છે He is defective in his limb. (હી ઇઝ ડીફેક્ટીવ ઇન હીઝ લીમ્બ)

જુઓ, પેલો માણસ જાય છે Lo, that man is going. (લો ધેટ મેન ઇઝ ગોઇંગ)

ધીમેથી બોલો Speak slowly. (સ્પીક સ્લોલી)

તે એકલો રહે છે He lives alone. (હી લીવ્સ એલોન)

આ તળાવમાં ઘણાં માછલાં છે This tank contains many fishes. (ધીસ ટેન્ક કન્ટેઇન્સ મેની ફીશીઝ)

પેટીને તાળું વાસો Lock the box. (લૉક ધ બોક્ષ)

લોકટે નામ સરોવર છે There is a lake named Locktay. (ધેર ઇઝ એ લેક નેઇમ્ડ લોકટે)

ઇશ્વરે આ દુનીઆ બનાવી છે God has made this world. (ગાડ હેઝ મેઇડ ધીસ વર્લ્ડ)

સુતારે આ પેટી બનાવી Carpenter made this box. (કાર્પેન્ટર મેઇડ ધીસ બોક્ષ)

મારી પાસે કાળી સીસાપેન છે I have a black pencil. (આઇ હૅવ એ બ્લેક પેન્સીલ)

ઘોડા ઉપર ઝુલતું લુગડું હતું The cloth on the horse was pensile. (ધ ક્લોથ ઓન ધ હોર્સ વોઝ પેનસીલ)

આ જગ્યા સારી છે This place is agreeable. (ધીસ પ્લેસ ઇઝ એગ્રીએબલ)

આ બહુ લાંબી માછલી છે This is a very long fish. (ધીસ ઇઝ એ વેરી લૉંગ ફીશ)

આ રંદો અણીદાર છે This plane is sharp. (ધી પ્લેન ઇઝ શાર્પ)

આ લીસો આરસ છે This is a plain marble. (ધીસ ઇઝ એ પ્લેઇન માર્બલ)

હું તેને ખુશી કરીશ I will please him. (આઇ વીલ પ્લીઝ હીમ)

તેણે ઘણાં બ્હાનાં કાઢ્યાં He found out many pleas. (હી ફાઉન્ડ આઉટ મૅની પ્લીઝ)

આ લાકડી લાંબી છે This is a long pole. (ધીસ ઇઝ એ લૉંગ પોલ)

મુંડીવેરો ઔરંગઝેબે નાંખ્યો Aurangzeb laid a poll tax. (ઔરંગઝેબ લેઇડ એ પૉલ ટેક્સ)

શરીરમાં ઘણાં છિદ્ર છે There are many pores in the body. (ધેર આર મેની પોર્સ ઇન ધી બૉડી)

તે પાણી રેડે છે He pours water. (હી પોર્સ વોટર)

હું આખી રાત પ્લેટફોર્મપર સુઇ રહી I slept on the platform the whole night. (આઇ સ્લેપ્ટ ઓન ધી પ્લેટફૉર્મ ધ હોલ નાઇટ)

તે ચિતારાનું પાટીયું રંગેલું છે The painter's board is coloured. (ધ પેઇન્ટર્સ બોર્ડ ઇઝ કલર્ડ)

તેના ઘોડાપર જુનું જીન છે On his horse is a old pannel. (ઓન હીઝ હોર્સ ઇઝ એ ઑલ્ડ પેનલ)

આ પાટીઆનો કકડો ભાંગેલો છે This panel is broken. (ધીસ પેનલ ઇઝ બ્રોકન)

થોડીવાર ઉભા રહો Wait for a while. (વેઇટ ફોર એ વ્હાઇલ)

તેના મુલકમાં સલાહશાંતિ હતી There was peace in his dominion. (ધેર વૉઝ પીસ ઇન હીઝ ડુમીનીઅન)

ચાકનો કકડો લાવો Bring a piece of chalk. (બ્રીંગ એ પીસ ઓફ ચૅાક)

યુરોપમાં મોટાં શીખરો છે There are big summits in Europe. (ધેર આર બીગ સમીટસ ઇન યુરોપ)

ચામડીને ગરમ અગર ટાઢું લાગે છે The skin feels cold or hot. (ધ સ્કીન ફીલ્સ કોલ્ડ ઓર હોટ)

આ ઘંટની વીંટી લોઢાની છે This peal is made of iron. (ધીસ પીલ ઇઝ મેઇડ ઓફ આયર્ન)

પાકને વરસાદ મદદ કરે છે Rain helps crops. (રેઇન હૅલ્પ્સ ક્રોપ્સ)

અકબરે ૪૯ વરસ રાજ્ય કર્યું Akbar reigned for forty nine years. (અકબર રેઇન્ડ ફૉર ફૉર્ટી નાઇન યીયર્સ)

તે ઘોડા ઉપર દાબ રાખી શકતો He could rein the horse. (હી કુડ રેઇન ધી હૉર્સ)

આ ગાંઠ મહેરબાની કરી છોડશો Will you please untie this knot. (વીલ યુ પ્લીઝ અનટાઇ ધીસ નોટ)

ના હું નહી છોડું No I shall not. (નો, આઇ શૅલ નોટ)

અહીં કોઈ નથી None is here. (નન ઇઝ હીઅર)

આ બાની ખરાબ છે This nun is vicious. (ધીસ નન ઇઝ વીસીઅસ)

તમારૂં નાક કાપી નાખીશ I will cut your nose. (આઇ વીલ કટ યોર નોઝ)

આ માપનાર સારા માણસ છે This metre is a good man. (ધીસ મીટર ઇઝ એ ગુડ મેન)

આ છંદ રમણીક છે This metre is charming. (ધીસ મીટર ઇઝ ચાર્મીંગ)

પાણીમા જીવ હોય છે There are living beings in water. (ધેર આર લીવીંગ બીઇંગ્સ ઇન વૅટર)

તે તેના જોરને લીધે પ્રખ્યાત છે He is known for his might. (હી ઇઝ નોન ફોર હીઝ માઇટ)

ઈશ્વર બળવાન છે God is mighty (ગૉડ ઇઝ માઇટી)

હું મારા કામને માટે પશ્ચાતાપ કરૂં છું I repent for my actions. (આઇ રીપેન્ટ ફોર માય ઍકશન્સ)

તેઓએ ઘાસ કાપ્યું છે They have mown grass. (ધે હેવ મોન ગ્રાસ)

મારી આંખમાં મોતીઓ છે There is a cataract in my eye. (ધેર ઇઝ એ કેટરેકટ ઇન માય આઇ)

આ ખાડી ઉંડી નથી This moat is not deep. (ધીસ મોટ ઇઝ નોટ ડીપ)

મેં ખચ્ચરપર સ્વારી કરી I rode upon a mule. (આઇ રોડ અપોન એ મ્યુલ)

શિયાળ બાળકની પેઠે રૂવે છે Jakol mews like a child. (જેકોલ મ્યુઝ લાઇક એ ચાઇલ્ડ)

કેપટને થોડો વખત વિચાર કર્યો The captain mused for a little while. (ધ કેપટન મ્યુઝડ ફોર એ લીટલ વ્હાઇલ)

તે બધું જાણે છે He knows all. (હી નોઝ ઓલ)

કાચું સોનું હીંદુસ્તાનમાંથી નીકળે છે Ore of gold is found out in India. (ઓર ઓફ ગોલ્ડ ઇઝ ફાઉન્ડ આઉટ ઇન ઇન્ડીઆ)

ખલાસી હલેસાથી વહાણ ચલાવે છે The sailors move the ship with oars (ધ સેઇલર્સ મુવ ધ શીપ વીથ ઓર્સ)

તેણે ફરી ફરી વાંચ્યુ He read it over and over again. (હી રેડ ઇટ ઓવર એન્ડ ઓવર અગેઇન)

આ ઘર તમારૂં છે This is your house. (ધીસ ઇઝ યોર હાઉસ)

એક કલાક પછી આવીશ I will come after an hour. (આઇ વીલ કમ આફ્ટર એન અવર)

તમારો ચહેરો ફીક્કો છે Your face is pale. (યોર ફેઇસ ઇઝ પેઇલ)

લાકડાના વાસણમાં પાણી છે There is water in a pail. (ધેર ઇઝ વાટર ઇન એ પેઇલ)

એ કાચનો કકડો ભાગેલો છે That pane is broken. (ધેટ પેઇન ઇઝ બ્રોકન)

મારા પેટમાં દરદ છે I have a pain in my belly. (આઇ હેવ એ પેઇન ઇન માય બેલિ)

મારે બુટ લેવા છે I am to buy a pair of boots. (આઇ એમ ટુ બાય એ પેર ઓફ બુટસ)

આ ફળ સડેલું છે This fruit is putrified. (ધીસ ફ્રુટ ઇઝ પુટ્રીફાઇડ)

શબ્દો.

સંદેશો Message (મૅસેજ)
બીડી પીવી Smoke (સ્મોક)
ઘંટ Bell (બૅલ)
ચીજો Articles (આરટીકલ્સ)
જકાત Duty (ડ્યુટી)
કાકાનો Uncle's (અંકલ્સ)
વારસ Heir (હેર)
અવાજ Noise (નોઇઝ)
બાગ Garden (ગાર્ડન)
આવી પહોંચી Arrived (એરાઇવ્ડ)
ટપાલ Post (પોસ્ટ)
દુધવાળો Milkman (મીલ્કમેન)
ઘરાકો Customers (કસ્ટમર્સ)
નદી River (રીવર)

વારંવાર Often (ઓફન)
ગાળવા Pass (પાસ)
કીમત બેસી Cost (કોસ્ટ)
ફેરવવું Alter (ઑલ્ટર)
લાકડી Stick (સ્ટીક)
મુકી ગયા Left (લેફ્ટ)
ઓરડો Room (રૂમ)
પુરતું Enough (ઇનફ)
ખરૂં True (ટ્રુ)
વેચ્યું Sold (સોલ્ડ)
તેહવાર Holiday (હોલીડે)
ઘોડે બેસવું Ride (રાઇડ)
ઓળંગવું Cross (ક્રોસ)
ક્યારનું Already (ઓલરેડી)
આમંત્રણ કીધું Invited (ઇનવાઇટેડ)

પલટણ Regiment (રેજીમેન્ટ)
ને તાબે હોવું Belong (બીલૉંગ)
નવી New (ન્યુ)
દુકાન Shop (શૉપ)
પહેલાં First (ફ્રર્સ્ટ)
શહેર City (સિટિ)
લખ્યો Written (રીટન)
કીધો Made out (મેઈડ આઉટ)
હિસાબ Account (એકાઉન્ટ)
સલામ કીધી Saluted (સેલ્યુટેડ)
મહેતાજી Teacher (ટીચર)
અજાણ્યો Stranger (સ્ટ્રેન્જર)
બીન્યા Afraid (અફ્રેઈડ)
દરિયો Sea (સી)
શોખીન Fond (ફૉન્ડ)
શિકારના Hunting (હન્ટીંગ)
આગબોટ Steamer (સ્ટીમર)
વાંચી Read (રેડ)
રમત Game (ગેઇમ)
રમવું Play (પ્લે)
કપડાં Dress (ડ્રેસ)
બોલો છો Speak of (સ્પીક ઑફ)
રોકાયલા Busy (બીઝી)

સાથે આવવાને To accompany (ટુ એકમ્પની)
વધારાનું Spare (સ્પૅર)
બધું Altogether (ઑલટુગેધર)
કોટ Fort (ફોર્ટ)
મેવા Fruit (ફ્રુટ)
શોધવું Seek (સીક)
ખોયું Lost (લૉસ્ટ)
વાંચો છો Are reading (આર રીડીંગ)
ઉપડવું Start (સ્ટાર્ટ)
કોનો Whose (હુઝ)
જમવું Dine (ડાઇન)
ભરોસો રાખવો Rely (રીલાઇ)
તરવું Swim (સ્વીમ)
કુદવું Jump (જમ્પ)
ઉપર Over (ઓવર)
ફ્રાન્સનો French (ફ્રેન્ચ)
બગાડ્યું Spoiled (સ્પોઇલ્ડ)
વધારે More (મૉર)
ઢીલ કરવી Delay (ડીલે)
ફાડી નાંખેલું Torn (ટોર્ન)
હસો છો Laughing (લાફીંગ)

પાનું Page (પેઇજ)
રસ્તો, મોહલ્લો Street (સ્ટ્રીટ)
આવક Income (ઇનકમ)
બતાવવું Show (શો)
બજાવ્યું Performed (પરફોર્મડ)
રાત Night (નાઇટ)
પગાર Salary (સેલરી)
રકમ Amount (એમાઉન્ટ)
છેકી નાંખ્યો Struck off (સ્ટ્રક ઓફ)
ધ્રુજવું Tremble (ટ્રેમ્બલ)
તરૂણ પુરૂષ Youth (યુથ)
શ્રાપ Curse (કર્સ)
ચેતવણી Warning (ઉવૉરનીંગ)
દિલગીર Sorry (સોરી)
દીવાસળીની પેટી Match-box (મેચ બોક્સ)
બીડી Cigar (સિગાર)
સૌથી પાસે Nearest (નીયરેસ્ટ)

કામ કરતા Working (ઉવર્કીંગ)
ધમકાવ્યો Scolded (સ્કોલ્ડેડ)
મદદ કરવી Help, Assist (હેલ્પ, એસીસ્ટ)
સ્વપ્નુ Dream (ડ્રીમ)
ધિક્કારવું Hate (હેટ)
એકબીજાને Each other (ઇચ અધર)
પગાર Wages (ઉવેજીસ)
રસોઇઓ Cook (કુક)
બીજું Extra (એક્સ્ટ્રા)
ખરચ Expense (એક્સપેન્સ)
રહેઠાણ Residence (રેસીડન્સ)
છત્રી Umbrella (અમ્બ્રેલા)
ખાધું Dined (ડાઇન્ડ)
વિચાર છે Mean (મીન)
નીકળવાનો To start (ટુ સ્ટાર્ટ)
ખસેડ્યું Removed (રિમુવ્ડ)
શીખવ્યું Taught (ટૉટ)

પ્રશ્નાર્થ શબ્દો.

Am (ઍમ) છું
Are (આર) છે, છો
Was (ઉવૉઝ) હતો
Shall (શૅલ) ભવિષ્યકાળની નિશાની
Can (કેન) શકવું
Did (ડીડ) કીધું, કર્યું

What (હ્વૉટ) શું
Where (હ્વેર) જ્યાં,ક્યાં
When (હ્વેન) જ્યારે,ક્યારે
Who (હુ) કોણ
Whom (હુમ) કોને
Whose (હુઝ) કોનો, કોની
Whence (હ્વૅન્સ) ક્યાંથી
Whether (હ્વીધર) ક્યાં
Why (હ્વાય) શા માટે
Will (હ્વીલ) ભવિષ્ય-
કાળની નિશાની

Do (ડુ) કરવું
Don't (ડોન્ટ) ના, નહિ
Does (ડઝ) કરે છે
Had (હૅડ) હતો
Has (હૅઝ) છે, પાસે છે
Have (હૅવ) છે, પાસે છે
How (હાઉ) કેમ
Is (ઇઝ) છે
May (મે) વિનંતિ દેખાડનારૂં ક્રિયાપદ
Which (હ્વીચ) કયો, કઈ, કયું

તમે મહેતાજી છો? Are you a teacher? (આર યુ આ ટીચર?)

શું તે રસ્તાઓ સારા નથી? Are the roads not good? (આર ધી રોડઝ નૉટ ગુડ?)

તમે અજાણ્યા છો? Are you a stranger? (આર યુ આ સ્ટ્રેન્જર?)

તમો દરીઆથી બીહો છો? Are you afraid of the sea? (આર યુ અફ્રેડ ઓફ ધી સી?)

તમને તે બાઇ સાથે ઓળખાણ છે? Are you acquainted with that lady? (આર યુ એક્વેન્ટેડ હ્વીથ ધૅટ લેડી?)

તમે હમણાં કાગળ લખો છો? Are you writing the letter now? (આર યુ રાઇટીંગ ધી લેટર નાઉ?)

તેઓ શિકારના શૉખીન છે ? Are they fond of hunting ? (આર ધે ફૉન્ડ ઑફ હન્ટીંગ ?)

આગબોટ કેટલે વાગને ઉપડશે ? At what time will the steamer start? (ઍટ ઉવૅાટ ટાઇમ વીલ ધી સ્ટીમર સ્ટાર્ટ ?)

મારે કેટલે વાગતે ઉઠવું જોઇશે ? At what time shall I have to get up ? (ઍટ ઉવાટ ટાઇમ શૅલ આઈ હૅવ ટુ ગેટ અપ ?)

સવારે તમે ક્યારે ઉઠો છો ? At what time do you get up in the morning? (ઍટ ઉવૅાટ ટાઇમ ડુ યુ ગેટ અપ ઇન ધી મૉરનીંગ ?)

તમે આજે કોને ઘેર જમ્યા ? At whose house did you dine to day ? (ઍટ હુઝ હાઉસ ડીડ યુ ડાઇન ટુ-ડે ?)

કાલે તમે કેટલે વાગને જશો ? At what o'clock will you go to morrow ? (ઍટ ઉવૅાટ ઓ'કલૉક વીલ યુ ગો ટુ-મૉરો ?)

તમે તે કરી શકશો ? Can you do that ? (કૅન યુ ડુ ધૅટ ?)

આપણાથી અંદર જવાશે ? Can we go in ? (કૅન ઉવી ગો ઇન ?)

હું તમારી ઉપર ભરોસો રાખું ? Can I rely on you ? (કૅન આઇ રીલાઇ ઑન યુ ?)

તમે તરી શકો છો ? Can you swim ? (કૅન યુ સ્વિમ ?)

તમારા ભાઇએ રજા લીધી છે કે નહિ ? Has your brother taken leave or not ? (હૅઝ યોર બ્રધર ટેકન લીવ ઑર નૉટ ?)

મારી શીસાપેન કોઇની પાસે છે કે ? Has anybody got my pencil ? (હેઝ એનીબોડી ગૉટ માય પેનસીલ ?)

તેને પુછ્યું કે તમે તેને આમંત્રણ કર્યું ? He asked him about his invitation ? (હી આસ્કડ હીમ એબાઉટ હીઝ ઇનવીટેશન ?)

તમે તે આગબોટ જોઇ છે કે ? Have you seen that steamer? (હેવ યુ સીન ધેટ સ્ટીમર)

તમે બીલ લાવ્યા ? Have you brought the bill ? (હેવ યુ બ્રોટ ધી બીલ ?)

તમને મારી સાથે આવવાને ફુરસદ છે Have you leisure to accompany me ? (હેવ યુ લીઝર ટુ એકમ્પની મી ?)

તમે કોઇ વાર લંડન ગયા છો ? Have you ever been to London ? (હેવ યુ એવર બીન ટુ લંડન ?)

તમારી પાસે કાંઇ વધારાની પેટી છે ? Have you any spare box ? (હેવ યુ એની સ્પેર બોકસ ?)

તમે તે બધું પુરૂં કર્યું છે ? Have you finished it ? (હેવ યુ ફીનીસ્ડ ઇટ ?)

તમારી પાસે કાંઈ પરચુરણ છે ? Have you any change ? (હેવ યુ એની ચેન્જ ?)

તમે તે બાગમાં ગયા નથી કે ? Have you not been in that garden ? (હેવ યુ નૉટ બીન ઇન ધેટ ગાર્ડન ?)

તમે મારા બાપને જોયા છે ? Have you seen my father ? (હેવ યુ સીન માય ફાધર ?)

તમે તેને ચોપડી આપી નથી કે ? Have you not given him the book ? (હેવ યુ નૉટ ગીવન હીમ ધી બુક ?)

તમે તેને કાગળ લખ્યો કે ? Have you written a letter to him ? (હેવ યુ રીટન એ લેટર ટુ હીમ ?)

તમે મારો હીસાબ કર્યો નથી ? Have you not made out my account ? (હેવ યુ નૉટ મેડ આઉટ માય એકાઉન્ટ ?)

તમે મારા મિત્રને સલામ કરી કે ? Have you saluted my friend ? (હેવ યુ સેલ્યુટેડ માય ફ્રેન્ડ ?)

તમે કેવી રીતે ગયા ? How did you go ? (હાઉ ડીડ યુ ગો ?)

અહીંથી લંડન કેટલું દૂર છે ? How far is London from here ? (હાઉ ફાર ઇઝ લંડન ફ્રોમ હીઅર ?)

તમને આ શહેર કેવું લાગે છે ? How do you like this town ? (હાઉ ડુ યુ લાઇક ધીસ ટાઉન ?)

તમે અહીંઆં કેટલી વખત આવ્યા છો ? How often have you been here ? (હાઉ ઓફ્ન હૅવ યુ બીન હીયર ?)

તમે અહીંઆં કયાં સુધી રહેશો ? How long will you be here ? (હાઉ લૅાંગ વીલ યુ બી હીઅર ?)

આપણે વખત કેમ ગુજારશું ? How shall we pass the time ? (હાઉ શેલ ઉવી પાસ ધી ટાઇમ ?)

મારે કેટલો વખત રાહ જોવી પડશે ? How long shall I have to wait ? (હાઉ લૉંગ શેલ આઈ હૅવ ટુ વેઇટ ?)

તે પેટીની તમને શું કીંમત બેઠી ? How much did that box cost you ? (હાઉ મચ ડીડ ધૅટ બૉક્સ કૉસ્ટ યુ ?)

આની શી કિંમત બેઠી ? How much did this cost you? (હાઉ મચ ડીડ ધીસ કૉસ્ટ યુ ?)

તેણે તમને કેટલું આપ્યું? How much did he give you? (હાઉ મચ ડીડ હી ગીવ યુ ?)

તમે મને કહી શકશો કે "પી" કયાં રહે છે ? Can you tell me where P. lives ? (કેન યુ ટેલ મી વ્હેર પી લીવ્ઝ ?)

તમે તેને ઘેર લઇ શકશો ? Can you take him to his house? (કૅન યુ ટેઇક હીમ ટુ હીઝ હાઉસ ?).

તમે પેલી ખુરશી ઉપરથી કુદકો મારી શકશો? Can you jump from that chair ? (કૅન યુ જમ્પ ફ્રોમ ધેટ ચેર ?)

તમે તેને તે સંદેશો આપ્યો છે ? Did you give him the message ? (ડીડ યુ ગીવ હીમ ધી મૅસેજ ?)

તમે બીડી પીઓ છો ? Do you smoke ? (ડુ યુ સ્મોક ?)

તમે તે ઘંટ સાંભળો છો ? Do you hear the bell ? (ડુ યુ હીયર ધી બૅલ ?)

તમે મીસ્તર "જે." ને ઓળખો છો ? Do you know Mr. J. ? (ડુ યુ નો મીસ્ટર જે. ?)

તમને ખબર છે કે તે ક્યાં છે ? Do you know where he is ? (ડુ યુ નો વ્હેર હી ઇઝ ?)

શું આ માલની કાંઇ જકાત પડે છે ? Do these articles require duty to be paid ? (ડુ ધીઝ આરટીકલ્સ રીક્વાયર ડ્યુટી ટુ બી પેઇડ ?)

તમે મને કહેશો ? Will you tell me ? (વીલ યુ ટેલ મી ?)

તમે જાણો છો કે તે કોણે કીધું ? Do you know who did that ? (ડુ યુ નો હુ ડીડ ધૅટ ?)

તમે તેને ઓળખતા નથી ? Do you not know him ? (ડુ યુ નૉટ નો હીમ ?)

મારા ભાઈ પાસે કોના પૈસા છે ? Whose money my brother has ? (હુઝ મની માય બ્રધર હૅઝ ?)

તમે આ અવાજ સાંભળો છો ? Do you hear this noise ? (ડુ યુ હીઅર ધીસ નૉઇઝ ?)

તમારો મારા બાપને કહેવાનો વિચાર છે ? Do you intend to tell my father ? (ડુ યુ ઇનટેન્ડ ટુ ટેલ માય ફાધર ?)

તે જે કહે છે તે તમે સમજતા નથી ? Don't you understand what he says ? (ડોન્ટ યુ અનડરસ્ટેન્ડ ઉવૉટ હી સેઝ ?)

શું તમારો છોકરો ઈંગ્રેજી શીખે છે ? Does your son learn English ? (ડઝ યૉર સન લર્ન ઇંગ્લીશ ?)

તે આટલામાંજ રહે છે ? Does he live somewhere here ? (ડઝ હી લીવ સમઉવ્હેર હીઅર ?)

શું તે બાગમાં રહે છે ? Does he live in the garden ? (ડઝ હી લીવ ઇન ધી ગાર્ડન ?)

આગગાડી આવી પહોંચી છે શું ? Has the train arrived ? (હૅઝ ધી ટ્રેન એરાઇવ્ડ)

તે દૂધવાળો આવ્યો કે ? Has the milkman come ? (હૅઝ ધી મિલ્કમેન કમ ?)

તમારો દોસ્તદાર ગયો ? Has your friend gone ? (હૅઝ યોર ફ્રેન્ડ ગૉન ?)

કોઇને દરજીને બોલાવવા મોકલ્યો છે કે ? Has anybody been sent for the tailor ? (હૅઝ એનીબૉડી બીન સેન્ટ ફોર ધી ટેલર ?)

તેના ઘણા ઘરાક છે કે ? Has he got many customers ? (હૅઝ હી ગૉટ મેની કસ્ટમર્સ ?)

The Noun. (ધી નાઉન) નામ વિષે.

A noun is the name of any person, place or thing કોઇ પુરૂષ, સ્થળ, અથવા વસ્તુના નામને નામ કહે છે; as Gopal, (ગોપાલ) છોકરાનું નામ છે. Surat (સુરત) શહેરનું નામ છે. Horse (હૉર્સ) ઘોડો. Gold (ગોલ્ડ) સોનું વિગેરે.

Nouns are of five kinds—નામ પાંચ જાતનાં હોય છે.

(1) A Proper Noun (એ પ્રોપર નાઉન) વિશેષ નામ is the name of only one person or thing—વિશેષ નામ એટલે એકજ પુરૂષ અથવા સ્થળનું નામ જેમકે:—John (જોહન) માણસનું નામ છે. India (ઇન્ડીઆ) દેશનું નામ છે. Ganges (ગેન્જીસ) ગંગા નદી.

(૨) A Common noun (એ કૉમન નાઉન્) (સામાન્ય નામ) is the name which can be given to all things of the same kind; જે શબ્દ એક વર્ગના દરેકને લાગુ પડે તેને સામાન્ય નામ કહે છે. જેમકે—Horse (હાર્સ) ઘોડો, Cow (કાઉ) ગાય, Man (મૅન્) માણસ.

(૩) A Collective Noun (એ કલેક્ટીવ નાઉન્) (સમુહવાચક નામ) denotes a number of persons or things taken as one, as, flock, army, crowd &c. જેમકે:—Flock (ફ્લૉક) ટોળું. Army (આર્મી) ફોજ Crowd (ક્રાઉડ) ટોળું.

જે શબ્દ પુરૂષ અથવા વસ્તુના નામનો સમુહ બતાવે છે તે શબ્દને સમુહવાચક નામ કહે છે.

(૪) A Material Noun (એ મેટીરીઅલ નાઉન્) પદાર્થ સુચક નામ denotes the name of substances; as, iron (આયર્ન) લોઢું, gold (ગોલ્ડ) સોનું, stone (સ્ટોન) પથ્થર, wood (વુડ) લાકડું. પદાર્થ સુચક કોઇ પદાર્થનું નામ બતાવે છે.

(૫) An Abstract Noun (ઍન ઍબ્સ્ટ્રૅક્ટ નાઉન) (ભાવવાચક નામ) is the name of a quality or action.— જે નામ પ્રાણી, પદાર્થ ન દેખાડનાં તેઓમાં રહેલો ગુણ, સ્થિતિ, વિગેરે બતાવે છે તેને ભાવવાચક નામ કહે છે. જેમકે, whiteness (વ્હાઇટનેસ) ધોળાપણું, Bravory (બ્રેવરી) બહાદુરી, Truth (ટ્રુથ) સાચ.

વાંચન પાઠ ૫૨ મો.

શક્તિવાળું Able (એબલ)
બોલવું To speak (ટુ સ્પીક)
રવિવાર Sunday (સનડે)
મોટેથી Loudly (લાઉડલી)
જમીન Ground (ગ્રાઉન્ડ)
પકડવું Caught (કૉટ)
વેચનાર Seller (સેલર)
દોરડું Cord (કૉર્ડ)
રીતભાત Manners (મનર્સ)
કામ Work (વર્ક)
દુધ Milk (મીલ્ક)
પડવું To fall (ટુ ફૉલ)
પણ Even (ઇવન)
ભાગ્યેજ Seldom (સેલ્ડમ)
ભાગવું To break (ટુ બ્રેક)

સોટી Cane (કેઇન)
વાપરવી To use (ટુ યુઝ)
તાવ Fever (ફીવર)
કાગડો Crow (ક્રો)
ખાટલો Cot (કૉટ)
ભોંયરૂં Celler (સેલર)
તાન Chord (કૉર્ડ)
બળદ Bullock (બુલૉક)
દરમીયાન Course (કોર્સ)
ખાતરી Sure (શ્યુર)
સાંભળવું To hear (ટુ હીઅર)
જન્મથી By birth (બાય બર્થ)
ચાહવું Deign (ડેઇન)
અંધારૂં Dark (ડાર્ક)

મીયાંનો એક છોકરો વલી હતો One of the sons of Miya was Valli. (વન ઑફ ધી સન્સ ઑફ મીયાં વૉઝ વલી)

તેનાથી બોલાય એવું પણ નહતું He was not able to speak even. (હી વૉઝ નૉટ એબલ ટુ સ્પીક ઇવન)

કોણ જાણે તે કોનો છોકરો હતો None knows whose son he was. (નન નૉઝસ હુઝ સન હી વૉઝ)

સોટી ઘણી ક્વચિત્ વાપરવી A cane should be used very seldom. (એ કેઇન શુડ બી યુઝ્ડ વેરિ સેલ્ડમ્)

ગયે સોમવારથી એને તાવ આવે છે He has caught fever since Monday last. (હી હૅઝ કૉટ ફીવર સીન્સ મન્ડે લાસ્ટ)

હું ત્યાં આવ્યો ત્યારે તે ખાટલા ઉપર પડ્યો પડ્યો ઉંઘતો હતો When I came there, he lay asleep on a cot. (વ્હેન આઇ કેઇમ ધેર, હી લે એસ્લીપ ઓન એ કૉટ)

પેલો કાગડો મોટેથી કાકા કરે છે, તે તમે સાંભળો છો ? Do you hear how loudly that rook crows? (ડૂ યુ હીઅર હાઉ લઉડલી ધેટ રૂક ક્રોઝ)

જમીન ઉપર પદાર્થ પડે છે તેનું કારણ તેઓને માલુમ નથી They don't know the cause of articles falling to the ground. (ધે ડોન્ટ નો ધ કૉઝ ઓફ આરટીકલ્સ ફૉલીંગ ટુ ધ ગ્રાઉન્ડ)

તે જે ભોંયરામાં ઉતર્યો તેમાં અંધારૂ હતું The celler into which he went down was dark. (ધ સેલર ઇન્ટુ વ્હીચ હી વેન્ટ ડાઉન વૉઝ ડાર્ક)

આ માણસ બરફ વેચનાર છે This man is a seller of ice. (ધીસ મેન ઇઝ એ સેલર ઓફ આઇસ)

મેં તે તાંત તોડ્યો હશે I would have broken the chord. (આઈ વુડ હેવ બ્રૉકન ધ કૉર્ડ)

બળદને દોરડું બાંધ્યું તે તેણે તોડી નાંખ્યું છે The bullock has broken the cord which held him. (ધી બુલૉક હેઝ બ્રૉકન ધ કોર્ડ વિચ હેલ્ડ હીમ)

તેની રીતભાત ઘણી જંગલી હતી His manners were very coarse. (હીઝ મેનર્સ વર વેરિ કોર્સ)

આખા દહાડામાં ગમે ત્યારે એ કામ કરીશ I will do this work in the course of the day. (આઇ વિલ ડુ ધિસ વર્ક ઇન ધ કોર્સ ઓફ ધી ડે)

આલ્ફ્રેડ ધી ગ્રેટ એ જાતે સાક્શન હતો, ડેન નહોતો Alfred the great was a Saxon, not a Dane by birth. (ઍાલ્ફ્રેડ ધી ગ્રેટ વૉઝ એ સેક્શન, નૉટ એ ડેઇન બાઇ બર્થ)

મને નથી લાગતું કે તે એમ કરશે I do not think he will do so. (આઈ ડુ નોટ થીંક હી ઉવિલ ડુ સો)

The Adverb (ઍડ્વર્બ) ક્રિયાવિશેષણ વિષે.

An Adverb (ક્રિયાવિશેષણ અવ્યય) is a word which qualifies a verb, an adjective or another adverb. જે શબ્દ કોઈ ક્રિયાપદ, વિશેષણ કે બીજા કોઈ ક્રિયા વિશેષણના અર્થમાં વધારો બતાવે છે તે; જેમકે:-Walk *quickly*, it is *too* large, he studies very *diligently*. Adverbs. ની મુખ્ય ચાર જાતો છે તે નીચે પ્રમાણે.

(1) Adverbs of time—After, Afterwards, again, ago, already, always, before, by-and-by, daily, early, ever, formerly, hereafter, hereupon, hourly, immediately, late, letely, long, monthly mostly

never, next, now-a-days, after, once, presently, seldom, since, sometimes, soon, there upon, to day, too, to morrow, until, weekly, when, while, yearly, yesterday &c.

(2) Adverbs of place—Above, abroad, after, ahead, any where, apart, around, ashore, aside, away, back, before, behind, below, beneath, beyond, down, elsewhere, every-where, far, forth, forward, fro hence, here, hither, in, into, left, near, whence, where &c.

(3) Adverbs of Manner—Thus, so, well, quickly, as (જેમ) how. well, ill badly, aloud, rightly &c.

(4) Adverbs of Degree—Almost, altogether enough, especially, exceedingly, greatly, hardly highly, how, least, less, more, most, nearly, only, quite, scarcely, too very, wholly &c.

The Interjecion (ઇન્ટરજેક્શન)
કેવળપ્રયોગી અવ્યય.

જે શબ્દ કંઇ અકસ્માત મનોવિકાર બતાવે છે તેને કેવળપ્રયોગી અવ્યય કહે છે જેમકઃ—Oh! (ઑહ) અરે! Ah! Alas! Hurrah! (હુરરા) શાબાશ ! Lo ! Behold ! Welcome &c.

Oh! It is so! (ઓહ઼ ઇટ ઇઝ સો) અરે! તે એવું છે.

Oh! James has also come late (ઓહ! જેઇમ્સ હેઝ ઓલ્સો કમ લેઇટ) અરેરે! જેઇમ્સ પણ મોડો આવ્યો છે.

Alas we could not go in time. (અલાસ વી કુડ નાટ ગો ઇન ટાઇમ) અફસોસ! અમે વખતસર જઈ શક્યા નહિ.

Hurrah to that gentleman. (હુરરા ટુ ધેટ જેન્ટલમેન) શાબાશ તે ઉમરાવ માણસને.

Lo! we go! (લો! વી ગો) જુઓ, અમે જઇએ છીએ.

Behold! I am going. (બીહોલ્ડ! આઇ એમ ગોઈંગ) જુઓ હું જાઉં છું.

Welcome! to all who may come. (વેલકમ! ટુ ઓલ હુ મે કમ) જે સઘળા આવે તે ભલે આવો.

વાંચન પાઠ પર મો.

મુશ્કેલ Difficult (ડીફીકલ્ટ)
નક્કી કરવું To determine (ડીટરમીન)
હુશિયાર Clever (કલેવર)
સાચું Truth (ટ્રુથ)
ઘણા Many (મૅનિ)
કરતાં Then (ધેન)
કદી Never (નેવર
કામ Business (બીઝનેસ)
આગળ Forward (ફૉરવર્ડ)
ખરેખર Really (રીઅલિ)
થાકી ગયેલો Tired (ટાયર્ડ)
શીખવું Learn (લર્ન)
ઉંઘવું To sleep (ટુ સ્લીપ)
યુરોપીઅન European (યુરોપીઅન)
ઘણું સારૂં Far better (ફાર બેટર)
શીખવવું To teach (ટુ ટિચ)
પહેલાં Before (બીફોર)

ઘણું કરીને Nearly (નિઅર્લી)
ઘણું કરીને Mostly (મોસ્ટલી)
ઘણું કરીને Generally (જનરલી)
ખાસ કરીને Particularly (પર્ટિક્યુલર્લી)
મુખ્યત્વે કરીને Especially (એસપેશિઅલી)
પણ Too (ટુ)
એવી વખતે Such a time (સચ એ ટાઇમ)
વર્ગ Class (ક્લાસ)
પણ Even (ઇવન)
પછીથી Afterwards (આફ્ટરવર્ડ્ઝ)
આગળ ઉપર on (ઓન)
જંગલી,બેઅદબ Rude (રૂડ)
વખત Time (ટાઇમ)
આગળ ચાલવું To walk (ટુ વૉક)
હુશિયાર Clever (ક્લેવર)
આળસુ Idle (આઇડલ)
પણ Also (ઓલ્સો)
માંદી Sick (સીક)
નાનાં નાનાં Young (યંગ)

તે વાત નક્કી કરવી મુશ્કેલ છે It is difficult to determine that case. (ઇટ ઇઝ ડીફીકલ્ટ ટુ ડીટરમીન ધેટ કેઇસ)

તમારી પાસે આવ્યાથી તે શું શિખે છે ? What does he learn by coming to you? (વ્હૉટ ડઝ હી લર્ન બાય કમીંગ ટુ યુ ?)

થાકી ગયો ત્યાં લગી મેં વાંચ્યું, અને પછી ઉંઘી ગયો I read till I was tired and then went to sleep. (આઇ રેડ ટીલ આઇ વૉઝ ટાયર્ડ એન્ડ ધેન વેન્ટ ટુ સ્લિપ)

તમે ઘણા હોંશિયાર છો, પણ અંગ્રેજ યુરોપીઅનની પેઠે બોલતા નથી You are very clever, but can't speak just like a European. (યુ આર વેરિ ક્લેવર, બટ કાન્ટ સ્પીક જસ્ટ લાઇક એ યુરોપિઅન)

સાચું કહેવડાવા તો તે તમારામાંના ઘણાં કરતાં તે બહુ સારૂં લખે છે To tell you the truth, he writes far better than many of you. (ટુ ટેલ યુ ધ ટુથ હી રાઇટસ ફાર બેટર ધેન મૅનિ ઓફ યુ)

મારા કરતાં તે બહુ સારી રીતે શિખવે છે He teaches far better then me. (હી ટીચીઝ ફાર બેટર ધેન મી)

મેં તને આગળ કદી દીઠો નહોતો I never saw thee before. (આઇ નેવર સૉ ધી બીફોર)

મારૂં કામ એ છે કે, તમારી આગળ ચાલવું My business is to walk before you. (માય બીઝનેસ ઇઝ ટુ વૉક બીફોર યુ)

તમે કેમ આગળ ચાલો છો ? Why do you go forward ? (વ્હાય, ડુ યુ ગો ફોરવર્ડ ?)

તે તમે પછી કરો તો સારૂં I wish you do it afterwards (આઇ વીશ યુ ડુ ઇટ આફ્ટરવર્ડ્ઝ)

તેને કહો કે આગળ વાંચતો નહિ Tell him not to go on reading. (ટેલ હિમ નોટ ટુ ગો ઓન રીડીંગ)

ઘણું ખરૂં તેઓએ બધું પુરૂં કીધું છે They have finished nearly the whole. (ધે હૅવ ફીનીસ્ડ નીઅર્લી ધ હોલ)

તેઓ ઘણું કરીને વાણીયા હતા They were mostly banias. (ધે વેર મોસ્ટલી બનીયાઝ)

નાનાં નાનાં છોકરાં ઘણું કરીને હોશિયાર હોય છે Young boys are generally clever (યંગ બૉયઝ આર જનરલી ક્લેવર)

ઘણું કરીને તે બારમી તારીખે જશે He will probably go on the 12th (હી વીલ પ્રોબેબ્લી ગો ઓન ધ ટુવેલ્થ)

આ વર્ગના છોકરાઓ ઘણા હોંશિયાર છે The boys of this class are very clever. (ધ બોયઝ ઓફ ધીસ કલાસ આર વેરી કલેવર)

ઘણું કરીને એવી વખતે એમ કહેવું ઘણું બેઅદબી ભરેલું છે It is very rude to say so, especially at such a time. (ઇટ ઇઝ વેરી રૂડ ટુ સે સો, એસ્પેશીઅલી એટ સચ એ ટાઇમ)

તે હુશિયાર પણ આળસુ છે He is diligent but careless. (હી ઇઝ ડીલીજન્ટ બટ કેરલેસ)

તેઓ પણ જશે They will also go. (ધે ઉવીલ ઓલસો ગો)

તે પણ માંદી હતી She too was sick. (શી ટુ વોઝ સીક)

વાંચન પાઠ ૫૩ મો.

વાંધો, તકરાર Dispute (ડીસ્પ્યુટ)	પહેલો First (ફર્સ્ટ)
ઉભા રહેવું To stand (ટુ સ્ટેન્ડ)	ઘણુંકરીને Generally (જનરલ)
ટોળું Crowd (ક્રાઉડ)	વર્ગ Class (ક્લાસ)
જણ–માણસ Persons (પર્સન્સ)	રાખવું To keep (ટુ કીપ)
સિવાય Without (વીધાઉટ)	વચ્ચે Between (બિટવિન)
સિવાય Unless (અનલેસ)	વચ્ચે, મધ્યમાં Middle (મીડલ)
સિવાય But (બટ)	વચ્ચે Among (એમોંગ)
સિવાય Except (એક્સેપ્ટ)	કજીઓ Quarrel (ક્વૉરલ)

તે ઉપરાંત Besides (બીસાઇડઝ)
ઇનામ મળવું To get reward (ટુ ગેટ રીવૉર્ડ)
ચોપડી Book (બુક)
આપવું To give (ટુ ગીવ)
વચ્ચે Amidst (એમિડસ્ટ)
કજીઓ થવો To break out (ટુ બ્રેક આઉટ)
હાજર Present (પ્રેઝન્ટ)
તને Thee (ધી)
સઘળા All (ઑાલ)

મારી અને તેની વચ્ચે વાંધો છે There is a dispute between me and him. (ધેર ઇઝ એ ડીસ્પ્યુટ બીટવીન મી એન્ટ હીમ)

આ છોકરો ઘણોખરો વર્ગમાં પહેલો રહે છે This boy generally keeps first in the class. (ધિસ બોય જનરલી કીપ્સ ફર્સ્ટ ઇન ધી ક્લાસ)

તે માણસો વચ્ચે કજીઓ થયો A quarrel broke out among those persons. (એ કવારલ બ્રોક આઉટ એમંગ ધોઝ પર્સન્સ)

તે લોકોની વચ્ચે ઉભો હતો He was standing amidst the people. (હી વૉઝ સ્ટેન્ડીંગ એમીડસ્ટ ધ પીપલ)

તેના સિવાય તેઓ ઘેર પાછા ગયા They returned home without him. (ધે રીટર્ન્ડ હોમ વીધાઉટ હીમ)

તારા સિવાય બધા હાજર હતા All were present but thee. (ઓાલ વેર પ્રેઝન્ટ બટ ધી)

તે છોકરી સિવાય સઘળાને ઇનામ મળ્યું All were rewarded besides that girl. ઓાલ વેર રીવૉર્ડેડ બીસાઇડઝ ધેટ ગર્લ)

તે ચોપડી આપ્યા સિવાય હું તેને જવા નહિ દઉ I will not let him go, unless he gives me that book. (આઇ વીલ નોટ લેટ હીમ ગો, અનલેસ હી ગીવ્ઝ મી ધેટ બુક)

મારા સિવાય બધા માંદા પડ્યા All took ill except me. (ઓલ ટુક ઇલ એકસેપ્ટ મી)

મોતીલાલ અને ચમનભાઇ વચ્ચે તકરાર છે Their is a dispute between Motilal and Chimanbhai. (ધેર ઇઝ એ ડીસ્પ્યુટ બીટવીન મોતીલાલ એન્ડ ચમનભાઇ)

વાંચન પાઠ ૬૭ મો.

ફક્ત Only (ઓનલી)	બાઇ Lady (લેડી)
ઝાપટું Shower (શાવર)	દેખાય છે Looks (લુક્સ)
ભીંજવું Wet (વેટ)	એકલાં Alone (અલોન)
બદલવું Change (ચેન્જ)	મીજાજ Temper (ટેમ્પર)
કપડાં Clothes (ક્લોધ્ઝ)	સુકવા Dry (ડ્રાય)
સુરજ Sun (સન)	પાઠ Lesson (લેસન)
ચંદ્ર Moon (મુન)	શીખતાં Learning (લર્નીંગ)
પ્રકાશે છે Shines (શાઇન્સ)	અભ્યાસ કરવો Study (સ્ટડી)
હુશિયાર Intelligent, Clever (ઇન્ટેલીજન્ટ, કલેવર)	દેખાવું Appear (એપીઅર)
	બેહેન Sister (સીસ્ટર)
મરજી Desire (ડીઝાયર)	ગુસ્સે Angry (એંગ્રી)
ઇનામ Reward (રીવૉર્ડ)	

તે ફક્ત ઝાપટું હતું It was only a shower. (ઇટ વૉઝ ઓનલી આ શાવર)

તમે ભીંજાઇ જશો You will get wet. (યુ ઉવીલ ગેટ ઉવેટ)
શું તમે ભીંજાઇ ગયા? Did you get wet? (ડીડ યુ ગેટ ઉવેટ)
હું ભીંજાઇ ગયો છું I have got wet. (આઇ હેવ ગોટ ઉવેટ)
તેનાં કપડાં બદલો Change his clothes. (ચેઇન્જ હીઝ ક્લોધ્ઝ)
આ કપડાં સુકવો Dry these clothes. (ડ્રાય ધીસ ક્લોધ્ઝ)
તડકો ચઢવા માંડ્યો છે The Sun is coming out. (ધી સન ઇઝ કમીંગ આઉટ)
ચંદ્ર પ્રકાશે છે The Moon shines. (ધી મુન શાઇન્સ)
ચાંદરાત ક્યારે દેખાશે? When will the new moon appear? (વ્હેન ઉવીલ ધી ન્યુ મુન એપીઅર ?)
આ બાઇ કોણ છે? Who is this lady? (હુ ઇઝ ધીસ લેડી ?)
તે મારી બહેન હતી She was my sister. (શી વાઝ માય સીસ્ટર)
તેને જઇને પુછો Go and ask her. (ગો એન્ડ આસ્ક હર)
તે મારી સાથે ગુસ્સે છે She is angry with me. (શી ઇઝ એન્ગ્રી ઉવીથ મી)
તે તમારી સાથે કેમ ગુસ્સે છે? Why is she angry with you? (વ્હાય ઇઝ શી એન્ગ્રી ઉવીથ યુ ?)
આજે મારા શેઠ ઘણા ગુસ્સે દેખાય છે My master looks very angry to-day. (માય માસ્ટર લુક્સ વેરી એન્ગ્રી ટુ-ડે)
એને છેડતા ના, એનો મિજાજ ગયેલો છે Let him be alone, he has lost his temper. (લેટ હીમ બી અલોન, હી હેઝ લૉસ્ટ હીઝ ટેમ્પર)

તેણે મારી સાથે કજીઓ કર્યો He fell out with me. (હી ફેલ આઉટ ઉવીથ મી)

તમારે મારી સાથે ગુસ્સે થવું નહીં જોઇએ You should not be angry with me. (યુ શુડ નોટ બી એન્ગ્રી ઉવીથ મી)

તે મારી સાથે ગુસ્સે હતો ? He was angry with me. (હી ઉવૉઝ એનગ્રી ઉવીથ મી)

તમે શાને માટે ગુસ્સે છો ? What are you angry about ? (ઉવૉટ આર યુ એન્ગ્રી એબાઉટ ?)

તમે અહીંયાં શું કરો છો ? What are you doing here ? (વૉટ આર યુ ડુઇંગ હીઅર ?)

હું મારો પાઠ શીખું છું I am learning my lesson. (આઇ એમ લર્નીંગ માય લેસન)

તેને અભ્યાસ કરવો ગમે છે He likes to study. (હી લાઇક્સ ટુ સ્ટડી)

વાંચન પાઠ ૫૫ મો.

બન્યું,થયું Happened (હૅપન્ડ)
અકસ્માત Accident (એકસીડન્ટ)
અરધો Half (હાફ)
મીનીટો Minutes (મીનીટસ)
તોપ Gun (ગન)
ફુટી Fired (ફાયર્ડ)
દશ Ten (ટૅન)
પા Quarter (ક્વૉર્ટર)
થઈ ગયો Past (પાસ્ટ)
હાથ Hands (હૅન્ડઝ)
કાળજી, સંભાળ Care (કૅર)
ઠંડું Cold (કૉલ્ડ)
વખત Time (ટાઇમ)
ઘડીઆળ Clock (ક્લૉક)

ભુલી ગયો Forgot (ફરગોટ | ઘણું જલદી Too fast (ટુ ફાસ્ટ)
કુંચી આપવી Wind (ઉવાઇન્ડ) | ઘણું ધીમું Too slow (ટુ સ્લો)
બંધ પડ્યું Stopped (સ્ટાપ્ડ) | બગડેલું Out of order (આઉટ ઓફ ઓર્ડર)
બરાબર Right (રાઇટ) |
માંડવું Set (સૅટ) | જગ્યા, ઓરડો Room (રૂમ)
પથારી Bed (બેડ) | કુંચી Key (કી)
દીવો Lamp (લેમ્પ) | ઉડવું Rise (રાઇઝ)
બત્તી Light (લાઇટ) | ઓલવાઇ જવી Extinguished (એકસટીંગ્વીશડ)
સુરજ ઉગતાં Sun-rise (સન-રાઇઝ) | સુધી Till (ટીલ)
હોલવી નાંખવી Put out (પુટ આઉટ) | ઉઠવું Get up (ગેટ અપ)
તેલ Oil (ઑઇલ)

ત્યાં કંઇ બન્યું છે Something has happened there. (સમથીંગ હેઝ હેપન્ડ ધેર)
કંઇ બન્યું નથી Nothing has happened. (નથીંગ હેઝ હેપન્ડ)
શું બન્યું હતું? What had happened? (ઉવોટ હેડ હેપન્ડ?)
એ ક્યારે બન્યું? When did that happen? (ઉહ્વેન ડીડ ધેટ હેપન?)
તેને શું થયું છે? What has happened to him? (ઉવોટ હેઝ હેપન્ડ ટુ હીમ?)
તેણીને અકસ્માત થયો છે She had an accident. (શી હેડ એન એકસીડન્ટ)
મારા હાથ ઠંડા છે My hands are cold. (માય હેન્ડઝ આર કોલ્ડ)

હું તેની સંભાળ લઇશ I will take care of him. (આઇ વીલ ટેક કૅર ઓફ હીમ)

તે મારી ઓળખીતી હતી She was my acquaintance. (શી વોઝ માય એકવેન્ટસ)

તમે શું કહો છો ? What do you say ? (હવાટ ડુ યુ સે ?)

કેટલા વાગ્યા ? What's the time ? (હવોટસ ધી ટાઇમ ?)

સવા સાત Quarter past seven. (ક્વાર્ટર પાસ્ટ સેવન)

સાડા દશ Half past ten. (હાફ પાસ્ટ ટેન)

સાતને પાંચ મીનીટ Five minutes past seven. (ફાઇવ મીનીટ્સ પાસ્ટ સેવન)

આઠમાં ચાર મીનીટ કમ Four minutes to eight. (ફોર મીનીટસ ટુ એઇટ)

હજી દશ વાગ્યા નથી It is not ten yet. (ઇટ ઇઝ નૉટ ટેન યટ)

તોપ પડી કે ? Has the gun fired ? (હૅઝ ધી ગન ફાયર્ડ ?)

હજી પડી નથી It is not yet fired. (ઇટ ઇઝ નૉટ યટ ફાયર્ડ)

કેટલા વાગતે તોપ પડે છે ? At what hour is the gun fired ? (ઍટ હવૅાટ અવર ઇઝ ધી ગન ફાયર્ડ ?)

બાર વાગતે At twelve o'clock. (ઍટ ટવેલ્વ ઓ'ક્લોક)

તમારૂં ઘડીઆળ ઘણું ઉતાવળું છે Your clock is too fast. (યૉર ક્લૉક ઇઝ ટુ ફાસ્ટ)

મારૂં ઘડિઆળ ઘણું ધીમું છે My clock is too slow. (માય ક્લૉક ઇઝ ટુ સ્લો)

તેનું ઘડીઆળ બગડેલું છે His clock is out of order.
(હીઝ ક્લૉર્ક ઇઝ આઉટ ઑફ઼ ઑર્ડર)

હું તેને કુંચી આપવાની ભુલી ગયો I forgot to wind it up.
(આઇ ફ઼ર્ગોટ ટુ ઉવાઇન્ડ ઇટ અપ)

ઘડીઆળ બંધ પડ્યું હતું The clock had stopped. (ધી ક્લૉક હૅડ સ્ટૉપ્ડ)

ઘડીઆળને કુંચી આપો Wind up the clock. (ઉવાઉન્ડ અપ ધી ક્લૉક)

મને મારા ઓરડાની કુંચી આપો Give me the key of my room. (ગીવ મી ધી કી ઑફ઼ માય રૂમ)

તમારી પાસે તે કુંચી છે કે નહિ ? Have you got the key or not ? (હેવ યુ ગૉટ ધી કી ઑર નૉટ ?)

હા, મારી પાસે તે કુંચી છે Yes, I have got the key.
(યસ, આઇ હેવ ગોટ ધી કી)

અમારા ઓરડામાં દીવો છે We have a lamp in our room.
(ઉવી હેવ આ લૅમ્પ ઇન અવર રૂમ)

બત્તી ઓલવાઈ ગઈ હતી The light was extinguished.
(ધી લાઇટ વોઝ એક્સટીંગ્વીસ્ડ)

દીવો લાવો Bring a lamp. (બ્રીન્ગ આ લેમ્પ)

બત્તી સળગાવો Light the lamp. (લાઇટ ધી લેમ્પ)

બત્તી હોલવી નાંખો Put out the light. (પુટ આઉટ ધી લાઇટ)

દીવામાં તેલ નથી There is no oil in the lamp. (ધેર ઇઝ નો ઓઇલ ઇન ધી લેમ્પ)

અમે સુવા જઇએ છીએ We go to bed. (વી ગો ટુ બેડ)

હજી સુવાનો વખત નથી It is not yet time to go to bed. (ઇટ ઇઝ નૉટ યટ ટાઇમ ટુ ગો ટુ બેડ)

તમે વેહેલા ઉઠતા નથી? Do you not rise early? (ડુ યુ નૉટ રાઇઝ અર્લી?)

સુરજ ઉગતાં હું ઉઠું છું I rise at sunrise. (આઇ રાઇઝ એટ સનરાઇઝ)

મને કાલે વહેલા ઉઠાડજો Wake me up early to morrow. (ઉવેક મી અપ અર્લી ટુ-મોરો)

મને નવ વાગ્યા સુધી ઉઠાડતા નહિ Do not wake me up till 9 o'clock. (ડુ નૉટ ઉવેક મી અપ ટીલ નાઇન ઓ'કલોક)

ઉઠવાનો વખત થયો છે? Is it time to get up? (ઇઝ ઇટ ટાઇમ ટુ ગેટ અપ?)

વાંચન પાઠ ૫૬ મો.

કપડાં પહેરવાં Dress (ડ્રેસ)

ઉંઘ Sleep (સ્લીપ)

ઉઠવું Rise up (રાઇઝ અપ)

મોડું Late (લેઇટ)

લાગવું Feel (ફીલ)

માં During (ડ્યુરીંગ)

જાગ્યો Awoke (અવોક)

રાત Night (નાઇટ)

પેસાબખાનું, સંડાસ Water closet (ઉવોટર-ક્લોઝેટ)

નાહવાની જગા Bath-room (બાથ-રૂમ)

નાહાવું Bathe (બેધ)

બોલાવવા મોકલવું Send for (સેન્ડ ફોર)

હજામ Barber (બારબર)

ઉંઘતાં Sleeping (સ્લીપીંગ)
શેઠ Master (માસ્ટર)
ગામ Village (વીલેજ)
ઉભા રહેવું Stay (સ્ટે)
થોડા Few (ફ્યુ)
સગાં Relatives (રીલેટીવ્ઝ)
તરફ At (એટ)
લઇ જવું Take (ટેઇક)
હવા ખાવા Change of air (ચેન્જ ઓફ એર)
ગરમ Hot (હોટ)
પાણી Water (વોટર)
સાબુ Soap (સોપ)
મુકવું Put (પુટ)
રૂમાલ Napkin (નૅપકીન)
ઓળગવું Comb (કોમ્બ)
વાળ Hair (હેર)
બ્રુશ Brush (બ્રશ)
રહેવું Beside (બીસાઇડ)
પાછા ફરવું Return (રીટર્ન)

ઉઠો ને કપડાં પહેરો Get up and dress yourself. (ગેટ અપ એન્ડ ડ્રેસ યૉરસેલ્ફ)

તેને ઉંઘ કેમ આવી? How did he sleep? (હાઉ ડીડ હી સ્લીપ?)

તમે એટલા મોડા કેમ ઉઠ્યા? Why did you get up so late? (વ્હાય ડીડ યુ ગેટ અપ સો લેઇટ?)

હું ઘણો મોડો સુતો I went to bed very late. (આઇ વેન્ટ ટુ બેડ વેરી લેઇટ)

મને ઉંઘ આવતી નથી I do not feel sleepy. (આઇ ડુ નૉટ ફીલ સ્લીપી)

દીવસે સુવું સારૂં નથી It is not good to sleep during the day. (ઇટ ઇઝ નોટ ગુડ ટુ સ્લીપ ડ્યુરીંગ ધી ડે)

હું પાંચ વાગ્યે જાગ્યો I awoke at five o'clock. (આઇ અવોક એટ ફાઇવ ઓકલોક)

આજે સહવારે તે વહેલો ઉઠયો He got up early this morning. (હી ગોટ અપ અર્લી ધીસ મોર્નીંગ)

તે ઉઠયો કે ? Has he got up? (હેઝ હી ગોટ અપ ?)

તે ઉંઘે છે He is sleeping. (હી ઇઝ સ્લીપીંગ)

તેને ઉઠાડો Wake him up. (ઉવેક હીમ અપ)

મારા શેઠ ઉઠયા કે ? Has my master got up ? (હેઝ માય માસ્ટર ગોટ અપ ?)

તેઓને જઇને ઉઠાડો Go and wake them up. (ગો એન્ડ ઉવેક ધેમ અપ)

પેશાબ કરવાની જગ્યા કયાં છે? Where is the water-closet ? (ઉવ્હેર ઇઝ ધી ઉવોટર-ક્લૉઝેટ ?)

ન્હાવા ની જગ્યા કયાં છે ? Where is the bath room ? (ઉવ્હેર ઇઝ ધી બાથ-રૂમ ?)

તમારે ન્હાવું છે ? Do you wish to bathe ? (ડુ યુ ઉવીશ ટુ બેધ ?)

હા, હું ન્હાવા ઇચ્છું છું Yes, I wish to bathe. (યસ. આઇ ઉવીશ ટુ બેધ)

તમે એક હજામને બોલાવા મોકલશો ? Will you send for a barber ? (ઉવીલ યુ સૅન્ડ ફોર આ બારબર ?)

ન્હાવાને ગરમ પાણી લાવો Bring hot water to bathe. (બ્રીંગ હૉટ ઉવોટર ટુ બેધ)

હું ન્હાવા જાઉં છું I am going to bathe. (આઇ એમ ગોઇંગ ટુ બેધ)

મને પેલો સાબુ નહિ આપો ? Will you not give me that soap ? (ઉવીલ યુ નોટ ગીવ મી ધેટ સોપ ?)

તમે રૂમાલ મુક્યો ? Did you put the napkin ? (ડીડ યુ પુટ ધી નૅપકીન ?)

મારે મારા વાળ ઓળવા છે ? I wish to comb my hair ? (આઈ ઉવીશ ટુ કૉમ્બ માય હૅર ?)

તે શા માટે જાય છે ? What is he going for ? (ઉવૉટ ઇઝ હી ગોઈંગ ફૉર ?)

શું તેઓ મુંબઇ જાય છે ? Are they going to Bombay ? (આર ધે ગોઈંગ ટુ બૉમ્બે ?)

ના, તેઓ નથી જતાં No, they are not going. (નો, ધે આર નોટ ગોઈંગ)

તમે ગામ જાઓ છો ? Are you going to a village ? (આર યુ ગોઇંગ ટુ આ વીલેજ ?)

તમે ત્યાં રહેવા જાઓ છો ? Are you going to reside there ? (આર યુ ગોઈંગ ટુ રીઝાઇડ ધેર)

ના, મુંબઇમાં હું ફક્ત થોડા દહાડા રહીશ No, I shall stay in Bombay for a few days only. (નો, આઇ શેલ સ્ટે ઇન બૉમ્બે ફૉર આ ફ્યુ ડેઝ ઓનલી)

ત્યાં તમારાં કોઇ સગાં છે ? Have you any relatives there? (હેવ યુ એની રીલેટીવ્ઝ ધેર ?)

મારો બાપ હમણાં સુરતમાં છે My father is now at Surat. (માય ફાધર ઇઝ નાઉ એટ સુરત)

તમે સુરત શા સારૂ જાઓ છો? What takes you to surat? (વ્હોટ ટેઇકસ યુ ટુ સુરત)

હું ત્યાં કંઇ કામ સારૂ જાઉં છું I am going there on some business. (આઇ એમ ગોઇંગ ધેર ઓન સમ બીઝનેસ)

હું ત્યાં હવાખાવા જાઉં છું I am going there for a change of air. (આઇ એમ ગોઇંગ ધેર ફોર આ ચેન્જ ઓફ એર)

તમે પાછા કયારે આવશો? When will you return? (ઉ્હેન ઉવીલ યુ રીટર્ન ?)

હું થોડા દહાડામાં પાછો આવીશ I shall return in a few days. (આઇ શેલ રીટર્ન ઇન આ ફ્યુ ડેઝ)

વાંચન પાઠ ૫૭ મો.

સુખી Happy (હેપી)	મહીનો Month (મન્થ)
મુસાફરી Journey (જર્ની)	પણ, વળી Too (ટુ)
મળ્યું Received (રીસીવ્ડ)	જુવાન Young (યંગ)
શહેર Town (ટાઉન)	છોકરી Miss (મીસ)
નક્કી,ચોક્કસ Certain (સરટન)	તે પોતે Herself (હરસેલ્ફ)
બીજું,આવતું Next (નેક્સ્ટ)	ઘરડી Old (ઓલ્ડ)
મોટો છોકરો Master (માસ્ટર)	હજી Still (સ્ટીલ)
મોટું Large (લાર્જ)	તોડયું Broke off (બ્રોક ઓફ)
કુટુંબ Family (ફેમીલી)	ટાળો Match (મેચ)
માણસો Men (મેન)	પોતાની બાયડી Wife (વાઇફ)

પરણેલો Married (મેરીડ) રંડાયલી Widow (વીડો)
એકલો Single (સીંગલ) શખ્સ Fellow (ફેલો)
કુંવારો Bachelor (બેચેલર) રંડાયલો Widower (વીડોઅર)

હું તેને સુખી મુસાફરી ઇચ્છું છું I wish him a happy journey. (આઇ વીશ હીમ આ હેપી જર્ની)

તે ભરૂચ ગયો છે He has gone to Broach. (હી હેઝ ગોન ટુ બ્રોચ)

તે પાછો ક્યારે આવશે ? When will he return ? (વ્હેન વીલ હી રીટર્ન ?)

તે આવતા અઠવાડીઆમાં આવશે He will come in the next week (હી વીલ કમ ઇન ધ નેક્સ્ટ વીક)

તમે તે કેમ જાણ્યું ? How did you know that ? (હાઉ ડીડ યુ નો ધેટ ?)

મને કાગળ મળ્યો હતો I had received a letter. (આઇ હેડ રીસીવ્ડ આ લેટર)

તમને સુરત કેવું લાગે છે ? How do you like Surat ? (હાઉ ડુ યુ લાઇક સુરત ?)

મને તે શહેર ઘણું ગમે છે I like that town very much. (આઇ લાઇક ધેટ ટાઉન વેરી મચ)

તમે પાછા ત્યાં ક્યારે જશો ? When will you go back there ? (વ્હેન વીલ યુ ગો બેક ધેર ?)

તે ચોક્કસ નથી It is not certain. (ઇટ ઇઝ નોટ સરટન)

આવતે મહીને હું પુને જઇશ Next month I shall go Poona. (નેક્સ્ટ મન્થ આઇ શેલ ગો ટુ પુના)

હું તમારી સાથે આવીશ I will come with you. (આઇ ઉવીલ કમ ઉવીથ યુ)
પેલી જુવાન બાઇ કોણ હતી ? Who was that young lady ? (હુ વોઝ ધેટ યંગ લેડી ?)
તે તેણી પોતે છે It is she herself. (ઈટ ઈઝ શી હરસેલ્ફ)
તે ઘરડી બાઇ કોણ છે ? Who is that old lady ? (હુ ઈઝ ધૅટ ઓલ્ડ લેડી)
હું તેને ઓળખતો નથી I don't know her. (આઇ ડોન્ટ નો હર)
પેલો જુવાન શખ્સ કોણ છે ? Who is that young man ? (હુ ઇઝ ધેટ યંગ મેન ?)
રામજીનો છોકરો Master Ramjee. (માસ્તર રામજી)
તેને મોટું કુટુંબ છે He has a large family. (હી હેઝ આ લાર્જ ફેમીલી)
તેઓ સારાં માણસ છે They are good men. (ધે આર ગુડ મેન)
તમે પરણેલા છો કે ? Are you married ? (આર યુ મેરીડ ?)
તેઓ પરણ્યા છે કે ? Are they married ? (આર ધે મેરીડ ?)
નહિ, હું કુંવારો છું No, I am a bachelor. (નો, આઇ એમ આ બેચેલર)
તમે ક્યારે લગન કરવાના છો ? When are you going to marry ? (ઉવ્હેન આર યુ ગોઇંગ ટુ મૅરી ?)
મારે હમણાં પરણવું નથી I don't like to marry now. (આઇ ડોન્ટ લાઇક ટુ મૅરી નાઉ)
એમ કેમ ? Why so ? (ઉવાઇ સો ?)

કારણ હું નાનો છું Because I am young. (બીકૉઝ આઈ એમ યંગ)
તમારો ભાઇ પરણેલો છે કે ? Is your brother married ? (ઇઝ યૉર બ્રધર મૅરીડ ?)
ના, તે કુંવારો છે No, he is a bachelor. (ના, હી ઇઝ આ બેચેલર)
તે હજી કુંવારો છે ? Is he still a bachelor ? (ઇઝ હી સ્ટીલ આ બેચેલર ?)
તેણે કાજ તોડ્યું He broke off the match. (હી બ્રોક ઑફ ધી મૅચ)
મેં બાયડી કીધી I took a wife. (આઇ ટુક આ ઉવાઇફ)
તેણી પરણેલી છે કે ? Is she married ? (ઇઝ શી મૅરીડ ?)
તેણી રંડાએલી છે She is a widow. (શી ઇઝ આ ઉવીડો)
અને પેલો ? And that man ? (ઍન્ડ ધેટ મૅન ?)
તે પણ રંડાએલો છે He is also a widower. (હી ઇઝ ઑલ્સો આ ઉવીડોઅર)
આ બાઇ કોણ છે ? Who is this lady ? (હુ ઇઝ ધીસ લેડી ?)

વાંચન પાઠ ૫૮ મો.

જાય છે Is passing (ઇઝ પાસીંગ)
બહાર નીકળ્યા Set out (સેટ આઉટ)
દરજી Tailor (ટેલર)
સુથાર Carpenter (કારપેન્ટર)
પહેરવું Put on (પુટ ઓન)
પાઘડી Turban (ટર્બન)

સાથે To gether (ટુ ગેધર)
આશા રાખવી Hope (હોપ)
ફતેહ પામવું Succeed (સક્સીડ)
શકતો નથી Cannot (કેનનોટ)
ઉપકારી Obliged (ઓબ્લાઇજ્ડ)
તેજ, સરખું Same (સેઇમ)
અરજ કીધી Requested (રીક્વેસ્ટેડ)
અરજ કરવી Request (રીક્વેસ્ટ)
યાદ રાખવું Remember (રીમેમ્બર)

ઉંચાઇ Height (હાઇટ)
ખોટ પુરી Made up loss (મેડ અપ લૉસ)
આભારી Thankful (થેન્કફુલ)
નાઉમેદ કરવું Disappoint (ડીસએપોઇન્ટ)
મને To me (ટુ મી)
તજવીજ કરવી Try (ટ્રાય)
સૌથી સરસ Best (બેસ્ટ)
હેત, મહેરબાની Favour (ફેવર)
કંઇ નહિ Nothing (નથીંગ)

તે કોણ જાય છે ? Who is that passing ? (હુ ઇઝ ધેટ પાસીંગ ?)
તેણે મને જોયો નહિ He saw me not. (હી સૉ મી નૉટ)
તે પોતે અહીંઆં છે He himself is here. (હી હીમસેલ્ફ ઇઝ હીઅર)
તેઓ સાથે નીકળ્યા They set out. to-gether. (ધે સેટ આઉટ ટુગેધર)
તે ઘેર પાછો આવ્યો He returned home. (હી રીટર્ન્ડ હોમ)
શું તે દરજી છે ? Is he a tailor ? (ઇઝ હી આ ટેલર ?)
નહિ, તે સુથાર છે No, he is a carpenter. (નો, હી ઇઝ આ કારપેન્ટર)
તેઓ કપડાં પહેરે છે They put on their clothes. (ધે પુટ ઓન ધેર ક્લોધ્ઝ)

હું તેની પાઘડી પહેરૂં છું I put on his turban. (આઇ પુટ ઓન હીઝ ટર્બન)

તમે તેની ઉમર શું ધારો છો ? What do you think his age to be ? (ઉવોટ ડુ યુ થીંક હીઝ એજ ટુ બી ?)

તે મારા જેટલો ઉચો છે He is of my height. (હી ઇઝ ઓફ માય હાઇટ)

તેણી તેમાં ફતેહ પામી She succeeded in it. (સી સક્સીડેડ ઇન ઇટ)

હું તેમાં ફતેહ પામવાની આશા રાખું છું I hope to succeed in it. (આઇ હોપ ટુ સકસીડ ઇન ઇટ)

મારી ખાતરી છે કે તે તમારાથી થશે નહિ I am sure you cannot do that. (આઇ એમ શ્યુર યુ કૅનનૉટ ડુ ધેટ)

તેણે તેની ખોટ પુરી He made up his loss. (હી મેઇડ અપ હીઝ લાસ)

હું તેનો આભારી છું I am thankful to him. (આઇ એમ થેન્કફુલ ટુ હીમ)

હું એમ કહી શકતો નથી I cannot say so. (આઇ કૅનનૉટ સે સો)

હું હમણાં તમને કહી શકતો નથી I cannot tell you now. (આઇ કૅનનૉટ ટૅલ યુ નાઉ)

હું પાછો આવું ત્યાં સુધી વાટ જોજો Wait till I return. (ઉવેટ ટીલ આઇ રીટર્ન)

હું તમારો મોટો ઉપકાર માનું છું I am much obliged to you. (આઈ એમ મચ ઓબ્લાઇજડ ટુ યુ)

તેનું કાંઇ નહિ It does not matter. (ઇટ ડઝ નોટ મૅટર)
મારે બધુ સરખું છે It is all the same to me. (ઇટ ઇઝ ઓલ ધી સેઇમ ટુ મી)
તમારે માટે મારાથી બનશે તેટલું કરીશ I will try my best for you. (આઇ ઉવીલ ટ્રાય માય બૅસ્ટ ફોર યુ)
તમે તેના ઉપર એક મહેરબાની કરશો? Will you do him a favour? (ઉવીલ યુ ડુ હીમ આ ફેવર?)
મને ના ઉમેદ કરના ના Do not disappoint me. (ડુ નોટ ડીસએપોઇન્ટ મી)
મેં તેને અરજ કીધી I requested him. (આઇ રીકવેસ્ટેડ હીમ)
હું તમને અરજ કરૂં છું I request you (આઇ રીકવેસ્ટ યુ)
તમને તે યાદ છે? Do you remember that? (ડુ યુ રીમેમ્બર ધેટ?)
મને તે યાદ છે I remember it. (આઇ રીમેમ્બર ઇટ)
તમને શું યાદ છે? What do you remember? (ઉવાટ ડુ યુ રીમેમ્બર?)
મને કાંઈ યાદ નથી I remember nothing. (આઈ રીમેમ્બર નથીંગ)
તમે પેલી ચોપડી લાવ્યા કે? Did you bring that book? (ડીડ યુ બ્રીંગ ધેટ બુક?)
ના, ભુલી ગયો No, I forgot to bring it. (નો, આઈ ફરગોટ ટુ બ્રીંગ ઇટ)

વાંચન પાઠ ૫૯ મો.

ભુલી ગયો Forgot (ફરગોટ)	બેદરકાર Careless (કેરલેસ)
જરૂર Positively (પોઝીટીવલી)	ગાવું Sing (સીંગ)
ચુકવું Fail (ફેઇલ)	ગીત Song (સૅાગ)
યાદ દેવાડવું Remind (રીમાઇન્ડ)	ગમતું Like (લાઇક)
બેમાંનું એક Either (ઇધર)	ત્યારે Then (ધેન)
જોયેલું Seen (સીન)	શીખવું Learn (લર્ન)
લીધી Taken (ટેકન)	અંગ્રેજી English (ઇંગ્લિશ)
હલકું Low (લો)	ભરૂસો રાખવો Depend (ડીપેન્ડ)
મોટેથી Aloud (એલાઉડ)	બોલ Word (વર્ડ)
ઘડીયાળ Watch (વૅાચ)	પાળવા Keep (કીપ)
જોઇએ Want (વાન્ટ)	તોડવુ Break (બ્રેક)
વચન આપવું Promise (પ્રોમીસ)	આશા રાખવી Hope (હોપ)

હું તે લાવવાનું ભુલી ગયો I forgot to bring it. (આઇ ફરગોટ ટુ બ્રીંગ ઇટ)

કાલે તે જરૂર લાવજો Bring it positively to morrow. (બ્રીંગ ઇટ પૅાઝીટીવલી ટુ-મૅારો)

તે લાવવાને ચુકતા ના Don't fail to bring it. (ડોન્ટ ફેઇલ ટુ બ્રીંગ ઇટ)

તે વિષે મને યાદ દેવાડજો Remind me of it. (રીમાઇન્ડ મી ઓફ ઇટ)

હું કદાચ તે લાવીશ અથવા મોકલીશ I will either bring it or send it. (આઇ વીલ ઇધર બ્રીંગ ઇટ ઓર સેન્ડ ઇટ)

મને આ ચોપડી જોઇએ છીએ I want this book. (આઇ ઉવોન્ટ ધીસ બુક)

આ ચોપડી તમારા ભાઇને આપજો Give this book to your brother. (ગીવ ધીસ બુક ટુ યોર બ્રધર)

હેઠે જઇને મારી ચોપડી લાવો Go down and bring my book (ગો ડાઉન એન્ડ બ્રીંગ માય બુક)

તમે મારી ચોપડી જોઇ છે ? Have you seen my book ? (હેવ યુ સીન માય બુક ?)

તેણે કઇ ચોપડી લીધી છે ? Which book has he taken ? (ઉીચ બુક હેઝ હી ટેકન ?)

તે ઘણો બેદરકાર છે He is very careless. (હી ઇઝ વેરી કેરલેસ)

તમે એક ગીત ગાવો You sing a song. (યુ સીંગ આ સૅાગ)

મને ગાવાનું નથી ગમતું I don't like to sing. (આઇ ડોન્ટ લાઇક ટુ સીંગ)

ત્યારે તમને શું ગમે છે ? What do you like then ? (ઉવોટ ડુ યુ લાઇક ધેન ?)

મને અંગ્રેજી શીખવાનું ગમે છે I like to learn English. (આઇ લાઇક ટુ લર્ન ઇંગ્લિશ)

તમે "ઇંગ્લીશ ટીચર" વાંચો You read "English Teacher" (યુ રીડ "ઇંગ્લિશ ટીચર")

તે ઇંગ્રેજી સારૂં બોલે છે He speaks English well. (હી સ્પીક્સ ઇંગ્લીશ ઉવેલ.)

તમે એટલું ધીમું શું કામ બોલો છો? Why do you speak so low? (વ્હાય ડુ યુ સ્પીક સો લો ?)

તમે મોટેથી બોલી શકતા નથી? Can't you speak aloud? (કાન્ટ યુ સ્પીક એલાઉડ ?)

તમે મને તે ઘડીઆળ નહિ આપો? Will you not give me that watch? (વીલ યુ નૉટ ગીવ મી ધેટ વૉચ ?)

તમને તે જોઇએ છે? Do you want it? (ડુ યુ વૉન્ટ ઇટ ?)

હું તમને તે કાલે આપીશ I will give it to you to-morrow. (આઇ વીલ ગીવ ઇટ ટુ યુ ટુ-મૉરો)

તમે તે આપવાનો વચન આપશો? Will you promise to give it to me? (વીલ યુ પ્રોમીસ ટુ ગીવ ઇટ ટુ મી ?)

હું હવે તમને વચન આપી શકતો નથી I can't promise you now. (આઈ કાન્ટ પ્રોમીસ યુ નાઉ)

હું તમારા બોલ ઉપર ભરોસો રાખું છું I depend upon your word. (આઇ ડીપેન્ડ અપોન યોર વર્ડ)

હું મારો બોલ પાળું છું I keep my word. (આઇ કીપ માય વર્ડ)

હું વચન તોડું તેવો માણસ નથી I am not the man to break my promise. (આઇ એમ નૉટ ધી મેન ટુ બ્રેક માય પ્રોમીસ)

વાંચન પાઠ ૬૦ મો.

વીસ Twenty (ટ્વેન્ટી)

ઉછીનું આપવું Lend (લેન્ડ)

ઉછીનું આપ્યું Lent (લૅન્ટ)

આબરૂદાર Respectable (રીસ્પૅક્ટેબલ)

ઉછીના લીધા Borrowed (બૉરોડ)

એટલું મોડું So late (સો લેઇટ) આંકડો Bill (બીલ)
થોભ્યો Stayed (સ્ટેડ) પૈસા આપવા Pay (પે)
ક્યાંથી Whence (ઉન્હેન્સ) રવીવાર Sunday (સનડે)
રકમ Sum (સમ)

તમે જાણો છો કે હું કોણ છું? Do you know who I am? (ડુ યુ નો હુ આઈ ઍમ ?)

હું પૈસાદાર તેમજ આબરૂદાર છું I am rich and respectable. (આઇ ઍમ રીચ એન્ડ રીસ્પેક્ટેબલ)

તમે તેને પાંચ રૂપીઆ ઉછીના આપશો? Will you lend him five rupees? (ઉીલ યુ લેન્ડ હીમ ફાઇવ રૂપીઝ?)

મારી પાસે નથી I have not got them. (આઇ હેવ નોટ ગૉટ ધેમ)

મેં વીશ રૂપીઆ ઉછીના લીધા I borrowed twenty rupees. (આઇ બૉરોડ ટવેન્ટી રૂપીઝ)

હમણાંજ મેં એટલી રકમ તેને આપી I just now lent him that sum. (આઇ જસ્ટ નાઉ લેન્ટ હીમ ધેટ સમ)

તે તમારી સાથે રહે છે? Does he live with you? (ડઝ હી લીવ ઉીથ યુ?)

હા, તે અમારી સાથે રહે છે Yes, he lives with us. (યસ, હી લીવ્ઝ ઉીથ અસ)

પી. ને કહો કે આવે Tell P. to come. (ટેલ પી. ટુ કમ)

તેઓ અહીંઆં આવે છે They are coming here. (ધે આર કમીંગ હીઅર)

તે કોણ છે? Who is he? (હુ ઇઝ હી?)

તેને શું જોઇએ છે ? What does he want ? (વ્હોટ ડઝ હી વોન્ટ ?)

તે શા સારૂ આવ્યો છે ? Why has he come ? (વ્હાય હેઝ હી કમ ?)

તમને મોડું કેમ થયું ? What made you late ? (વ્હોટ મેડ યુ લેઇટ ?)

તે ઘેર હતો He was at home. (હી વોઝ એટ હોમ)

હું બહુ વાર થોભ્યો I stayed very long. (આઇ સ્ટેડ વેરી લૉંગ)

તમે તેને ક્યાં જોયો ? Where did you see him ? (વ્હેર ડીડ યુ સી હીમ ?)

તે ક્યાંથી આવ્યો છે ? Where has he come from ? (વ્હેર હેઝ હી કમ ફ્રોમ ?)

તેને પુછો તે શુ કહે છે ? Ask him what he has to say ? (આસ્ક હીમ વ્હોટ હી હેઝ ટુ સે ?)

એ આંકડો લાવ્યો He brought a bill. (હી બ્રોટ આ બીલ)

તમે તમારા આંકડાના પૈસા આપશો ? Will you pay your bill ? (વીલ યુ પે યોર બીલ ?)

મારે તે માણસને દશ રૂપીઆ આપવા છે I have to pay the man ten rupees. (આઇ હેવ ટુ પે ધી મૅન ટૅન રૂપીઝ)

તમે બાહેર ક્યારે જાઓ છો ? When do you go out ? (વ્હેર ડુ યુ ગો આઉટ ?)

સવારે હું આઠ વાગતે બાહેર જાઉં છું I go out at eight in the morning. (આઇ ગો આઉટ એટ એઇટ ઇન ધી મોરનીંગ)

આજે સવારે મને મળજો See me this morning. (સી મી ધીસ મૅારનીંગ)

આજે સાંજે મારે ઘેર આવજો Call at my house this evening. (કૅાલ એટ માય હાઉસ ધીસ ઇવનીંગ)

તમારી મરજી હોય તો હું તમારે ઘેર આવું If you like I may call at your house. (ઇફ યુ લાઇક આઇ મે કૅાલ એટ યોર હાઉસ)

વાંચન પાઠ ૧૬ મો.

ઘેર Home (હોમ)	દોડતા Are runing (આર રનીંગ)
ઘર House (હાઉસ)	જરૂર, ખચિત Surely (સ્યોરલી)
ચુકવું Miss (મીસ)	ભૂલવું Fail (ફેઇલ)
આગગાડી Train (ટ્રેન)	બનવું Suit (સુટ)
એટલી ઝડપથી, જલદી So fast (સો ફાસ્ટ)	પૈસા Money (મની)
આના Annas (આનાસ)	બદલવું Change (ચેન્જ)
રસ્તા Road (રોડ)	બજાર Market (માર્કેટ)
માર્ગ, રસ્તો Way (વે)	સીધા Straight (સ્ટ્રેઇટ)
જરા Rather (રેધર)	આગળ On (ઑન)
બંધ Shut (શટ)	વળવું Turn (ટર્ન)
	જમણું, ખરૂં Right (રાઇટ)

બેવાર Twice (ટ્વાઇસ)
ખોટી થતાં Waiting (ઉવેટીંગ)
હમણાંજ Just now (જસ્ટ નાઉ)
જગ્યા Place (પ્લેઇસ)
આસરે About (એબાઉટ)
અરધો Half (હાલ્ફ)
માઇલ Mile (માઇલ
જવાય છે Leads (લીડસ)
વેચવું Sell (સૅલ)

ડાબું Left (લેફ્ટ)
થયો Became (બીકેઇમ)
ના પાડે છે Denies (ડીનાઇઝ)
બોલેલો Spoken (સ્પૉકન)
તરફેણ Favour (ફેવર)
ઇરાદો Intend (ઇનટૅન્ડ)
બાંધવું Build (બીલ્ડ)
માગણી Offer (ઑફર)

મારે આજે આવવું જોઇએ I must come to day. (આઇ મસ્ટ કમ ટુ-ડે)

તમે મને ઘેર ક્યારે મળશો? When can you see me at home? (ઉવ્હેન કેન યુ સી મી એટ હોમ?)

હમેશાં સવારના Always in the morning. (ઑલઉવેઝ ઇન ધી મૉરનીંગ)

હું જરૂર આવીશ I will surely come. (આઇ ઉવિલ શ્યુરલી કમ)

ગઇ કાલે હું તમારે ઘેર હતો I was at your house yesterday. (આઇ ઉવાઝ ઍટ યૉર હાઉસ યસ્ટરડે)

આજે મને મળજો See me to day. (સી મી ટુ-ડે)

કાલે આવવાને ભુલતા ના Don't fail to come to-morrow. (ડોન્ટ ફેઇલ ટુ કમ ટુ-મૉરો)

સવારના તમારાથી બનશે કે? Will the morning suit you? (ઉવીલ ધી મૉરનીંગ સુટ યુ?)

મારે દરેક વખત સરખો છે Any time will suit me. (એની ટાઇમ ઉવીલ સુટ મી)

હું તમને તમારા ઘર આગળ મળીશ I shall see you at your house. (આઇ શૅલ સી યુ એટ યૉર હાઉસ)

તમે એટલા ઉતાવળા ક્યાં જાઓ છો? Where are you going so fast? (વ્હેર આર યુ ગોઇંગ સો ફાસ્ટ?)

તમે જલદી શું કરવા દોડો છો? Why are you runing fast? (વ્હાય આર યુ રનીંગ ફાસ્ટ?)

હું આગગાડી ચૂકીશ I shall miss the train. (આઇ શૅલ મીસ ધી ટ્રેન)

મારી પાસે ટ્રામના પૈસા નથી I have no money for the tram. (આઈ હૅવ નો મની ફૉર ધી ટ્રામ)

આ બે આના લો Take these two annas. (ટેઇક ધીઝ ટુ આનાઝ)

પેલી ટ્રામ ઉભી રાખો Stop the tram. (સ્ટોપ ધી ટ્રામ)

તે ગીરગામ જાય છે It is going to Girgam. (ઇટ ઇઝ ગોઇંગ ટુ ગીરગામ)

આપણને તે બદલવી પડશે We shall have to change it. (ઉવી શૅલ હૅવ ટુ ચેન્જ ઇટ)

ના, તે પરભારી જશે No, it will go direct. (નો, ઇટ ઉવીલ ગો ડીરેક્ટર)

હું તેને મળવા જાઉ છું I am going to see him. (આઇ એમ ગોઈંગ ટુ સી હીમ)

તમે તેનું ઘર જોયું છે? Have you seen his house? (હૅવ યુ સીન હીઝ હાઉસ)

તમે મને કહેશો કે તે ક્યાં રહે છે? Will you tell me where he lives? (વિલ યુ ટૅલ મી વ્હેર હી લીવ્ઝ?)

શું આ ભાયખલા જવાનો રસ્તો છે? Does this road lead to Byculla? (ડઝ ધીસ રોડ લીડ ટુ ભાયખલા?)

આ રસ્તો નથી This is not the way. (ધીસ ઇઝ નૉટ ધી વે)

તમે માર્ગ ચૂકી ગયા You have lost the way. (યુ હૅવ લૉસ્ટ ધી વે)

સીધા આગળ જાઓ Go straight on. (ગો સ્ટ્રેઇટ ઑન)

જમણા હાથપર વળો Turn to the right. (ટર્ન ટુ ધી રાઇટ)

ડાબા હાથપર વળો Turn to the left. (ટર્ન ટુ ધી લેફ્ટ)

તે અહીંથી કેટલું દુર છે? How far is it from here? (હાઉ ફાર ઇઝ ઇટ ફ્રોમ હીઅર?)

આશરે અરધો માઇલ About half a mile. (એબાઉટ હાફ આ માઇલ)

આ રસ્તેથી ક્યાં જવાય છે? Where does this road lead to? (વ્હેર ડઝ ધીસ રોડ લીડ ટુ?)

બજાર તરફ To the market. (ટુ ધી માર્કેટ)

તમે રસ્તો ના ચૂકતા Don't miss the way. (ડોન્ટ મીસ ધી વે)

તે જરા દૂર છે It is rather far. (ઇટ ઇઝ રાધર ફાર)

શું બારણું બંધ છે? Is the door shut? (ઇઝ ધી ડૉર શટ)

મેં તેને બે વખત હાંક મારી I called him twice. (આઇ કોલ્ડ હીમ ટવાઇસ)

હું તમારી રાહ જોતો હતો I was waiting for you. (આઇ ઉવૉઝ ઉવેઇટીંગ ફોર યુ)

તે મને હમણાંજ મળ્યો He met me just now. (હી મૅટ મી જસ્ટ નાઉ)

તે ક્યાં ગયો હતો ? Where had he been ? (ઉવ્હેર હૅડ હી બીન ?)

તે બજારમાં ગયો હતો ! He had gone to the market. (હી હૅડ ગૉન ટુ ધી માર્કેટ)

તે ઘણો ગુસ્સે થયો He became very angry. (હી બિકેઇમ વેરી એન્ગ્રી)

તે ના પાડે છે કે મેં એમ કહ્યું નથી He denies having said so. (હી ડીનાઇઝ હેવીગ સેઇડ સો)

તમે જરા મારી રાહ જોશો Will you wait for me a little. (પીઝ યુ વેઇટ ફોર મી આ લીટલ)

વાંચન પાઠ ૬૨ મો.

વાયદો Assurance (એસ્યુરન્સ)
આગબોટ Steamer (સ્ટીમર)
વર્ણન Account (એકાઉન્ટ)
લખવું To write (ટુ રાઇટ)
રેશમ Silk (સીલ્ક)
સોનું Gold (ગોલ્ડ)

કુંભાર Potter (પૉટર)
બનાવે છે Makes (મેઇક્સ)
વાસણો Vessels (વેસલ્સ)
માટી Clay (કલે)
ચક્કર Wheel (ઉવ્હીલ)
રંગ Colour (કલર)

પીળા Yellow (યલૉ)
વાદળી Blue (બ્લ્યુ)
ભવિષ્ય Future (ફ્યુચર)
સાવચેત Careful (કેરફુલ)
ફરીથી બોલવું Repeat (રીપીટ)
કારણ કે Because (બીકોઝ)
ઉછીનું આપવું Lend (લેન્ડ)
પથ્થર પાટી Slate (સ્લેઈટ)
મજબુત Strong (સ્ટ્રૉંગ)
રૂ Cotton (કૉટન્)
ધોળું White (વ્હાઈટ)
કીંમતી Precious (પ્રેસિયસ)
ત્રાંબુ Copper (કૉપર)
લાલ Red (રેડ)
ઝુંપડાં Cottages (કૉટેજીઝ)

સ્વચ્છ,ચોખ્ખું Clear (ક્લીઅર)
ઉંટો Camels (કૅમલ્સ)
ધારૂં છું Think (થીન્ક)
જાતો Kinds (કાઇન્ડ્ઝ)
પાઠ Lesson (લેસન)
રૂપું Silver (સીલ્વર)
માગવું Want (ઉૅાન્ટ)
મારૂં Mine (માઇન્)
ગુલાબનું ફુલ Rose (રોઝ)
મદદ Help (હેલ્પ)
સુંદર Fine (ફાઇન)
રૂપું Silver (સીલ્વર)
લોકો Persons (પરસન્સ)
ભીનાશવાળું Damp (ડૅમ્પ)
પુછવું Ask (આસ્ક)

ક્યા ડાક્ટરની દવા કરો છો? What doctor attends you?
(ઉૅાટ ડૉક્ટર ઍટેન્ડસ યુ?)

હું તેના સોબતીઓ લાવ્યો છું I have brought his companions. (આઇ હેવ બ્રોટ હીઝ કમ્પેનીયન્સ)

હું ઝાડ પાસે ઘેટું જોઉં છું I see the sheep near the tree.
(આઈ સી ધી શીપ નીઅર ધી ટ્રી)

આ પાણી ઉકાળો Boil this water. (બોઇલ ધીસ વાટર)

હું શહેરમાં રહું છું I live in the town. (આઇ લીવ ઇન ધી ટાઉન)

રાજા મહેલમાં રહે છે The king lives in a palace. (ધી કીન્ગ લીવ્ઝ ઇન એ પેલેઇસ)

હું ઓચીંતો અટક્યો I stopped suddenly. (આઇ સ્ટૉપ્ડ સડનલી)

રેલવે અથવા આગબોટનો હેવાલ તમે લખશો? Will you write an account of a railway or a steamer? (વીલ યુ રાઇટ એન એકાઉન્ટ ઓફ એ રેલવે ઓર એ સ્ટીમર?)

તમે કદિ રેશમ જોયું છે? Have you ever seen silk? (હેવ યુ ઇવર સીન સીલ્ક?)

ના, મેં તે જોયું નથી No, I have not seen it. (નો, આઇ હેવ નૉટ સીન ઇટ)

ચક્કરના ઉપર કુંભાર માટીનાં વાસણ બનાવે છે A potter makes vessels of clay on a wheel. (આ પૉટર મેઇક્સ વેસલ્સ ઓફ ક્લે ઓન આ વ્હીલ)

તમે સોનું અને રૂપું જોયું છે? Have you seen gold and silver? (હેવ યુ સીન ગોલ્ડ એન્ડ સીલ્વર?)

તેનો રંગ પીળો હોય છે It has yellow colour. (ઇટ હેઝ યલૉ કલર)

સ્વચ્છ આકાશ આશમાની હોય છે Clear sky is blue. (ક્લીયર સ્કાય ઇઝ બ્લ્યુ)

ઉંટો ભુરાં હોય છે Camels are brown. (કેમલ્સ આર બ્રાઉન)

ગોપાલ નઠારો છોકરો છે Gopal is a bad boy. (ગોપાલ ઇઝ એ બૅડ બૉય)

બાલાભાઈ તે પથ્થરપાટી મને ઉછીની આપશો? Balabhai, will you lend me that slate? (બાલાભાઇ, વીલ યુ લેન્ડ મી ધેટ સ્લેઇટ ?)

ગોપાલ હું તને ઉછીની આપીશ Gopal, I can lend it to you. (ગોપાલ, આઇ કેન્ લેન્ડ ઇટ ટુ યુ)

કારણ કે તે મારી છે Because it is mine. (બીકોઝ ઇટ ઇઝ માઇન્)

વારૂ, તે હું માસ્તર પાસે માગીશ Well, I will ask the master for it. (વેલ, આઇ વીલ આસ્ક ધ માસ્ટર ફૉર ઇટ)

જો તમે મહેરબાની કરો તો સાહેબ, હું કંઇ કહેવા માગું છુ If you please, sir, I want to tell you some-thing. (ઇફ યુ પ્લીઝ, સર, આઈ વૉન્ટ ટુ ટેલ યુ સમથીંગ)

હું ભવિષ્યમાં સાવચેત થઇશ I will be careful in future. (આઇ વીલ બી કેરફુલ ઇન ફ્યુચર)

તમે તમારો પાઠ ફરીથી બોલી જશો? Will you repeat your lesson? (વીલ યુ રીપીટ યૉર લેસન ?)

હા, હું ધારૂં છું કે હું કરીશ Yes, I think I will. (યસ આઇ થીન્ક આઇ વીલ)

ત્યાં ઘણી જાતનાં કુતરાં છે There are a great many kind of dogs. (ધેર આર એ ગ્રેટ મૅની કાઇન્ડસ ઑફ્ ડૉગ્ઝ)

તે મોટો અને મજબુત માણસ હતો He was a big, and a strong man. (હી વૉઝ એ બીગ એન્ડ એ સ્ટ્રૉંગ મૅન)

આ સુંદર ગુલાબનું ફુલ છે This is a fine rose. (ધીસ ઇઝ એ ફાઇન રોઝ)

ગરીબને મદદ કરો Help the poor. (હૅલ્પ ધ પુઅર)

હું તેને બેસી જવાનું કહું છું I bid him to sit down. (આઇ બીડ હીમ ટુ સીટ ડાઉન)

મને જવા દો Let me go. (લેટ મી ગો)

તેને આપવા દો Let him give. (લેટ હીમ ગીવ)

મહેરબાની કરીને તેને રોવા દો Please let him cry. (પ્લીઝ લેટ હીમ ક્રાય)

સોનું અને રૂપું કિંમતી ધાતુ છે Gold and Silver are precious metals. (ગોલ્ડ ઍન્ડ સીલ્વર આર પ્રેસીઅસ મેટલ્સ)

રૂ ધોળું હોય છે Cotton is white. (કૉટન ઇઝ વ્હાઇટ)

તેની તબિયત આજ ઠીક નથી જણાતી He does not look well to day. (હી ડઝ નૉટ લુક વૅલ ટુ ડે)

ત્રાંબુ લાલ હોય છે Copper is red. (કોપર ઇઝ રેડ)

ઘર બીનાશવાળું હતું The house was damp. (ધી હાઉસ વોઝ ડેમ્પ)

આ લોકો તેમનાં ઝુંપડાં ચોકખાં રાખે છે These persons keep their cottages clear. (ધીસ પરસન્સ કીપ ધેર કોટેજીસ ક્લીયર)

હવે હું આવું May I come now. (મે આઇ કમ નાઉ)

Few (ફ્યુ) તથા A few (એ ફ્યુ) નો તફાવત.

Few (ફ્યુ) 'નહિજ" "બહુજ થોડા" જેમકે Many are paid but few are left. (મેની આર પેઇડ બટ ફ્યુ આર લેફ્ટ) ઘણાને પૈસા આપવામાં આવ્યા છે પણ બહુજ થોડાને આપવાના બાકી છે.

A few (એ ફ્યુ) વધારે નહિ પણ થોડા.
પરમેશ્વરે સૌને બે આંખો આપી છે, પણ તેનો ખરો ઉપયોગ તો થોડાનેજ આવડે છે God has given two eyes to all but only a few know how to use well. (ગૉડ હેઝ ગીવન ટુ આઇઝ ટુ ઑલ, બટ ઓનલિ એ ફ્યુ નો હાઉ ટુ યુઝ ઉવેલ) Few (ફ્યુ) એટલે બીલકુલ નહિ જેવું. જેમકે, He read few books. (હી રેડ ફ્યુ બુકસ) તેણે થોડી ચોપડીઓ વાંચી.

Little (લીટલ) તથા A little (એ લીટલનો) તફાવત.

Little (લીટલ) થોડુંક (લગભગ નહિ જ)
A little (એ લીટલ) થોડાક (ઘણા નહિ)
Little bread (લીટલ બ્રેડ) થોડોક રોટલો.
A little bread (એ લીટલ બ્રેડ) થોડો (ઘણો નહિ)
Little (લીટલ) અને A little (એ લીટલ) જથ્થો બતાવે છે, માટે ક્રિયાપદ એક વચનનું સ્વિકારે છે.

પ્રશ્નાર્થ તથા નિષેધાર્થ.

જ્યારે પ્રશ્નાર્થ તથા નિષેધાર્થરૂપ કરવું હોય ત્યારે પ્રશ્નાર્થની પેઠે વાક્યને ગોઠવી કર્તા પછી Not (નૉટ) મુકવો.

હું કામ કરતો નથી ? Do I not work ? (ડુ આઇ નૉટ વર્ક)
તેઓએ અમને તજ્યા હશે ? Will they have forsaken us ? (વીલ ધે હેવ ફરસેકન્ અસ)

નકાર No (નો), Not (નૉટ) અને Never (નૅવર) વડે દેખાડવામાં આવે છે.

અપવાદ.

જો To be (ટુ બી) અને To have (ટુ હેવ) મુખ્ય ક્રિયાપદ હોય અને તેવાં વાક્યનો નકાર કરવો હોય, તો તેની પહેલાં Do (ડુ) ન આવતાં, તેજ ક્રિયાપદ કર્તાની પહેલાં લખાય છે.
મારી પાસે ઘણા રૂપીઆ નથી I have not many rupees. (આઇ હૅવ નૉટ મૅનિ રૂપીઝ)
તેની પાસે ઘણા રૂપીઆ નથી He has not many rupees. (હી હૅઝ નૉટ મૅનિ રૂપીઝ)

જો Never (નૅવર) વપરાણો હોય તો પણ વર્તમાન અને ભૂતકાળમાં બીજું સહાયક ક્રિયાપદ આવતું નથી, જેમકે, તે કદિ સમ ખાતો નથી He never swears. (હી નૅવર સ્વેર્સ)

નકારમાં કાળ કેમ ઓળખાય ?

રીત:—નકાર વાક્યને "હકાર" મુકી દેવું એટલે કે "નકારને" "હકાર" પછવાડે મુકવો. જેમકે,
હું આજે જમ્યો છું (નહિ) I have not taken my diner at all to-day. (આઈ હેવ નૉટ ટેકન માય ડીનર ઍટ ઑલ ટુ-ડે)

સકર્મક Passive Voice (પેસિવ વૉઇસ).

[૧] જો અંગ્રેજી સકર્મક ક્રિયાપદનું સકર્મક કરવું હોય તો તે ક્રિયાપદના ભૂતકૃદંતની પહેલાં To be (ટુ બી) નું રૂપ લગાડવું.

[૨] જો પૂર્ણકાળનું સકર્મક કરવું હોય તો ભૂતકૃદંત પહેલાં.

Have been, had been } અને Shall
(હેવ બીન) (હેડ બીન) } (શૅલ)

Shall have been (શૅલ હેવ બીન) લગાડવાથી અનુક્રમે પૂર્ણ વર્તમાન સકર્મક થાય છે. I have been caught (આઈ હેવ બીન કોટ) We have been caught (વી હેવ બીન કોટ) વિગેરે. જો પૂર્ણકાળનું ચાલુરૂપ કરવું હોય તો વર્તમાન કૃદંતની આગાઉ Have been (હેવ બીન) Had been (હેડ બીન) અને Shall have been (શૅલ હેવ બીન) લગાડવાથી અનુક્રમે ચાલુ પૂર્ણ વર્તમાન, ચાલુ પૂર્વભૂત તથા ચાલુ પૂર્વ ભવિષ્યકાળ થાય છે.

આજ્ઞાર્થ Imperative mood (ઇમ્પરેટીવ મુડ).

અંગ્રેજીમાં "આજ્ઞાર્થ" માત્ર બીજા પુરૂષ બહુવચનમાં વપરાય છે, વખતે બીજા પુરૂષ એકવચનમાં પણ વપરાય છે, પણ તે બન્ને વચનમાં જ્યારે આજ્ઞાર્થ આવેલો હોય ત્યારે અંગ્રેજીમાં તેને બનાવવાની રીત એ છે કે કર્તા ઉડાડી ફક્ત ક્રિયાપદ રાખવું. જેમકે તું આવ Come (કમ), તમે લાવો Bring it (બ્રીંગ ઈટ) પણ અંગ્રેજીમાં વખતે પહેલે પુરૂષે અગર ત્રીજે પુરૂષે પણ આજ્ઞાર્થ વાપરે છે, જેમકે; મને કહેવા દો Let me tell. (લેટ મી ટેલ) તેને આવવા દો Let him come. (લેટ હીમ કમ)

સામાન્ય Infinitive mood (ઇન્ફીનીટીવ મુડ).

સામાન્ય એટલે કે ગુજરાતીમાં વા, ની, વું, વાળા ક્રિયાપદનાં રૂપ આવે છે તેનો તરજુમો To લગાડીને થાય છે. જેમકે:—

મને વાંચવું ગમે છે I like to read. (આઈ લાઇક ટુ રીડ)

અંગ્રેજીમાં નીચે લખેલ ક્રિયાપદ પછવાડે To વપરાતો નથી. જેવા કે —

May	(મે)	Must	(મસ્ટ)
Dare	(ડેર)	Can	(કેન)
Will	(વીલ)	Do	(ડુ)
Shall	(શૅલ)	Bid	(બીડ)
Feel	(ફીલ)	Have	(હેવ)
Hear	(હીઅર)	Let	(લેટ)
Make	(મેક)	Need	(નીડ)
See	(સી)	Observe	(ઓબઝર્વ)
Watch	(વોચ)	Keep	(કીપ)
Know	(નો)	Behold	(બીહોલ્ડ)
Mark	(માર્ક)	Find	(ફાઇન્ડ)
Perceive	(પરસીવ)		

વાંચન પાઠ ૬૩ મો.

લુચ્ચો Cunning (કનીંગ) પહોળો Broad (બ્રૉડ)
માંદો Sick (સીક) મીઠો Sweet (સ્વીટ)

બેવકુફ Stupid (સ્ટુપીડ)
સાંકડો Narrow (નૅરો)
આળસુ Lazy (લૅઝી)
પાઠો Lessons (લેસન્સ)
વર્ગ Class (ક્લાસ)
ઝાડ Tree (ટ્રી)
દોલત, પૈસો Wealth (વેલ્થ)
ઇચ્છા, મરજી Desire (ડીઝાયર)
કચરો Filth (ફીલ્થ)
રાજી Willing (વિલીંગ)
પૈસો Money (મનિ)
આગળ ચાલ્યો Advanced (એડવાનસ્ડ)
સોટી Cane (કેન)
લાકડી Stick (સ્ટીક)
શરૂ કરવું To commence (ટુ કમેન્સ)
જારી રાખવું Continue (કન્ટીન્યુ)
ખુબ સખત Severely (સીવીઅરલિ)
ભાષણ Lecture (લેક્ચર)
એકઠું કરવું, વીણવું To-gather (ટુ-ગેધર)

શત્રુ Enemy (એનિમી)
સહેલું Easy (ઈઝી)
છોકરો Boy (બૉય)
ઉદ્યોગી Diligent (ડીલીજન્ટ)
ખુબસુંદર Beautiful (બ્યુટીફુલ)
પક્ષી Bird (બર્ડ)
એકઠું કરવું To accumulate (ટુ એક્યુમ્યુલેટ)
ઘર House (હાઉસ)
આગમજથી Advance (એડવાન્સ)
સરદાર General (જનરલ)
ભારે Powerful (પાવરફુલ)
ફોજ Force (ફોર્સ)
સભા ભરવી To assemble a meeting (ટુ એસેમ્બલ, એ મીટીંગ)
વાળવું To bend (ટુ બેન્ડ)
લડાઈ War (વૉર)
શિક્ષક Teacher (ટીચર)
પડઘમો Drums (ડ્રમ્સ)
છેડો End (એન્ડ)
વાંધાનો છેડો લાવવો To end the dispute (ટુ એન્ડ ધી ડીસ્પ્યુટ)

ફુલો Flowers (ફ્લાવર્સ)   એકઠા થયા Gathered (ગેધર્ડ)
વગાડવું To beat (ટુ બીટ) વીણવા Gathering (ગેધરીંગ)
મંડી ગઇ હતી Engaged (એન્ગેજ્ડ)

માણેકલાલ લુચ્ચો છોકરો નથી Maneklal is not a cunning boy. (માનેકલાલ ઇઝ નૉટ એ કનીંગ બૉય)

તેનો બાપ માંદો હતો His father was sick (હીઝ ફાધર વાઝ સીક)

તમારો ભાઇ બેવકુફ છે Your brother is stupid (યોર બ્રધર ઇઝ સ્ટુપીડ)

આ રસ્તો સાંકડો છે This road is narrow. (ધીસ રોડ ઇઝ નેરો)

દરિયો પહોળો છે The Sea is broad. (ધ સી ઇઝ બ્રોડ)

સાકર મીઠી હોય છે Sugar is sweet. (શુગર ઇઝ સ્વીટ)

મનસુખ મારો શત્રુ નથી Mansukh is not my enemy. (મનસુખ ઇઝ નૉટ માય એનિમી)

ગઈ કાલનો પાઠ સહેલો હતો Yesterday's lesson was easy. (યસ્ટરડે'ઝ લેસન વાઝ ઇઝી)

દલસુખ આળસુ છોકરો છે Dalsukh is a lazy boy. (દલસુખ ઇઝ એ લેઝી બૉય)

તે તેના પાઠ શીખશે He will learn his lessons. (હી વીલ લર્ન હીઝ લેસન્સ)

ફુલચંદ ઉદ્યોગી છે Fulchand is diligent. (ફુલચંદ ઇઝ ડીલીજન્ટ)

તે તેના વર્ગમાં પહેલો છે He is at the head of his class. (હી ઇઝ એટ ધ હેડ ઓફ હીઝ ક્લાસ)

તેણે એક ખુબસુંદર પક્ષી ઝાડ ઉપર જોયું He saw a beautiful bird on the tree. (હી સો એ બ્યુટીફુલ બર્ડ ઓન ધ ટ્રી)

પૈસો એકઠો કરવોજ એજ મારી મરજી છે To accumulate wealth is my sole desire. (ટુ એક્યુમ્યુલેટ વેલ્થ ઇઝ માય સોલ ડીઝાયર)

તમારા ઘર આગળ કચરો એકઠો થવા દેતાં નહિ Don't allow filth to accumulate near your house. (ડોન્ટ એલાઉ ફીલ્થ ટુ એક્યુમ્યુલેટ નીઅર યોર હાઉસ)

પૈસા આગમજથી આપવાને તે રાજી હતો He was willing to advance money. (હી વોઝ ઉવીલીંગ ટુ એડવાન્સ મનિ)

સરદાર ભારે ફોજ લઇને આગળ આવ્યો The General advanced with a powerful force. (ધી જનરલ એડવાન્સડ ઉવીથ એ પાવરફુલ ફોર્સ)

તેઓએ સભા ભરી છે They have assembled a meeting. (ધે હેવ એસેમ્બલ્ડ એ મીટીંગ)

સભા ક્યારે ભરાશે? When will the meeting assemble? (વ્હેન ઉવીલ ધ મીટીંગ એસેમ્બલ?)

આ સોટી મારાથી વળે છે I can bend this cane. (આઇ કેન બેન્ડ ધીસ કેઇન)

આ લાકડી નહિ વળે? Will not this stick bend? (વીલ નોટ ધીસ સ્ટીક બેન્ડ?)

તમારૂં વાંચન ક્યારે બંધ કરશો? When will you cease your reading? (વ્હેન વીલ યુ સીઝ યોર રીડીંગ?)

લડાઇ બંધ પડી? Did the war cease? (ડીડ ધ વાર સીઝ?)

તમે તમારૂં કામ ક્યારે શરૂ કર્યું? When did you commence your work? (વ્હેન ડીડ યુ કમેન્સ યોર વર્ક?)

નિશાળનું કામ દશ વાગતે શરૂ થાય છે The school work commences at ten. (ધ સ્કુલ વર્ક કમેન્સીસ એટ ટેન્.)

તેને કહો કે લખવા માંડ Tell him to begin to write. (ટેલ હીમ ટુ બીગીન ટુ રાઇટ)

પાઠ ક્યાંથી શરૂ છે? Where does the lesson begin from? (વ્હેર ડઝ ધી લેસન બીગીન ફ્રોમ?)

તેણીને શિક્ષકે ખુબ મારી છે The teacher has beat her severely. (ધી ટીચર હેઝ બેટ હર સીવીઅર્લી)

સવારે પડઘમો વાગી હતી The Drums beat in the morning. (ધ ડ્રમ્સ બેટ ઇન ધી મૉર્નિંગ)

તે પોતાનું ભાષણ પુરૂં કરશે? Will he end his lecture? (ઉવીલ હી એન્ડ હીઝ લેક્ચર?)

એ કજીઆનો ક્યારે છેડો આવશે? When will this quarrel end? (વ્હેન ઉવીલ ધીસ ક્વેરલ એન્ડ?)

તે ફુલ વીણવામાં રોકાઇ હતી She was engaged in gathering flowers. (શી વાઝ એન્ગેજડ ઇન ગેધરીંગ ફ્લાવર્સ)

અમે જલદીથી એકઠા થયા અને વાતો કરવા માંડી We soon gatherd to-gather and began talking. (ઉવી સુન ગેધર્ડ ટુગેધર એન્ડ બીગેન ટોકીંગ)

પરચુરણ શબ્દોનો જથ્થો.

Dye (ડાઇ) રંગવું
Dun (ડન્) તગાદો, આંખુ
Done (ડન) કરેલું
Dust (ડસ્ટ) ધુળ
Do'st (ડસ્ટ) કરે છે Thou do'st
Doze (ડોઝ) ઝોકા ખાવા
Does (ડોઝ) મૃગલીઓ,હરણીઓ
Dose (ડોઝ) એક વેળાનું ઓસડ
Furze (ફર્ઝ) કાંટાવાળા છોડવા
Draft (ડ્રાફ્ટ) પસંદગી, હુંડી
Draught (ડ્રાફ્ટ) ખેંચવું, તાણવું
Faint (ફેઇન્ટ) નરમ,કમજોર
Feint (ફેઇન્ટ) કૃતિમ
Fare (ફેર) જમવું, ભાડું
Fair (ફેર) સુંદર, મેળો
Farewell (ફેરવેલ) રામરામ, સલામ
Fate (ફેઇટ) નસીબ

Fowl (ફાઉલ) મરઘો
Frays (ફ્રેઝ) બખેડા
Phrase (ફ્રેઝ) ફકરો
Freeze (ફ્રીઝ) થિજવું' ઠરીને બંધાઇ જવું.
Frieze (ફ્રીઝ) એક જાતનું ઉનનું કપડું
Furs (ફર્સ) રૂવાં
Gage (ગેજ) હોડ, સાનમાં મુકવું.
Gauge (ગેજ) માપ કાઢવું
Gall (ગોલ) પિત
Gaul (ગોલ) ફ્રાન્સનું નામ
Gild (ગીલ્ડ) સોનાનો ઢોળ ચઢાવવો.
Guild (ગીલ્ડ) મહાજન, ધાર્મિક સમાજ.
Gilt (ગિલ્ટ) રસેલું

Fete (ફેટ) મીજબાની, ઉજાણી
Feet (ફીટ) પગો
Feat (ફીટ) પરાક્રમ
Fool (ફુલ) મુર્ખ
Full (ફુલ) ભરેલું
Fore (ફોર) અગ્ર,મોખરે આવેલું
Grisly (ગ્રિસ્લી) ભયાનક
Four (ફોર) ચાર
Fourth (ફોર્થ) ચોથુ,ચોથો ભાગ
Forth (ફોર્થ) આગળ
Foul (ફાઉલ) અપવિત્ર,મેલું
Break (બ્રેક) તોડવું. ભાંગવુ
Bred (બ્રેડ) ઉછેર્યુ
Bread (બ્રેડ) રોટલી
Broach (બ્રોચ) આરી, ટામણું, સોયું.
Bruise (બ્રુઝ) કચરવું, ખાંડવું
Sit (સીટ) બેસવું
Site (સાઇટ) સ્થાનક, ઠેકાણું
Brute (બ્રુટ) જડ, અચેતન
Burrow (બરો) બખોલ કરવી,
Borough (બરો) મનંદીયા ગામ
But (બટ) પણ,ફક્ત, સિવાય

Guilt (ગિલ્ટ) અપરાધ
Grate (ગ્રેટ) સળીઆની જાળી
Great (ગ્રેટ) મોટું
Grater (ગ્રેટર) ખમણી
Greater (ગ્રેટર) વધારે મોટું
Grizzle (ગ્રીઝલ) કંઇક ભુરા
Groan (ગ્રોન) દુઃખથી પીડાવું
Grown (ગ્રોન) ઉગેલું
Grocer (ગ્રોસર) ગાંધી
Grosser (ગ્રોસર) વધારે કદવાળુ
Check (ચેક) અટકાવ, અંકુશ
Cheque (ચેક) હુંડી
Char (ચાર) થોડું બળવું
Char (ચાર) ઉધડું કામ
Chair (ચેર) ખુરશી
Cit (સીટ) શહેરના લોકો
Cite (સાઇટ) હોદ્દાની રૂએ બોલાવવું.
Clarke (ક્લાર્ક) અટકનું નામ છે.
Clerk (ક્લાર્ક) કારકુન,
Claws (ક્લોઝ) પંજા

Butt (બટ) છેડો, હદ, સીમા,
By (બાય) પાસે
Buy (બાય) ખરીદવું
Close (ક્લોઝ) બંધ કરવું
Call (કૉલ) બોલાવવું
Caul (કૉલ) પડદો, માથા ઉપર પહેરવાની ટોપ
Cane (કેઈન્) સોટી
Cask (કાસ્ક) પીપ
Cannon (કૅનોન્) ટોપ, મોટી બંદુક
Canon (કેનોન્) ધારો, નિયમ
Caste (કાસ્ટ) નાત, જાત
Casque (કેસ્ક) શિરસ્ત્રાણ, ટોપ
Ceiling (શીલિન્ગ) છત
Sealing (સીલિન્ગ) મોહર કરવાની લાખ
Limn (લીમ્) ચીતરવું
Lo (લો) જુઓ
Low (લો) નીચું
Lone (લોન્) એકલો
Loan (લોન્) ઉછીની લીધેલી ચીજ

Clause (ક્લોઝ) પ્રકરણ, વાક્ય
Clime (ક્લાઇમ) દેશ
Climb (ક્લાઇમ્બ) ટેકી ટેકીને ચઢવું.
Clothes (ક્લોધ્સ) પોશાક
Cole (કોલ) વિલાયતી મુળો, કોબી,
Coal (કોલ) કોયલા
Creek (ક્રીક) ન્હાની ખાડી
Creak (ક્રીક) ચમચમ બોલવું
Cast (કાસ્ટ) ફેંકવું
Day (ડે) દીવસ
Dew (ડ્યુ) ઝાકળ
Due (ડ્યુ) લેહેણું
Die (ડાય) મરી જવું
Dye (ડાય) રંગવું
Meet (મીટ) મળવું
Meat (મીટ) માંસ
Mete (મીટ) આપવું
Meter (મીટર) માપનાર
Metre (મીટર) માપ

Lock (લૉક) તાળુ
Lake (લૅક) સરોવર
Made (મેઇડ) બનાવ્યું
Maid (મેઇડ) કુંવારીકા
Male (મેઇલ) નર
Mail (મેઇલ) ટપાલના કાગળો
લઇ જવાની ગાડી
Mane (મેઇન) યાળ
Main (મેઇન) મુખ્ય ભાગ
Mantel (મેન્ટલ) ચુલાની બેગ
Mantle (મેન્ટલ) ઝભ્ભો
Maze (મેઝ) ગુંચાવવું
Maize (મેઝ) હિંદુસ્તાનના
અનાજની એક જાત—મકાઇ
Marshal (માર્શલ) ફોજનો ઉપરી
Martial (માર્શલ) લડાયક
Mean (મીન્) હલકું
Mien (મીન્) રૂપ, દેખાવ
Meed (મીડ) ઇનામ
Meal (મીલ) ખાણું
Grot (ગ્રોટ) ભોંયરૂં
Groat (ગ્રોટ) ચાર પેન્સનો સિક્કો
Hale (હેઇલ) નિરોગી

Mite (માઇટ) નાનું જીવડું
Might (માઇટ) જોર
Mity (માઇટી) બહુ જીવજંતુવાળું
Mighty (માઇટી) બળવાન
Moan (મોન્) પશ્ચાતાપ કરવો
Mown (મોન્) કાપવું
Mote (મોટ) રજકણ
Moat (મોટ) ઉંડી ખાઇ
Mule (મ્યુલ) ખચ્ચર
Mewl (મ્યુલ) છોકરાની પેઠે રોવું
Muse (મ્યુઝ) મનન કરવું
Mews (મ્યુઝ) જળકુકડીઓ
Nap (નેપ) ટુંકી ઉંઘ
Knap (નેપ) લપડાક
Naught (નોટ) કંઇ નહિ
Nay (ને) નહિ
Neigh (ને) ખોંખારવું
Nave (નેવ) ધરી
Knave (નેવ) લુચ્ચો
Key (કી) કુંચી
Quay (કી) બંદર
Kill (કીલ) મારવું

Hail (હેઇલ) નમસ્કાર
Hare (હેર) સસલું
Hair (હેર) વાળ
Hall (હોલ) ઓરડો
Haul (હોલ) જોરથી ખેંચવું
Hart (હાર્ટ) સાબર, હરણ
Heart (હાર્ટ) અંતઃકરણ
Heel (હીલ) નમવું, પગનું તળીયું
Heal (હીલ) રોગ મટાડવો
Here (હીઅર) અહીંઆં
Hear (હીઅર) સાંભળવું
Herd (હર્ડ) ટોળું
Heard (હર્ડ) સાંભળ્યું
Hie (હાઇ) દોડતાં જવું
High (હાઇ) ઉંચું
I (આઇ) હું
Eye (આઇ) આંખ
Inn (ઇન) ધર્મશાળા
Just (જસ્ટ) વ્યાજબી
Levy (લેવી) એકઠું કરવું
Ascent (અસેન્ટ) ઉદય,
ચઢવું તે

Kiln (કીલ્ન) ભઠ્ઠા
Lac (લેક) લાખ
Lax (લેક્સ) નરમ
Lade (લેડ) બોજો ભરવો
Laid (લેડ) મુક્યું
Lanch (લેન્ચ) નાંખવું
Launch (લોન્ચ) દરીઆમાં
નાંખવું
Lane (લેઇન) ગલી
Lain (લેઇન) lie નું ભૂતકૃદંત
Leaf (લીફ) પાંદડું
Lead (લેડ) દોર્યું
Lead (લીડ) ધાતુ, શીશુ
Lie (લાઇ) જુઠું બોલવું
Leak (લીક) કાણું, ફાડ
In (ઇન) અંદર
Joust (જસ્ટ) ઘોડા ઉપરની
સરતમાં કુદાવવું
Limb (લિમ્બ) અવયવ
ઝાડની ડાળી
Bit (બીટ) કટકો

Assent [એસ્સેન્ટ] કબુલ કરવું
Ate [એટ] ખાધું
Eight [એઇટ] આઠ
Aught [ઓટ] કાંઈ પણ વસ્તુ
Ought [ઓટ] જોઇએ
Bad [બેડ] નઠારૂં, ખરાબ
Bade [બેડ] ફરમાવ્યું
Bale [બેલ] સામાનનું બંડલ
Bail [બેલ] જામીનપર છોડવું
Baize [બેઝ] લુગડાની એક જાત
Bays [બેઝ] અખાતો
Sweet ball [સ્વીટ બૅાલ] લાડુ
Birth [બર્થ] જન્મ, અવતાર
bawl [બોલ] રોવું, બુમ પાડવી
Bate [બેટ] ઘટાડવું
Bait [બેટ] ગલમાં ભરાવેલું ભક્ષ
Bare [બેર] ખુલ્લું, નાગું
Bear [બેર] રિંછ, લઇ જવું, સહન કરવું.
Base [બેઇસ] પાયો
Bass [બેસ] ગંભીર અવાજ
Bay [બે] અખાત,રાતું,ભુરૂ
Borne [બોર્ન] ખમેલું, લઇ ગયેલું

Beat [બીટ] મારવું
Beet [બીટ] શાકનું નામ છે
Bow [બો] તીર
Beau [બો] ફક્કડ, અક્કડબાજ
Bee [બી] મધમાખી
Be [બી] થવું
Beer [બીર] જવનો દારૂ
Bier [બીર] નનામી, ઠાઠડી
Bell [બેલ] ઘંટ
Belle [બેલ] અક્કડબાજ સ્ત્રી
Berry [બેરી] ઠળીયાવાળું બોર
Bury [બેરી] દાટવું
Berth [બર્થ] વહાણમાં સુવાની જગ્યા
Bight [બાઇટ] દોરડાનાગાળા
Bite [બાઇટ] કરડવું
Blew [બ્લ્યુ] વાયુ
Blue [બ્લ્યુ] આશમાની
Bore [બોર] વીંધવું, શારવું
Boar [બોર] સુવર,ડુક્કર,ભુંડ
Bough [બાઉ] ડાલી
Bow [બાઉ] વાળવું, નમસ્કાર કરવા.

Bey [બે] તુર્કસ્તાનનો સુબો
Been [બીન] beનું ભૂતકૃદંત
Levee [લેવી] સવારની મુલાકાત
Bean [બીન] શીંગ
Brake [બ્રેક] શણ નરમ કરવાનો સાંચો
Use [યુસ] વાપરવુ
So [સો] એવું
Sow [સો] વાવવું
Sew [સો] સીવવું
Sole [સોલ] પગનું તળીયું
Soul [સુલ] આત્મા
Sore [સોર] સુજેલું
Soar [સોર] ઉંચે ચડવું
Stake [સ્ટેક] લાકડાની ખુંટી
Steak [સ્ટેક] તપાવેલા માંસની પટી
Rote [રોટ] ગોખી કાઢયા
Wrote [રોટ] લખ્યા
Rot [રોટ] કોહી જવું
Wrought [રોટ] લખ્યાં
Ruff [રફ] પતાની એક જાતની
Rough [રફ] ખડબચડું
Road [રોડ] રસ્તો

Bourn [બોર્ન] નાળુ
Brays [બ્રેઝ] ગધેડાની પેઠે ભુંકવું તે.
Braze [બ્રેઝ] ઝહેકાવવું, રેણ દેવું
Stare [સ્ટેર] તાકીને જોવું
Stair [સ્ટેર] પગથીયુ
Steel [સ્ટીલ] પોલાદ
Steal [સ્ટીલ] ચોરવું
Toe [ટો] પગનું ટેરવું
Vane [વેન] ફરકરનું મોખરો
Vain [વેન] ફોગટ
Vain [વેન] ગીરાઆરી
Vale [વેલ] ખીણ
Seize [સીઝ] પકડવું
See [સી] જોવું
Sea [સી] સમુદ્ર
Seen [સીન] દેખાયા
Scene [સીન] દેખાવ.
Seine [સીન] માછલી પકડવાની જાળ
Sent [સેન્ટ] મોકલ્યું
Scent [સેન્ટ] સોડમ લેવી

Sutler [સટલર] લશ્કરમાં ખોરાક વેચનાર

Sale [સેલ] વેચવું તે

Sail [સેલ] હંકારવુ

Sane [સેન] નિરોગી

Seine [સેન] નદીનું નામ

Satire [સેટાયર] રાખ ટીકા

Satyr [સેટાયર] વનદેવતા

Scat [સ્કેટ] દુર જા

Skate [સ્કેટ] પહેરવાના બુટ

Seal [સીલ] સિક્કો

Ceil [સીલ] થેપ દેવો

Seed [સીડ] બી

Cede [સીડ] આપી દેવું

Seem [સીમ] દેખાવું

Seam [સીમ] સીવણ

Seas (સીઝ] સમુદ્રો

Sees [સીઝ] દેખે છે

Practice [પ્રેક્ટીસ] મહાવરો

Practise [પ્રેક્ટીસ] કરવું

Primer [પ્રાઇમર] પહેલી ચોપડી

Cent [સેન્ટ] સોડમ

Sere [સીઅર] કરમાએલું

Shear [શીર] કાપવું

Sign [સાઇન] નિશાન

Sine [સાઇન] સિવાય

Signet [સાઇનેટ] નાનો સિક્કો

Sheer [શીર] નિર્ભેળ

Sink [સિન્ક] ડુબવું

Cinque [સીન્ક] પંજો

Throne [થ્રોન] રાજ્યાસન

Thrown [થ્રોન] ફેંકયું

Too [ટુ] વળી, પણ

Two [ટુ] બે

Toe [ટો] અંગુઠો

Tow [ટો] ખેંચી લઈ જવું

Tun [ટન] દારૂનું પીપ

Ton [ટન] ૨૦ હંડ્રેવેટનો

Ewes [યુસ] ભેઢી, ઘેટી

Reck [રેક] સંભાળ રાખવી

Wreck [રેક] ભાંગવું

Wreak [રીક] વેર વાળવું

Reek [રીક] ધુમાડો

Pray [પ્રે] પ્રાર્થના કરવી
Prey [પ્રે] શિકાર
Prays [પ્રેઝ] પ્રાર્થના કરે છે
Praise [પ્રેઇઝ] વખાણ કરવાં
Quire [ક્વાઇર] ઘા
Choir [ક્વાઇર] ગાનાર મંડળ
Prize [પ્રાઇઝ] ઇનામ
Pries [પ્રાઇઝ] ચુપકીથી તપાસે છે
Rain [રેઇન] વરસાદ
Reign [રેઇન] રાજ કરવું
Rein [રેઇન] દબાવવું
Raise [રેઝ] ઉચકવું
Rays [રેઝ] કિરણો
Rap [રેપ] ઉતાવળથી મારવું
Wrap [રેપ] આસપાસ વીંટાળવું
Rapt [રેપ્ટ] ગુલતાન
Rapped [રેપ્ડ] ટકોરો માર્યો
Wrapped [રેપ્ટ] લપટાયો
Reed [રીડ] બરૂ
Read [રીડ] વાંચવું
Red [રેડ] રાતું
Read [રેડ] વાંચ્યું
Need [નીડ] જરૂર

Rest [રેસ્ટ] આરામ
Wrest [રેસ્ટ] ઝુંટાવી લેવું
Rime [રાઇમ] ચીરો
Rhyme [રાઇમ] કવિતા
Ring [રીંગ] વીંટી
Wring [રીંગ] દુઃખી કરવું
Rode [રોડ] સ્વારી કરી
Road [રોડ] રસ્તો
Rite [રાઇટ] સંસ્કાર વિધિ
Right [રાઇટ] ખરૂં
Write [રાઇટ] લખવું
Wright [રાઇટ] કારીગર
Raze [રેઝ] જમીનદોસ્ત કરવું
Row [રો] હાર
Rood [રૂડ] જંગલી
Room [રૂમ] ઓરડી
Rheum [રૂમ] સળેખમ
Root [રૂટ] મુળીઆં
Route [રૂટ] રસ્તો
Rose [રોઝ] ગુલાબનું ફુલ
Rows [રોઝ] હાર
Roes [રોઝ] માછલીનાં ઇંડાં

Knead [નીડ] ગુંદવું, રોકવું
New [ન્યુ] નવું
Knew [ન્યુ] જાણ્યું
Night [નાઇટ] રાત
Knight [નાઇટ] માનનો ખિતાબ
Not [નોટ] નહિ
Knot [નોટ] ગાંઠ
No [નો] નહિ
Know [નો] જાણવું
None [નન] એકે નહિ
Nun [નન] સાધ્વી
Nose [નોઝ] નાક
Knows [નોઝ] જાણે છે
Ore [ઓર] કાચી ધાતુ
Oar [ઓર] હલેસાં
O'er [ઓર] ઉપર
Our [અવર] આપણું
Roe [રો] માછલીનાં ઇંડાં
Hour [અવર] કલાક
Pale [પેઇલ] ફીકું
Pail [પેઇલ] લાકડાનું વાસણ

Pallet [પેલેટ] હલકી પથારી
Pannel [પેનલ] ચિતારાનું પાટીઉં
Panel [પેનલ] લાકડાનો ચોખંડો કટકો
Pause [પૌઝ] અટકવું
Paws [પૌઝ] પંજા
Peace [પીસ] સલાહ
Piece [પીસ] કડકો
Peak [પીક] ટોચ
Pique [પીક] ઝાટકો
Peel [પીલ] છોતું
Peal [પીલ] ઘંટની દોરી
Peer [પીર] ઉમદો માણસ
Pier [પીર] ડકો
Pencil [પેન્સિલ] સીસાપેન
Pensile [પેન્સિલ] ઝુલતું
Place [પ્લેઇસ] જગ્યા
Plane [પ્લેઇન] રંદો
Plain [પ્લેઇન] સીધું
Please [પ્લીઝ] ખુશી થવું
Pleas [પ્લીઝ] આજીજી કરવી

Pane (પેઇન) કાચની તકતી
Pain (પેઈન) દુઃખ
Pare (પેર) છોલવું
Pair (પેર) જોડ
Pear (પેર) ફળ, જામફળ
Pole (પોલ) સોટો
Poll (પોલ) માંથાનો પાછલો ભાગ
Pore (પોર) છિદ્ર
Pour (પોર) રેડવું

આજે થોડા થોડા વેચાણપર હતા Few horses were for sale to-day. (ફ્યુ હોર્સિઝ વેર ફોર સેઇલ ટુ-ડે)

વહાણો ઝડપથી હંકારે છે Ships sail swiftly. (શીપ્સ સેઇલ સ્વીફ્ટલી)

ને શરીરે તંદુરસ્ત નથી He is not sane in his body. (હી ઇઝ નોટ સેન ઇન હીઝ બૉડી)

ફ્રાન્સમાં સીન નદી છે There is a river Seine in France. (ધેર ઇઝ આ રીવર સીન ઇન ફ્રાન્સ)

તેણે કટાક્ષ વચન લખ્યો He wrote a satire. (હી રોટ એ સેટાયર)

જંગલી લોક વન દેવને પૂજે છે Savage tribes worship satyr. (સેવેજ ટ્રાઇબ્સ વર્શિપ સેટાયર)

મગર સ્કેટ માછલી ખાય છે An aligater eats Scates. (એન એલીગેટર ઇટસ સ્કેટસ)

મુસાફરો બરફપર ચાલવાના જોડા પહેરી ચાલે છે Travellers walk on ice with skates. (ટ્રાવેલર્સ વોક ઓન આઇસ વીથ સ્કેટસ)

મારી પાસે લાખનો સિક્કો છે I have a seal of wax. (આઇ હેવ એ સીલ ઓફ વૅક્ષ)

મારા ઘર નું છાપરૂં છાટવાળું છે My roof is ceiled. (માય રૂફ ઇઝ સીલ્ડ)

તેઓએ બી વાવ્યાં છે They have planted seeds. (ધે હેવ પ્લેન્ટેડ સીડસ)

ભરૂચ અંગ્રેજને આપ્યું Broach was ceded to the English. (બ્રોચ વોઝ સીડેડ ટુ ધ ઇંગ્લીશ)

હું મોઢું ઢાંકું છું I veil my face. (આઇ વેઇલ માય ફેઇસ)

આ લુગડાની ચાળ ઝીણી છે The walc of this cloth is fine. (ધી વેલ ઓફ ધીસ ક્લૉથ ઇઝ ફાઇન)

હું શોક કરૂં છું I wail. (આઇ વેઇલ)

તે પ્રપંચથી લડાઇ જીત્યો He won the battle through sleights. (હી વન ધી બેટલ થ્રુ સ્લાઇટસ)

હું ઘણો ધીમો છું I am very slow. (આઇ એમ વેરી સ્લો)

આ ઝાડપર જંગલી ફળો છે There are wild fruits on the tree. (ધેર આર વાઇલ્ડ ફ્રુટસ ઓન ધી ટ્રી)

હું તેમ કરીશ I will do so. (આઇ વીલ ડુ સો)

હું બીજ વાવું છું I sow seeds. (આઇ સો સીડ્સ)

હું લુગડું સીવું છું I sew a cloth. (આઇ સો એ ક્લૉથ)

તેનો મુખ્ય હક હતો His right was sole. (હીઝ રાઇટ વોઝ સોલ)

દેહમાં આત્મા છે There is soul in the body. (ધેર ઇઝ સોલ ઇન ધ બૉડી)

મારી આંખ દુઃખવા આવી છે I suffer from eye-sore. (આઇ સફર ફ્રોમ આઇ સોર)

તે ઉંચો ચઢ્યો He soared in the sky. (હી સોર્ડ ઇન ધી સ્કાય)

હું ખીંટીપર લુગડાં મુકું છું I hung my clothes on stake. (આઈ હન્ગ માય ક્લોથ્સ ઓન સ્ટેક)

આ તપાવેલા માંસની પેટી છે This is a steak. (ધીસ ઇઝ એ સ્ટેક)

તેઓ તાકીને જુએ છે They stare. (ધે સ્ટેર)

હું મેડાપર છું I am on the upstair. (આઇ એમ ઓન ધ અપસ્ટેર)

આ ગજવેલ છે This is steel. (ધીસ ઇઝ સ્ટીલ)

તેઓ ચોરી જાય છે They steal. (ધે સ્ટીલ)

તમારૂં પગલું ટુંકું છે Your step is short. (યોર સ્ટેપ ઇઝ શૉર્ટ)

આ ઘોડો હું વેચું છું I sell this horse. (આઇ સેલ ધીસ હૉર્સ)

આ ભોંયરૂં ઉંડું છે This cell is deep. (ધીસ સેલ ઇઝ ડીપ)

મેં તેને મોકલ્યો છે I have sent him. (આઇ હેવ સેન્ટ હીમ)

મને ગુલાબની સુગંધ આવે છે I scent a rose. (આઇ સેન્ટ એ રોઝ)

મેં આ ફેંક્યું છે I have thrown this. (આઇ હેવ થ્રોન ધીસ)

દડો ફેંકો Throw the ball. (થ્રો ધી બૉલ)

મારા પેટમાં દુઃખે છે I have pain in my stomach. (આઇ હેવ પેઇન ઇન માય સ્ટમક)

આ બહુ સારૂં છે This is too good. (ધીસ ઇઝ ટુ ગુડ)
મારે બે પગ છે I have two feet. (આઇ હેવ ટુ ફીટ)
આ દારૂનું પીપ મોટું છે This tub of wine is very big. (ધીસ ટબ ઑફ વાઇન ઇઝ વેરી બીગ)
૨૦ હંડ્રવેટનો ટન થાય છે Twenty hundreweights make one ton. (ટ્વેન્ટી હંડ્રવેટસ મેઇક વન ટન)
હું આ ચોપડી વાપરૂં છું I use this book. (આઇ યુસ ધીસ બુક)
આ ઘેટીઓ દોડે છે These ewes run, (ધીઝ યુસ રન)
લશ્કરનો મોખરો The van of the army. (ધી વેન ઑફ ધ આર્મી)
તું બહુ મગરૂબ છે You are vain. (યુ આર વેઇન)
શરીરની રગોમાં લોહી વહે છે Blood flows through veins. (બ્લડ ફ્લોઝ થ્રુ વેઇન્સ)
આ પથ્થરની ખીણ છે This is a vale of a rock. (ધીસ ઇઝ એ વેલ ઑફ એ રોક)
તેણે પોતાના ચાકરને પૈસા આપ્યા He gave money to his servant. (હી ગેવ મની ટુ હીઝ સર્વન્ટ)
આ તેના કરતાં વધારે સીધું છે This is primmer than that. (ધીસ ઇઝ પ્રાઇમ્મર ધેન ધેટ)
હવે હું પહેલી ચોપડી વાંચવી શરૂ કરૂં છું Now I begin to read primar. (નાઉ આઇ બીગીન ટુ રીડ પ્રાઇમર)
હું તમને ત્યાં આવવાની પ્રાર્થના કરૂં છું I pray you to come there. (આઈ પ્રે યુ ટુ કમ ધેર)

સીંહ શિકારપર રહે છે The lion lives upon his prey.
(ધ લાયન લીવ્ઝ અપોન હીઝ પ્રે)
તે પ્રાર્થના કરે છે He prays. (હી પ્રેઝ)
હું તમારાં વખાણ કરૂં છું I praize you. (આઇ પ્રેઝ યુ)
મારા ઘરમાં ચાર ઘા કાગળ છે I have four quires of paper.
(આઇ હેવ ફોર ક્વાઅર્સ ઓફ પેપર)
ભજૈયાની ટોળી ગાય છે The choir sings. (ધી ક્વાયર સીંગ્ઝ)
હું તમને ઇનામ આપીશ I will give you a prize, (આઇ વીલ ગીવ યુ એ પ્રાઇઝ)
તે ચુપકીથી જુએ છે He spies. (હી સ્પાઇઝ)
આ રસ્તો સાંકડો છે This road is narrow. (ધીસ રોડ ઇઝ નૅરો)
આ માછલીનાં ઈંડાં મુએલાં છે These roes are dead. (ધીસ રોઝ આર ડેડ)
હીંદુસ્તાનના ઘણા રસ્તા હાથ આવ્યા Many roads to India were discovered. (મેની રોડ્ઝ ટુ ઇન્ડીઆ વેર ડીસ્કવર્ડ)
કાગડાની હાર કાળી હોય છે Rows of crows are black.
(રોઝ ઓફ ક્રોઝ આર બ્લેક)
ચાર રૂડનો એક એકર હોય છે Four roods make one acre.
(ફોર રૂડ્ઝ મેઇક વન એકર)
આ લોકો જંગલી છે These people are rude. (ધીસ પીપલ આર રૂડ)
તેણે પોતાના હાથ ઉંચા કર્યા He raised his hands. (હી રેઇઝ્ડ હીઝ હેન્ડ્સ)

સૂર્યના કિરણ પૃથ્વીપર પડે છે The rays of the sun fall upon the earth. (ધ રેઝ ઓફ ધ સન ફૉલ અપોન ધ અર્થ)

તેમણે ચંદેરીના ગઢ જમીનદોસ્ત કર્યો They razed the ramparts of Chandery. (ધે રેઝડ ધ રેમપાર્ટસ ઓફ ચંદેરી)

હું તમને અંતરથી મારીશ I will rap you. (આઈ વીલ રેપ યુ)

તેઓ શરીર ઉપર કાળા કામળા વીંટાળે છે They wrap themselves in black blankets. (ધે રેપ ધેમસેલ્વસ ઇન બ્લેક બ્લેન્કેટસ)

આ પટો કોઇ પાસેથી ખુંચાવી લીધેલો છે This waist-band is rapt from some one. (ધીસ વેસ્ટ-બેન્ડ ઇઝ રેપ્ટ ફ્રોમ સમ વન)

તેઓએ તેના માથામાં ટકોરો માર્યો They rapped him in his head. (ધ રેપ્ડ હીમ ઇન હીઝ હેડ)

તેઓએ ડાળા પહેર્યા They wrapped themselves in twigs. (ધે રેપ્ડ ધેમસેલ્વસ ઇન ટવીગ્સ)

મારી પાસે બરૂની કલમ છે I have a reed-pen. (આઇ હેવ એ રીડ-પેન)

હું વાંચું છું I read. (આઇ રીડ)

આ રાતો રંગ છે This is a red paint. (ધીસ ઇઝ એ રેડ પેઇન્ટ)

તેણે વાંચ્યું છે He has read. (હી હેઝ રેડ)
મારે ફરવા જવાની ટેવ છે I have a practice of taking a walk. (આઇ હેવ એ પ્રેક્ટીસ ઓફ ટેકીંગ એ વૉક)
ફરવા જવાની ટેવ પાડો Practice to take a walk. (પ્રેક્ટીસ ટુ ટેઇક એ વૉક)
હું ત્યાં આવત I would come there. (આઇ વુડ કમ ધેર)
બળદને ધુસરે બાંધો Tie the oxen to the yoke. (ટાઈ ધ ઑક્સન ટુ ધ યોક)
ઈંડામાં પીળો માવો હોય છે There is yellow substance in eggs. (ધેર ઇઝ યલો સબસ્ટન્સ ઇન ઍગ્ઝ)
યુ ઝાડ યુરોપમાં છે Yew is found in Europe. (યુ ઇઝ ફાઉન્ડ ઇન યુરોપ)
આ તમારી ચોપડી છે This is your book. (ધીસ ઇઝ યોર બુક)
મારી પાસે લોટવો છે I have an ewer. (આઇ હેવ એન યોર)
તમે મુર્ખ લાગો છો You seem to be a fool. (યુ સીમ ટુ બી એ ફુલ)
શેતરંજમાં દોરાની સીટીઓ હોય છે Chess contains seams. (ચેસ કન્ટેઇન્સ સીમ્સ)
દુનિયામાં ઘણા સમુદ્ર છે There are many seas in the world. (ધેર આર મેની સીઝ ઇન ધ વર્લ્ડ)
તે બારીકાઇથી જુએ છે He sees minutely. (હી સીઝ માઇન્યુટલી)

વાઘો શિકાર પોતાનો પકડે છે Tigers seize their prey. (ટાઇગર્સ સીઝ ધેર પ્રે)

તેઓ તેને જુએ છે They see him. (ધે સી હીમ)

દરિયામાંથી મોતી જડે છે Pearls are found out from a sea (પર્લ્સ આર ફાઉન્ડ આઉટ ફ્રૉમ એ સી)

મેં બાગ જોયો છે I have seen the park. (આઇ હૅવ સીન ધી પાર્ક)

આ દેખાવ રળીઆમણો છે This is a charming scene. (ધીસ ઇઝ આ ચાર્મીંગ સીન)

આ જાળમાં લોટની ગોળીઓ છે There are small balls of flour in this net. (ધેર આર સ્મોલ બૅલ્સ ઑફ ફ્લોર ઇન ધીસ નેટ)

આ ઓરડી પહોળી છે This room is broad. (ધીસ રૂમ ઇઝ બ્રોડ)

મને બહુ ટાઢ વાય છે I feel too much cold. (આઇ ફીલ ટુ મચ કોલ્ડ)

ઝાડનાં મુળ ઉંડાં હોય છે Roots of trees are deep. (રૂટસ ઑફ ટ્રીઝ આર ડીપ)

ગુલાબ સુગંધીદાર હોય છે Rose is fragrant. (રોઝ ઇઝ ફ્રેગરન્ટ)

ખારવો મછવો ચલાવે છે The sailor rows a boat. (ધ સેઇલર રોઝ એ બોટ)

આ છોકરાએ શબ્દો ગોખી કાઢ્યા This boy rote the words. (ધીસ બૉય રોટ ધ વર્ડ્ઝ)

મેં પાઠ લખ્યો I wrote the lesson. (આઇ રોટ ધી લેસન)

આ ફળો કોહી જશે These fruits will rot away. (ધીઝ ફ્રુટસ વીલ રૉટ અવે)

તેણે ઘણું કામ કર્યું He wroght very hard. (હી રોટ વેરી હાર્ડ)

તમે આ ધનુસ્યને વાળો Wild this bow. (વીલ્ડ ધીસ બો)

આજે ટાઢો પવન છે There is cold weather to-day. (ધેર ઇઝ કોલ્ડ વેધર ટુ ડે)

તે આવશે કે નહિ તે જાણુતો નથી I do not know whether he will come or not. (આઇ ડુ નૉટ નો વેધર હી વીલ કમ ઓર નૉટ)

મહીનાનાં ચાર અઠવાડીઆં હોય છે Four weeks make a month. (ફોર વીક્સ મેઇક એ મન્થ)

હું નબળો છું I am weak. (આઇ એમ વીક)

તેઓ જીત્યા They won. (ધે વન)

એક ચોપડી લાવો Bring one book. (બ્રીંગ વન બુક)

તે જંગલમાં રહે છે He lives in the wood. (હી લીવ્ઝ ઇન ધ વુડ)

તેને જરા ધક્કો લાગ્યો He suffered a slight stroke. (હી સફર્ડ એ સ્લાઇટ સ્ટ્રોક)

ચંદ્રની કળા વધે છે અને ઘટે છે The moon wakes and wanes. (ધ મુન વેઇકસ એન્ડ વેઇન્સ)

આ ગાડું ભાગેલું છે This wain is broken. (ધીસ વેઇન ઇઝ બ્રોકન)

તમે પૈસા ગુમાવો છો You waste money. (યુ વેસ્ટ મની)

સ્રીની કેડ પાતળી હોય છે Waist of a lady is thin. (વેસ્ટ ઓફ એ લેડી ઇઝ થીન)

તેઓ મારી રાહ જુએ છે They wait for me. (ધે વેઇટ ફોર મી)

આ ભાર બહુ ભારે છે This weight is very heavy. (ધીસ વેઇટ ઇઝ વેરી હેવી)

મારી દુકાનમાં થોડો સામાન છે There is little ware in my shop. (ધેર ઇઝ લીટલ વેર ઇન માય શૉપ)

કુવાના પથરા દોરડાથી ઘસાય છે Stones of wells wear away by ropes. (સ્ટોન્સ ઓફ વેલ્સ વેર અવે બાય રોપ્સ)

દરિયાનું મોજું The wave of the sea. (ધી વેવ ઓફ ધ સી)

આ રસ્તે જાઓ Go by this way. (ગો બાય ધીસ વે)

આ સોનું જોખો Weigh this gold. (વે ધીસ ગોલ્ડ)

વાઘો વનમાં રહે છે Tigers live in a wood. (ટાઇગર્સ લીવ ઇન એ વુડ)

અંગ્રેજ લોકો એક અમુક ટોપી પહેરતા The English-men put on ruffs. (ધ ઈંગ્લીશ પુટ ઓન રફ્સ)

મારો કોટ ખડબચડો છે My coat is rough. (માય કોટ ઇઝ રફ)

આ ફુલ કરમાએલું નથી This flower is not sere. (ધીસ ફ્લાવર ઇઝ નોટ સીઅર)

સુતાર મીણુબતીથી મેજના કાણા પુરે છે Carpenter ceres tables (કારપેન્ટર સીઅર્સ ટેબલ્સ)

આ પાણી ચોખું છે This water is sheer. (ધીસ વાટર ઇઝ શીઅર)

આ ઝાડ હું કાપું છું I shear this tree. (આઈ શીઅર ધીસ ટ્રી)

તેણે થોડી ઇશારતો કરી He made some signs. (હી મેઈડ સમ સાઇન્સ)

મારી પાસે તારો સિક્કો છે I have a signet. (આઇ હેવ એ સીગ્નેટ)

નાના હંસ મોતી ખાય છે Ciggnets eat pearls. (સીગ્નેટસ ઇટ પર્લ્સ)

હું પાણીમાં ડુબું છુ I sink in the water. (આઇ સીંક ઇન ધ વોટર)

મેં આવો કબરી પહાડ કદી જોયો નહોતો I never saw such a sion before. (આઇ નેવર સા સચ એ સાયન બીફોર)

મેં ગુલાબની કલમ વાવી છે I have planted a graft of rose. (આઈ હેવ પ્લેન્ટેડ એ ગ્રેફ્ટ ઓફ રોઝ)

તેનું કદ મોટું હતું Its size was big. (ઈટ સાઇઝ વાઝ બીગ)

તેણે ઘણા નીસાસા મુકયા He cried with deep sighs. (હી ક્રાઇડ વીથ ડીપ સાઇઝ)

તેની ખોપરી તુટી ગઇ His skull was broken. (હીઝ સ્કલ વોઝ બ્રોકન)

આ નદીમાં નાના મછવા છે There are sculls in this river. (ધેર આર સ્કલ્સ ઇન ધીસ રીવર)

વાંદરાની પુંછડી લાંબી હોય છે Tail of a monkey is long. (ટેઇલ ઓફ એ મન્કી ઇઝ લોંગ)

મારા ખેતરમાં ઘણુ જડીઆં છે There are many tares in my field. (ધેર આર મેની ટેર્સ ઇન માય ફીલ્ડ)

હું ચોપડી ફાડી નાખીશ I will tear the book. (આઇ વીલ ટેર ધી બુક)

આ પાકીટ બાંધનાર તમે છો You are a tiey of this pocket. (યુ આર એ ટાઇ ઓફ ધીસ પોકિટ)

તમે આંસુ કેમ પાડો છો ? Why do you shed tears ? (વાઇ ડુ યુ શેડ ટીઅર્સ ?)

આ છોકરા મને ચીડવે છે These boys tease me. (ધીસ (બૉયસ ટીઝ મી)

ચાહ ઘણી જાતની હોય છે There are many sort of teas. (ધેર આર મેની સૉર્ટ ઓફ ટીઝ)

આ કુતરી ઘણીવાર વીયાય છે This bitch teems many a time. (ધીસ બીચ ટીમ્સ મેની એ ટાઇમ)

આ જોસરૂં મોટું છે This team is large. (ધીસ ટીમ ઇઝ લાર્જ)

ત્યાં જાઓ Go there. (ગો ધર)

તેમનાં ઘર અહીં છે Their houses are here. (ધેર હાઉસીસ આર હીઅર)

તેણે દડો ફેંક્યો He threw the ball. (હી થ્રુ ધ બાલ)

આ ગલીમાંથી જાઓ Go through this lane. (ગો થ્રુ ધીસ લેન)

તે ગાદીપર બેઠો He sat on the throne. (હી સેટ ઓન ધ થ્રોન)

હું ચાર ટકે રૂપીઆ લાવ્યો I borrowed money at four percent. (આઇ બોરોઙ મની એટ ફોર પરસેન્ટ)

આ ઢબ હું ચાહું છું I like this style. (આઇ લાઇક ધીસ સ્ટાઇલ)

બાબલમાંડપની સામુદ્રધુની અરબસ્તાનમા છે There is a strait of Babalmandap in Arabia. (ધેર ઇઝ એ સ્ટ્રેટ ઓફ બાબલમાંડપ ઇન અરેબીઆ)

નિશાળેથી સીધા ઘેર જાઓ Go straight home from school. (ગો સ્ટ્રેટ હોમ ફ્રામ સ્કુલ)

આ રકમનો સરવાળો કરો Sum up this term. (સમ અપ ધીસ ટર્મ)

મારી પાસે કેટલીક ચોપડીઓ છે I have some books. (આઇ હેવ સમ બુક્સ)

સવારમાં સૂર્ય ઉગે છે The sun rises in the morning. (ધ સન રાઇઝીસ ઇન ધ મૉર્નીંગ)

મારે બે છોકરા છે I have two sons. (આઇ હેવ ટુ સન્સ)

લશ્કરમાં હું ખોરાક વેચું છું I am a sutler. (આઇ એમ એ સટલર)

આ છોકરું પેલા કરતાં વધારે ખુંધું છે This boy is subtler than that. (ધીસ બૉય ઇઝ સટલર ધેન ધેટ)

આ કેરી બહુ મીઠી છે This mango is very sweet. (ધીસ મેંગો ઇઝ વેરી સ્વીટ)

તમારો પરિવાર બહોળો છે Your progeny is wide. (યોર પ્રોજની ઇઝ વાઇડ)

આ ઝીણા ખીલા તીણા છે These spikes are sharp. (ધીઝ સ્પાઇક્સ આર શાર્પ)

હું બે રૂપીઆ કર ભરૂં છું I pay a tax of two rupees. (આઇ પે એ ટૅક્ષ ઓફ ટુ રૂપીઝ)

હું એક વાત તમને કહીશ I will tell you a tale. (આઇ વીલ ટેલ યુ એ ટેઇલ)

મુલાકાતને લગતાં વાક્યો.

ઠોકે છે Knocks (નોક્સ)
ગૃહસ્થ Gentleman (જેન્ટલમેન)
એકલો Alone (એલોન)
સુખી Happy (હેપી)
ખુશી Glad (ગ્લેડ)
મળવું Meet (મીટ)
પછી After (આફ્ટર)

સલામ Compliments (કોમ્પલીમેન્ટસ)
ભૂલવું Fail (ફેઇલ)
ભોગવવું Enjoy (એનજોય)
તબીઅત Health (હેલ્થ)
હવા,ઋતુ Climate (ક્લાઇમેટ)
શહેર Country (કન્ટ્રી)

પણ Also (ઓલસો)
છોકરો,પોયરો Boy (બોય)
ખુરશી Chair (ચેર)
મહેનત Trouble (ટ્રબલ)
બેઠક Seat (સીટ)
બાજુ Side (સાઇડ)
પસંદ કરવું Prefer (પ્રીફર
ઉભા રહેવાને To stand (ટુ સ્ટેન્ડ)
બધાં Whole (હૉલ)
કુટુંબ Family (ફેમીલી)
સારી પેઠે Well (વૅલ)
કાકા Uncle (અંકલ)
આશિર્વાદ Kind wishes (કાઇન્ડ વીશીસ)
ધણીઆણી Mrs. (મીસીસ)
પોતાનું ગુજરાન ચલાવે છે Gets her living (ગેટસ હર લીવીંગ)
સીવીને By sewing (બાય સોઇંગ)
હાજર Present (પ્રેઝન્ટ)
દુવા Respects (રીસ્પેકટસ)
ગાડીવાન Coachman (કોચમેન)
હાંકવું Drive (ડ્રાઇવ)
આસ્તે Slow (સ્લો)

સહવું Agree (એગ્રી)
ખબર News (ન્યુસ)
કાંઇ નથી None (નન)
પ્યાલુ Cup (કપ)
ચા Tea (ટી)
ગલાસ Glass (ગ્લાસ)
દારૂ Wine (વાઇન)
હોટલ, વીશી Hotel (હોટલ)
રહેવું Stay (સ્ટે)
ઉતરવું Put up (પુટ અપ)
રહે છે Reside (રીસાઇડ)
થોડાં A few (એ ફ્યુ)
ઠેકાણું Address (ઍડ્રેસ)
છુટા પડવું Part (પાર્ટ)
ઉતાવળ Hurry (હરી)
ખાસું કામ Pressing business (પ્રેસીંગ બીઝનેસ)
ટુંકી Short (શૉર્ટ)
ભાડું Hire (હાયર)
મુલાકાત Visit (વીઝીટ)
પછડયું Agreed (એગ્રીડ)
કબુલ કરવું Accept (એકસેપ્ટ)
માંગવું Demand (ડીમાન્ડ)
પુરતું Sufficient (સફીશીયન્ટ)
આના Annas (એનાઝ)

જુઓ, બારણું કોણ ઠોકે છે? See, who knocks the door? (શી, હુ નોક્સ ધી ડોર ?)

જુઓ, ત્યાં કોણ હતું ? See, who was there? (શી, હુ વોઝ ધેર ?)

કોઇ ગૃહસ્થ મને મળવા માંગે છે A gentleman wishes to see me. (એ જેન્ટલમેન ઉવીશીસ ટુ શી મી)

તેને કહો અંદર આવે Tell him to come in. (ટેલ હીમ ટુ કમ ઇન)

હું એકલોજ છું I am alone. (આઇ એમ એલોન)

ભલે આવ્યા, સાહેબ Welcome, sir. (ઉવેલકમ, સર)

હું તમને મળવાથી ખુશી છું I happy to see you. (આઇ એમ હેપી ટુ શી યુ)

હું તમને મળવાથી ઘણો ખુશી છું I am very glad to meet you. (આઇ એમ વેરી ગ્લેડ ટુ મીટ યુ)

મેં તમને ઘણે દહાડે જોયા I saw you after a long time. (આઇ સૉ યુ આફ્ટર આ લૉંગ ટાઇમ)

તમે કેમ છો ? How do you do? (હાઉ ડુ યુ ડુ)

સારી પેઠે Very well. (વેરી ઉવેલ)

હું આશા રાખું છું જે તમે પણ સારી પેઠે હશો I hope you also are well. (આઇ હોપ યુ ઓલસો આર ઉવેલ)

હા, ઉપકાર થશે Yes, thank you. (યસ, થેન્ક યુ)

હું તમને જોઇને ઘણો ખુશી છું I am very glad to see you. (આઇ એમ વેરી ગ્લેડ ટુ સી યુ)

છોકરા, એક ખુરશી લાવ Boy, bring a chair. (બોય, બ્રીંગ એ ચેર)

આ ગૃહસ્થને ખુરશી આપો Give this gentleman a chair. (ગીવ ધીસ જેન્ટલમેન આ ચેર)

તમે પોતે મેહેનત ના કરો Do not trouble yourself. (ડુ નૉટ ટ્રબલ યૉરસેલ્ફ)

ખુરશી લઇને ત્યાં બેસો Take a chair and sit down there. (ટેઇક આ ચેર એન્ડ સીટ ડાઉન ધેર)

મહેરબાની કરીને ત્યાં બેસો Please take your seat there. (પ્લીઝ ટેઇક યૉર સીટ ધેર)

મહેરબાની કરીને બેસો Please sit down. (પ્લીઝ સીટ ડાઉન)

મારી પાસે બેસો Sit by my side. (સીટ બાય માય સાઇડ)

હું ઉભો રહેવાનું પસંદ કરૂં છું I prefer to stand. (આઈ પ્રીફર ટુ સ્ટેન્ડ)

ગઈ કાલે હું તમને મળવા આવ્યો હતો I had come to meet you yesterday. (આઈ હેડ કમ ટુ મીટ યુ યસ્ટરડે)

તમે ક્યારે આવ્યા ? When did you arrive ? (વ્હેન ડીડ યુ એરાઇવ ?)

ગઇ કાલે સાંજના Yesterday evening. (યસ્ટરડે ઇવનીંગ)

તમે એકલાજ આવ્યા કે ? Have you come alone ? (હેવ યુ કમ એલોન ?)

તમે કોની સાથે આવ્યા ? With whom did you come ? (ઉવીથ હુમ ડીડ યુ કમ)

હું મારાં બધાં કુટુંબ સાથે આવ્યો છું I have come with my whole family. (આઇ હૅવ કમ ઉવીથ માય હોલ ફેમીલી)

સાહેબજી, તમારી પોતાની સંભાળ લેજો Good bye, take care of yourself. (ગુડ બાય, ટેઇક કેર ઓફ યોરસેલ્ફ)

ગાડીવાન, મને કોલાબે હાંકી જા Coachman, drive me to Colaba. (કોચમેન ડ્રાઇવ મી ટુ કોલાબા)

જલદી હાંક Drive fast. (ડ્રાઇવ ફાસ્ટ)

આસ્તે હાંક Drive slow. (ડ્રાઇવ સ્લો)

ગાડીમાંથી પેલી વસ્તુઓ બહાર લાવો Bring out those things from the carriage. (બ્રીંગ આઉટ ધોઝ થીંગ્ઝ ફ્રોમ ધી કેરેજ)

તેઓને ઉપર લઇ જાઓ Take them up-stairs. (ટેઇક ધૅમ અપ-સ્ટેર્સ)

પેટી સંભાળો Take care of the trunk. (ટેઇક કેર ઓફ ધી ટ્રન્ક)

ગાડીવાળાને ભાડું આપો Pay the hire to the driver. (પે ધી હાયર ટુ ધી ડ્રાઇવર)

તમે એને શું આપવાનું નક્કી કર્યું છે ? What have you agreed to pay him ? (વોટ હેવ યુ એગ્રીડ ટુ પે હીમ)

મેં તેને અરધો રૂપીઓ પધરાવો છે I have agreed to pay him half a rupee. (આઈ હેવ એગ્રીડ ટુ પે હીમ હાફ એ રૂપી)

તે નથી લેતો He does not accept it. (હી ડઝ નોટ એક્સેપ્ટ ઇટ)

તે શું માગે છે ? What does he demand ? (વ્હોટ ડઝ હી ડીમાન્ડ ?)

તે એક રૂપીઓ માગે છે He demands a rupee. (હી ડીમાન્ડઝ આ રૂપી)

નહિ, અરધો રૂપીઓ પુરતો છે No, half a rupee is quite sufficient. (નો, હાફ આ રૂપી ઇઝ ક્વાઇટ સફીશીઅન્ટ)

આ રૂપીઆનું પરચુરણ લાવો Bring change of this rupee. (બ્રીંગ ચેન્જ ઓફ ધીસ રૂપી)

તેને દશ આના આપો Pay him ten annas. (પે હીમ ટેન એનાઝ)

એને કહો કે જાઓ Tell him to go away. (ટેલ હીમ ટુ ગો અવે)

તમે મને કહી શકશો કે તે કયાં રહે છે ? Can you tell me where he lives? (કેન યુ ટેલ મી વ્હેર હી લીવ્ઝ ?)

મારી સાથે આવો, હું તમને ત્યાં લઇ જાઉં Come with me, I will take you there. (કમ વીથ મી, આઇ વીલ ટેઇક યુ ધેર)

માફ કરજો, હું પોતે જઇશ Thank you, I will go myself. થેંન્ક યુ, આઇ વીલ ગો માયસેલ્ફ)

હવે મારે તમારાથી છુટા પડવું જોઇએ I must part from you now. (આઇ મસ્ટ પાર્ટ ફ્રોમ યુ નાઉ)

તમે ઘણી ઉતાવળમાં છો You are in a great hurry. (યુ આર ઇન આ ગ્રેટ હરી)

મને ઘણું કામ છે I have a pressing business. (આઇ હેવ એ પ્રેસીંગ બીઝનેસ)

પાંચ વાગને મને રોકાણ છે I have an engagement at five o'clock- (આઇ હેવ ઍન ઍન્ગેજમેન્ટ ઍટ ફાઇવ ઓ'ક્લૉક)

એક ગાડી મગાવો Send for a carriage (સેન્ડ ફોર આ કેરેજ)

તે તૈયાર છે It is ready. (ઇટ ઇઝ રેડી)

આ વસ્તુઓ ગાડીમાં નાખો Put these things in the carriage. (પુટ ધીસ થીંગ્સ ઇન ધી કેરેજ)

આ ટુકી મુલાકાત માટે અમે તમારો ઉપકાર માનીએ છીએ We thank you for this short visit. (ઉવી થેન્ક યુ ફોર ધીસ શોર્ટ વીઝીટ)

ઘેર બધાને મારી સલામ કહેજો Present my compliments to all at home. (પ્રેઝન્ટ માય કૉમ્પ્લીમેન્ટસ ટુ ઓલ એટ હોમ)

તમારી માને મારા પ્રણામ કહેજો Present my rsspects to your mother. (પ્રેઝન્ટ માય રીસ્પેક્ટસ ટુ યોર મધર)

તમારા બાપને મારી ઘણી ઘણી સલામ કહેજો Give my best compliments to your father. (ગીવ માય બૅસ્ટ કૉમ્પ્લીમેન્ટસ ટુ યોર ફાધર)

આ દેશની હવા તમને માફક આવે છે કે ? Does the climate of this country agree with you ? (ડઝ ધી કલાઇમેટ ઓફ ધીસ કન્ટ્રી એગ્રી ઉવીથ યુ ?)

સુરતની હવા મને શક્તી નથી The climate of Surat does not agree with me. (ધી કલાઇમેટ ઓફ સુરત ડઝ નૉટ એગ્રી ઉવીથ મી)

બીજી શું ખબર ? What other news. (ઉવાટ અધર ન્યુઝ ?)

કાંઇ જાણવા જોગ નથી None worth mentioning. (નન ઉવર્થ મેન્શનીંગ)

એક પ્યાલુ ચા પીશો ? Will yow take a cup of tea ? (ઉવીલ યુ ટેઇક આ કપ ઓફ ટી ?)

નહિ, માફ કરો No, thank you. (નો, થેન્ક યુ)

તમે કઇ હોટલમાં રહો છો ? In which hotel do you stay ? (ઇન ઉવીચ હોટેલ ડુ યુ સ્ટે ?)

